૨૦૩ વર્ષ

દૈનિક

સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 5 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ પૌષ સુદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 January 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20

સોમવાર, ૬ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



## સમજદારી દેખાડજો જ

Lake તો આખી દુનિયામાં જોવા મળશે, પણ Antelope Canyon, Zion National Park, Bryce Canyon, Horseshoe Bend તો ફક્ત URVI TOURS ની USA ટુરમાજ જોવા મળશે...

SAN FRANCISCO | LOS ANGELES
UTAH | LAS VEGAS | NIAGARA |
WASHINGTON D.C |
NEW YORK | ORLANDO

## URVI TOURS ની વિશેષતાઓ

1. ANTELOPE CANYON.
2. BRYCE CANYON NATIONAL PARK.
3. ZION NATIONAL PARK.
4. DAVID COPPERFIELD MAGIC SHOW IN LAS VEGAS.
5. THE SPHERE IN LAS VEGAS.
6. THE EDGE IN NEW YORK.
7. SUMMIT VANDERBILT IN NEW YORK.
8. STAY IN SAN FRANCISCO DOWNTOWN.
9. STAY IN PARIS HOTEL IN CENTRE OF LAS VEGAS STRIP.
10. ONE NIGHT STAY AT FREMONT STREET IN LAS VEGAS.

**DEPARTURES DATES OF 2025:**

APR : 19 | MAY : 3, 17 (SOLD OUT) 31 | JUNE : 14, 28

JITEN DHAROD +91 98191 33199

NAYAN SONI +91 97570 25247

DHIREN RUPARELIA +91 99305 49258

URVI LUXURY DESTINATION PVT. LTD.

*Where U & V meet to create memories.*

ADDRESS:1/A.PALM VIEW BUILDING.L.N.ROAD,
NR .SWAMINARAYAN MANDIR,OPP.VIDYALANKAR CLASSES,
DADAR(E), MUMBAI- 400014.

CONTACT:+919892720353
info@uldestination.com | www.uldestination.com



દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 5 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ સુદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 January 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
સોમવાર, ૬ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારતના 'દુશ્મન' સોરોસને અમેરિકાનો સર્વોચ્ચ મુલકી અવૉર્ડ



**અવૉર્ડઃ** અમેરિકાના પ્રમુખ જો બાઈડન પાસેથી અમેરિકાનો સર્વોચ્ચ મુલકી અવૉર્ડ મેળવતા ભૂતપૂર્વ વિદેશ પ્રધાન હિલેરી ક્લિન્ટન. ભારત અને નરેન્દ્ર મોદીના વિરોધી જ્યોર્જ સોરોસ સહિત ૧૯ જણને આ અવૉર્ડ એનાયત કરાયા હતા. (એપી / પીટીઆઇ)

## પ્રમુખ જો બાઇડને વિવિધ ક્ષેત્રના ૧૯ જણનું સન્માન કર્યું

વૉશિંગ્ટનઃ ભારત અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિરોધી જ્યોર્જ સોરોસ સહિત ૧૯ જણનું અમેરિકા સહિત વિશ્વના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપવા બદલ અમેરિકાનો સર્વોચ્ચ મુલકી અવૉર્ડ - પ્રેસિડેન્શિયલ મેડલ ઑફ ફ્રીડમ - આપીને સન્માન કરાયું હતું.

આ અવૉર્ડ મેળવનારા ૧૯ જણમાં અમેરિકાનાં ભૂતપૂર્વ વિદેશપ્રધાન હિલેરી ક્લિન્ટન, ફૂટબૉલ ખેલાડી લિયોનેલ મેસી, અભિનેતા ડેન્ઝલ વૉશિંગ્ટનનો પણ સમાવેશ થાય છે.

અમેરિકાના વિદાય લઇ રહેલા પ્રમુખ જો બાઇડને અમેરિકાના સર્વોચ્ચ મુલકી અવૉર્ડ એનાયત કર્યા હતા.

'ભારત દ્વારા કાશ્મીરમાં અત્યાચાર કરાય છે', એવા વિવાદાસ્પદ નિવેદન કરનારા અને ભારતને અસ્થિર કરવાના પ્રયાસમાં સંડાવાયેલા હોવાનું કહેવાતા વિવાદાસ્પદ જ્યોર્જ સોરોસને અમેરિકાનો સર્વોચ્ચ મુલકી અવૉર્ડ અપાયો છે. તેઓ ભારતના કૉંગ્રેસ પક્ષ સહિતના વિપક્ષની સાથે સાઠગાંઠ ધરાવતા હોવાનો આરોપ પણ છે.

૯૪ વર્ષીય જ્યોર્જ સોરોસ થોડા સમય પહેલાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વિરુદ્ધ જાહેરમાં ઘણું બોલ્યા હતા.

ભાજપે આક્ષેપ કર્યો હતો કે સોરોસે ભારતની ચૂંટણીમાં દખલગીરી કરવા પ્રયાસ કર્યો હતો.

આર્જેન્ટિનાનો ફૂટબૉલ ખેલાડી લિયોનેસ મેસી અમેરિકાના પ્રમુખના હસ્તે સર્વોચ્ચ અવૉર્ડ મેળવવા વાઇટ હાઉસમાં હાજર રહી નહોતો શક્યો.

જો બાઇડને વાઇટ હાઉસના 'ઇસ્ટ રૂમ' ખાતે યોજાયેલા ભવ્ય સમારંભમાં જણાવ્યું હતું કે હું પ્રમુખ તરીકે પ્રથમ વખત દેશના સર્વોચ્ચ મુલકી પુરસ્કાર એનાયત કરી રહ્યો છું. આ અવૉર્ડ મેળવનારા લોકો ખરેખર 'અસામાન્ય મહાન' છે.

ભૂતપૂર્વ પ્રમુખ બિલ ક્લિન્ટન, અનેક હાલના અને ભૂતપૂર્વ પ્રધાનો અને ઉચ્ચ અધિકારીઓ શનિવારે બપોરે વાઇટ હાઉસમાં યોજાયેલા આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

હિલેરી ક્લિન્ટન જ્યારે આ અવૉર્ડ લેવા ગયા ત્યારે બધાએ ઊભા થઇને તાળી પાડીને તેમને વધાવી લીધાં હતાં.

જેન ગુડઓલ, એના વિન્ટૂર, રાલ્ફ લોરેન, જ્યોર્જ સ્ટીવન્સ જૂનિયર, ટિમ ગિલ, વિજ્ઞાની બિલ નયે, ડેવિડ રુબેન્સ્ટીનનું પણ અમેરિકાના આ સર્વોચ્ચ મુલકી અવૉર્ડથી સન્માન કરાયું હતું. (એજન્સી) ■

## મિઝોરમ-મ્યાનમાર સરહદ પર કેન્દ્રના નિર્દેશ બાદ સુરક્ષામાં વધારો

આઇઝોલઃ કેન્દ્રના નિર્દેશને પગલે ૫૧૦ કિમી લાંબી મિઝોરમ-મ્યાનમાર સરહદ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે અને વાડ વિનાની આંતરરાષ્ટ્રીય સરહદની બંને બાજુ ૧૦ કિમીની ત્રિજ્યામાં રહેતા લોકોની અવરજવરને નિયંત્રિત કરવામાં આવી છે.

આ માહિતી એક અધિકારીએ આપી હતી. સરહદની બંને બાજુ ૧૦ કિમીની ત્રિજ્યામાં રહેતા બંને દેશોના રહેવાસીઓને હવે એકબીજાને મળવા માટે બોર્ડર પાસની જરૂર પડશે. તેમણે જણાવ્યું કે મ્યાનમાર અને ભારતીય નાગરિકોને એકબીજાના દેશોની મુલાકાત લેવા માટે સાત દિવસ માટે માન્ય બોર્ડર પાસ આપવામાં આવી રહ્યા છે. તેઓને આંતરરાષ્ટ્રીય સરહદની બંને બાજુ ૧૦ કિમીની પ્રાદેશિક મર્યાદામાં રહે છે તેની ખાતરી કરતા દસ્તાવેજો રજૂ કર્યા બાદ આ પાસ આપવામાં આવે છે. તેમણે કહ્યું કે ગૃહ મંત્રાલય (એમએચએ) દ્વારા જારી કરાયેલ આદેશ અને નવા દિશાનિર્દેશોના આધારે ૩૧ ડિસેમ્બરથી કેટલાક પ્રવેશ અને બહાર નીકળવાનાં સ્થળો પર રાજ્ય પોલીસ, આસામ રાઇફલ્સ અને આરોગ્ય અધિકારીઓ દ્વારા પહેલ કરવામાં આવી છે. મિઝોરમના છ જિલ્લાઓ- ચંફઇ, સિયાહા, લોંગટલાઇ, હનાથિયાલ, સૈતુલ અને સેરછિપ- મ્યાનમારના ચીન રાજ્ય સાથે ૫૧૦ કિમી લાંબી સરહદમાં હિસ્સો ધરાવે છે. ૨૪ ડિસેમ્બરે ગૃહ મંત્રાલયે એક નવો પ્રોટોકલ જારી કર્યો હતો, જેમાં ફ્રી મૂવમેન્ટ રેજીમ(એફએમઆર) હેઠળ લોકોની અવરજવર પરની મર્યાદા અગાઉના ૧૬ કિમીથી ઘટાડીને વર્તમાન ૧૦ કિમી કરી હતી. ■

## થિયેટર નાસભાગ કેસમાં અભિનેતા અલ્લુ અર્જુન પોલીસ સમક્ષ થયો હાજર, હોસ્પિટલ ન જવાનો લીધો નિર્ણય

હૈદરાબાદઃ ફિલ્મ 'પુષ્પા ૨'ના પ્રીમિયર દરમિયાન નાસભાગ દરમિયાન એક મહિલાના મોત મામલે તેલુગુ અભિનેતા અલ્લુ અર્જુન રવિવારે પોલીસ સમક્ષ હાજર થયો હતો. અભિનેતા ચિક્કડપલ્લી પોલીસ સ્ટેશનના એસએચઓ સમક્ષ હાજર થયો હતો અને કોર્ટની ઔપચારિકતા પૂર્ણ કરી અને ત્યાંથી રવાના થયો હતો. આ કેસમાં અલ્લુ અર્જુનને આરોપી નંબર ૧૧ તરીકે ઓળખવામાં આવી રહ્યો છે.આ કેસમાં અલ્લુ અર્જુનને ત્રીજી જાન્યુઆરીએ કોર્ટે નિયમિત જામીન આપ્યા હતા. કોર્ટના નિર્દેશો મુજબ, અભિનેતાએ દર રવિવારે સવારે ૧૦ થી ૧ વાગ્યાની વચ્ચે બે મહિનાના સમયગાળા માટે અથવા ચાર્જશીટ દાખલ ન થાય ત્યાં સુધી તપાસ અધિકારી સમક્ષ હાજર રહેવું પડશે. આ સિવાય કોર્ટે અલ્લુ અર્જુનને કોર્ટને જાણ કર્યા વિના પોતાનું સરનામું ન બદલવાનો નિર્દેશ આપ્યો હતો અને મંજૂરી વિના વિદેશ જવા પર પણ પ્રતિબંધ મૂક્યો હતો. જ્યાં સુધી આ મામલે નિર્ણય ન લેવાય ત્યાં સુધી આ શરતો અમલમાં રહેશે. ૪ ડિસેમ્બરે હૈદરાબાદના સંધ્યા થિયેટરમાં 'પુષ્પા ૨' ના પ્રીમિયર દરમિયાન અભિનેતાની એક ઝલક મેળવવા માટે મોટી સંખ્યામાં ચાહકો એકઠા થયા હતા અને દરમિયાન નાસભાગ થતા એક ૩૫ વર્ષની મહિલાનું મોત થયું હતું અને તેનો આઠ વર્ષનો પુત્ર ઘાયલ થયો હતો. ■

## પોરબંદર કોસ્ટગાર્ડ એર એન્કલેવ પર એએલએચ ધ્રુવ હેલિકોપ્ટર ક્રેશ થતાં બે પાઈલટ સહિત ત્રણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોરબંદરના કોસ્ટગાર્ડ ઍર એન્કલેવ પર એએલએચ ધ્રુવ હેલિકૉપ્ટર ક્રેશ થતાં બે પાઇલટ સહિત ૩ લોકોનાં મોત નીપજ્યાં હતાં. હેલિકૉપ્ટર ક્રેશ થયા બાદ જોરદાર વિસ્ફોટ થતાં ભયંકર આગ લાગી હતી. રેસ્ક્યૂ ટીમે આગ હોલવવા માટે તાત્કાલિક કામગીરી શરૂ કરી હતી. ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક ધોરણે ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.



**દુર્ઘટનાઃ** ગુજરાતના પોરબંદર વિમાનમથકે રવિવારે ઉતરાણ વખતે તૂટી પડેલું ભારતીય તટરક્ષક દળનું હેલિકૉપ્ટર. આ દુર્ઘટનામાં ત્રણ જણ માર્યાં ગયાં હતાં. (પીટીઆઇ)

પ્રાપ્ત માહિતી પ્રમાણે પોરબંદરના કોસ્ટગાર્ડ ઍર એન્કલેવ પર હેલિકૉપ્ટર ક્રેશ થયું હતું. આ હેલિકૉપ્ટર ક્રેશ થતાં વિસ્ફોટ થયો હતો. હેલિકૉપ્ટરમાં સવાર બે પાઇલટ સહિત એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. પોરબંદરના પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યુ છે કે, હેલિકૉપ્ટરમાં બે પાઇલટ સહિત ત્રણ જવાન હતા. આ ઘટનામાં ત્રણેયનાં મોત થયાં છે. આ ઘટના બપોરે ૧૨:૧૦ વાગ્યાની આસપાસ બની હતી. કમલા બાગ પોલીસ સ્ટેશનના પીઆઈ રાજેશ કાનમિયાએ મીડિયાને જણાવ્યુ હતું કે, ત્રણ ક્રૂ સભ્યો ગંભીર રીતે દાઝી ગયેલી હાલતમાં પોરબંદરની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેઓ સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા હતા.

પોરબંદરના દરિયામાં ૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન કોસ્ટગાર્ડનું હેલિકૉપ્ટર ક્રેશ થયું હતું. જેમાં ભારતીય કોસ્ટગાર્ડના ત્રણ જવાનો શહીદ થયા હતા. જેમા પાઇલટ રાકેશકુમાર રાણાનો મૃતદેહ દરિયામાં લાપતા થયો હતો. એક માસ બાદ વીર જવાનના શરીરના અવશેષો દરિયામાંથી મળ્યા હતા. પોરબંદરથી ૪૫ નોટિકલ માઇલ દૂર દરિયામાં ૦૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ની મોડી રાત્રિના હરિલીલા જહાજમાં બચાવ રાહત કામગીરી માટે ગયેલું કોસ્ટગાર્ડનું હલિકૉપ્ટર ક્રેશ થતાં ત્રણ જવાનો શહીદ થયા હતા. ■

## વડા પ્રધાન મોદીએ કર્યું નમો ભારત કોરિડોરનું ઉદ્ઘાટનઃ બાળકો સાથે ટ્રેનમાં સવારી કરી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે નમો ભારત ટ્રેનના સાહિબાબાદ-ન્યૂ અશોક નગરના ૧૩ કિલોમીટર લાંબા સેક્શનનું ઉદ્ઘાટન કર્યું હતું. હવે આ ૧૩ કિલોમીટરના સેક્શનના ઉમેરા સાથે દિલ્હી અને મેરઠ વચ્ચેની મુસાફરી વધુ ઝડપી અને સરળ બની જશે. ઉદ્ઘાટન દરમિયાન પીએમ મોદીને નમો ભારત ટ્રેનનું મોડલ પણ બતાવવામાં આવ્યું હતું. આરઆરટીના દિલ્હી વિભાગના ઉદ્ઘાટન સાથે જ દિલ્હીને તેનો પહેલો નમો ભારત કોરિડોર મળ્યો છે. રવિવારે સાંજે પાંચ વાગ્યાથી આ સેક્શન પર મુસાફરો માટે કામગીરી શરૂ કરવામાં આવશે. મુસાફરો ન્યૂ અશોક નગર (દિલ્હી) અને મેરઠ દક્ષિણ (યુપી) વચ્ચેનું ૫૫ કિમીનું અંતર માત્ર ૪૦ મિનિટમાં પૂર્ણ કરી શકશે.

ખાસ વાત તો એ હતી કે વડા પ્રધાને સાહિબાબાદ સ્ટેશનથી ન્યૂ અશોક નગર સ્ટેશન સુધી નમો ભારત ટ્રેનમાં મુસાફરી પણ કરી હતી. આ પ્રવાસ દરમિયાન વડા પ્રધાને બાળકો અને લોકો સાથે મુલાકાત કરી હતી અને વાતચીત પણ કરી હતી. દરમિયાન બાળકોએ તેમને એક પેઇન્ટિંગ ભેટમાં આપી હતી. એક છોકરીએ પીએમ મોદીને હિન્દીમાં કવિતા સંભળાવી. દેશના વડા પ્રધાનને મળવાનો અને જોવાનો આનંદ બાળકોના ચહેરા પર સ્પષ્ટ દેખાતો હતો.

આરઆરટીએસના દિલ્હી વિભાગના ઉદ્ઘાટન સાથે, દિલ્હીને તેની પ્રથમ નમો ભારત કનેક્ટિવિટી મળી. ન્યૂ અશોક નગર અને મેરઠ દક્ષિણ વચ્ચે ૧૧ સ્ટેશન છે અને તે ૫૫ કિમી લાંબો આરઆરટીએસ કોરિડોર છે. મળતી માહિતી મુજબ અહીં દર ૧૫ મિનિટે લોકોને ટ્રેન ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ નમો ભારત ટ્રેનની કેટલીક ખાસ વિશિષ્ટતાઓ છે. આમાં મહિલાઓ માટે અલગ આરક્ષિત કોચ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત વૃદ્ધો, મહિલાઓ અને અપંગ લોકો માટે તમામ કોચમાં અનામત બેઠકો પણ રાખવામાં આવી છે. ટ્રેનની અંદર જ વ્હીલચેર અને સ્ટ્રેચરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પ્લેટફોર્મ સ્ક્રીન દરવાજા પર અને કોચની અંદર ઈમરજન્સી પેનિક બટન આપવામાં આવ્યું છે. મુસાફરોએ ન્યૂ અશોક નગર સ્ટેશનથી મેરઠ દક્ષિણ સ્ટેશન સુધી સ્ટાન્ડર્ડ કોચ માટે ૧૫૦ રૂપિયા અને પ્રીમિયમ કોચ માટે ૨૨૫ રૂપિયા ભાડું ચૂકવવું પડશે. સત્તાવાર માહિતી અનુસાર, દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠ નમો ભારત કોરિડોરના આ ભાગના નિર્માણનો ખર્ચ લગભગ ૪,૬૦૦ કરોડ રૂપિયા છે. દિલ્હી અને મેરઠ વચ્ચેની મુસાફરી દરમિયાન લાખો



**નવી ટ્રેનઃ** દિલ્હી - ગાઝિયાબાદ - મેરઠ નમો ભારત કોરિડોરમાં દિલ્હીના સાહિબાબાદ અને ન્યૂ અશોકનગર વચ્ચેની નવી ટ્રેનમાં મુસાફરો સાથે વાત કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (પીટીઆઇ)

મુસાફરોને સારી ઝડપ, સરળ અને આરામદાયક મુસાફરીની સાથે સારી સલામતી અને વિશ્વસનીયતાનો લાભ મળશે. ગયા વર્ષે ૨૦ ઓક્ટોબરના રોજ પીએમ મોદીએ સાહિબાબાદ અને દુહાઈ ડેપો વચ્ચે ૧૭ કિલોમીટરના પ્રાથમિક વિભાગનું ઉદ્ઘાટન કર્યું હતું.

પીએમ મોદીએ અંદાજે રૂ. ૧૨૦૦ કરોડના ખર્ચે દિલ્હી મેટ્રો ફેઝ-૪ના જનકપુરી અને કૃષ્ણા પાર્ક વચ્ચેના ૨.૮ કિલોમીટરના સ્ટ્રેચનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. આ દિલ્હી મેટ્રોના તબક્કા-ઈંટનો પ્રથમ વિભાગ છે, જેનું ઉદ્ઘાટન દિલ્હી મેટ્રો નેટવર્કને વધુ વિસ્તાર કરશે. આ ઉપરાંત પીએમ મોદીએ દિલ્હીના રોહિણીમાં સેન્ટ્રલ આયુર્વેદ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની નવી ઇમારતનો શિલાન્યાસ પણ કર્યો હતો. આ ઇમારત આરોગ્યના ક્ષેત્રમાં અત્યાધુનિક સુવિધાઓ પૂરી પાડશે. આ ઇમારતમાં ઓપીડી, આઇપીડી અને ટ્રીટમેન્ટ બ્લોક જેવી સુવિધાઓ રાખવામાં આવશે. ■

## અમેરિકામાં બરફના તોફાનની આગાહી, છ કરોડ લોકો થશે પ્રભાવિત, એલર્ટ જાહેર

વોશિંગ્ટન : અમેરિકામાં લોકો કડકડતી ઠંડીનો સામનો કરી રહ્યા છે. સમગ્ર અમેરિકામાં ઠંડીએ હાહાકાર મચાવી દીધો છે. આ દરમિયાન હવામાન વિભાગે અમેરિકનોને સાવચેત રહેવાની સલાહ આપી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બરફનું તોફાન આવી રહ્યું છે. જેના કારણે અમેરિકાના ૧,૩૦૦ માઈલ વિસ્તારમાં ખતરનાક હિમવર્ષા, વરસાદ અને ભારે પવન સાથે તોફાનની સંભાવના છે. હવામાન વિભાગ અનુસાર, આર્કટિકની આસપાસ ફરતી ઠંડી હવાનું ધ્રુવીય વમળ આ ગંભીર હવામાન પરિસ્થિતિઓનું કારણ છે. અમેરિકાના રહેણાંક વિસ્તારો અને વાહનવ્યવહાર માર્ગો પર ભારે હિમવર્ષા અને ઠંડા પવનથી લોકો પરેશાનીમાં છે. હવામાન વિભાગે એલર્ટ જાહેર કર્યું છે. દેશના ઉત્તર-પશ્ચિમમાં રોકી પર્વતોમાં સ્થિત મોન્ટાનાથી મેરીલેન્ડ, ડેલાવેર અને વર્જિનિયાના દરિયાકાંઠાનાં રાજ્યોમાં શિયાળુ તોફાનની ચેતવણી જાહેર કરવામાં આવી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વાવાઝોડાને કારણે રસ્તાઓ પર ભારે બરફ જામી શકે છે. આ સિવાય વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં વીજળી ડુલ થઈ શકે છે. હવામાન વિભાગે લોકોને સતર્ક રહેવાની સલાહ આપી છે.નેશનલ વેધર સર્વિસ અનુસાર, આ શક્તિશાળી તોફાન મધ્ય અમેરિકામાં શરૂ થયું છે અને આગામી થોડા દિવસોમાં પૂર્વ તરફ આગળ વધશે. આ તોફાનથી છ કરોડથી વધુ લોકો પ્રભાવિત થઈ શકે છે.

યુ.એસ. હવામાન ખાતાએ પશ્ચિમી કેન્સાસથી મેરીલેન્ડ, ડેલવેર અને વર્જિનિયાના દરિયાકાંઠાનાં રાજ્યોમાં શિયાળુ તોફાનની ચેતવણી આપી છે, જે ૧,૫૦૦ માઇલ (૨,૪૦૦ કિલોમીટર)ના વિસ્તારને તાત્કાલિક જોખમમાં મૂકે છે. નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશને કહ્યું કે અમેરિકાના ઘણા વિસ્તારોમાં એક દાયકામાં સૌથી મોટી હિમવર્ષા અને તોફાન જોવા મળી શકે છે. ■

## ઇસરોએ અંતરિક્ષમાં ઉગાડ્યા બીજ; પહેલા જ પ્રયાસે મળી સફળતા

નવી દિલ્હીઃ ઇંડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન ઇસરોએ તેના નામ પર વધુ એક ઉપલબ્ધિ હાંસલ કરી છે. ઇસરોને અંતરીક્ષમાં બીજ ઉગાડવાના પ્રયોગમાં મોટી સફળતા મળી છે. ઇસરોએ જણાવ્યું છે કે ચાર દિવસમાં અવકાશયાન પીએસએલવી-સી૬૦ના પીઓઇએમ-ફોર પ્લેટફોર્મ પર બીજ અંકુરિત થયા છે. ટૂંક સમયમાં પાંદડા નીકળવાની પણ અપેક્ષા છે.

ઈસરોના જણાવ્યા અનુસાર આ પરીક્ષણ માટે કોમ્પેક્ટ રિસર્ચ મોડ્યુલ ફોર ઓર્બિટલ પ્લાન્ટ સ્ટડીઝ સીઆરઓપીએસ હેઠળ કુલ આઠ બીજ અવકાશમાં મોકલવામાં આવ્યા હતા. આ પરીક્ષણ વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરે કર્યું છે. ઉલ્લેખનીય છે કે પીએસએલવી-સી૬૦ મિશનએ ૩૦ ડિસેમ્બરે બે સ્પેસએક્સ ઉપગ્રહોને અવકાશમાં મૂક્યા હતા.

ઇસરો સ્પેસ ડોકિંગ એક્સપેરિમેન્ટ પર ચેઝર સેટેલાઇટનો સેલ્ફી વીડિયો ટ્વિટર પર શેર કર્યો છે. વૈજ્ઞાનિકોએ અવકાશમાં બીજને અંકુરિત કરવા માટેની સંપૂર્ણ વ્યવસ્થા કરી હતી. આ માટે કેમેરા ઇમેજિંગ, ઓક્સિજન, કાર્બન ડાયોક્સાઇડ, તાપમાન અને જમીનમાં ભેજનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. બધું સંતુલિત રાખવામાં આવ્યું હતું. વૈજ્ઞાનિકો ટેસ્ટ સંબંધિત ડેટાનું વિશ્લેષણ કરી રહ્યા છે. ઈસરોએ કહ્યું, અવકાશમાં બીજ અંકુરિત કરવાનો હેતુ પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં છોડના વિકાસની પદ્ધતિઓ વિશે માહિતી મેળવવાનો છે. તેનાં પરિણામોનું લાંબા ગાળામાં વિશ્લેષણ કરવામાં આવશે અને આગળની વ્યૂહરચના તૈયાર કરવામાં આવશે. ■

## કાશ્મીર ખીણમાં રાત્રિના તાપમાનમાં ઘટાડોઃ કોકરનાગ માઇનસ ૮.૧ ડિગ્રી સાથે સૌથી ઠંડું

શ્રીનગરઃ કાશ્મીર ખીણમાં રાત્રિના તાપમાનમાં ભારે ઘટાડો નોંધાયો હતો. દક્ષિણ કાશ્મીરના કોકરનાગમાં લઘુતમ તાપમાન માઇનસ ૮.૧ ડિગ્રી સેલ્સિયસથી નીચે નોંધાતાં સૌથી ઠંડું સ્થળ રહ્યું હતું. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર શ્રીનગરમાં તાપમાનનો પારો માઇનસ ૨.૫ ડિગ્રીથી નીચે પહોંચ્યો હતો. ઉત્તર કાશ્મીરમાં સ્કીઇંગ માટે પ્રખ્યાત પ્રવાસી રિસોર્ટ શહેર ગુલમર્ગમાં લઘુતમ તાપમાન માઇનસ ૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દક્ષિણ કાશ્મીરમાં અમરનાથ યાત્રાના બેઝ કેમ્પ પહેલગામમાં લઘુતમ તાપમાન માઇનસ ૩.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. કાશ્મીરના પ્રવેશદ્વાર કાઝીગુંડમાં લઘુતમ તાપમાન માઇનસ ૩.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે પમ્પોર શહેરમાં કોનીબલમાં લઘુતમ તાપમાન માઇનસ ૩.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

ઉત્તર કાશ્મીરના કુપવાડામાં રાત્રિનું તાપમાન માઇનસ ૨.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે દક્ષિણ કાશ્મીરના કોકરનાગમાં લઘુતમ તાપમાન માઇનસ ૮.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ખીણમાં અત્યાર સુધીનું સૌથી ઠંડું સ્થળ રહ્યું હતું. ■

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ડૉ. રાજગોપાલ ચિદમ્બરમ કોણ હતા એ ખબર છે?

ભારતના ટોચના વિજ્ઞાની ડૉ. રાજગોપાલ ચિદમ્બરમનું શનિવારે વહેલી સવારે નિધન થયું એ સાથે જ ભારતના એક વધુ મહાન સપૂત અને અનસંગ હીરોએ કાયમ માટે આપણી વચ્ચેથી વિદાય લીધી. પરમાણુ ઊર્જા પંચના ભૂતપૂર્વ વડા ડૉ. રાજગોપાલ ચિદમ્બરમ છેલ્લા કેટલાક સમયથી બીમાર હતા અને મુંબઈની જસલોક હૉસ્પિટલમાં દાખલ હતા. છેવટે મુંબઈની જસલોક હૉસ્પિટલમાં જ શનિવારે સવારે ૩.૨૦ વાગ્યે અંતિમ શ્વાસ લીધા અને કાયમ માટે આંખો મીંચી દીધી.

ડૉ. ચિદમ્બરમની વિદાય ભારતના ઇતિહાસના એક સુવર્ણ પ્રકરણ સાથે જોડાયેલા મહાન પાત્રની વિદાય છે. આ સુવર્ણ પ્રકરણ ૧૯૭૪માં પોખરણમાં કરાયેલું પરમાણુ પરીક્ષણ છે કે જેણે આ દેશને સાચા અર્થમાં મહાસત્તા બનાવી. ડૉ. રાજગોપાલ ચિદમ્બરમ આ પરમાણુ પરીક્ષણનાં મુખ્ય પાત્રોમાં એક હતા. ડૉ. ચિદમ્બરમે તો ૧૯૭૫ પછી ૧૯૯૮ના પરમાણુ પરીક્ષણમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી એ જોતાં એ તો બે મહાન ઘટનાઓ સાથે જોડાયેલા હતા.

ભારતે ૧૮ મે ૧૯૭૪ના રોજ પ્રથમ સફળ પરમાણુ હથિયાર પરીક્ષણ કરીને આખી દુનિયાને સ્તબ્ધ કરી દીધી હતી. એ વખતે નહીં પણ આજે પણ પરમાણુ બૉમ્બ બનાવવો એ નાનીમાના ખેલ નથી ત્યારે અંગ્રેજોની ગુલામીમાંથી ૨૭ વર્ષ પહેલાં જ આઝાદ થયેલું ભારત પરમાણુ બૉમ્બ બનાવી શકે એવું કોઈ વિચારી પણ શકતું નહોતું. એ વખતે રાજસ્થાનમાં ભારતીય સેનાની પોખરણ ટેસ્ટ રેન્જમાં પરમાણુ બૉમ્બનો વિસ્ફોટ કરવામાં આવ્યો તેના પડઘા આખી દુનિયામાં પડ્યા હતા. પોખરણમાં ફોડાયેલો એ બૉમ્બ ડૉ. રાજા રામન્નાની આગેવાની હેઠળના ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર (BARC)ના વૈજ્ઞાનિકો દ્વારા બનાવવામાં આવ્યો હતો.

આજે અબૂધ અને ગમાર નેતાઓ અને તેમના ભક્તજનો નહેરુ-ગાંધી ખાનદાને આ દેશ માટે શું કર્યું એવો સવાલ કરે છે. અત્યારે ભારતનો દુનિયામાં જબરદસ્ત વટ છે એવી ફિશિયારીઓ મરાય છે ને બીજી તરફ બાંગ્લાદેશમાં હિંદુઓની કત્લેઆમ થાય છે એ અંગે એક હરફ નીકળતો નથી ત્યારે મર્દાની ઈન્દિરા ગાંધીએ અમેરિકા અને દુનિયાના બધા દાદા ગણાતા દેશોની ઐસીતૈસી કરીને વટભેર પરમાણુ પરીક્ષણ કરાવેલું. જેને જે તોડવું હોય એ તોડી લે. આ પરમાણુ કાર્યક્રમની શરૂઆત પાછી જવાહરલાલ નહેરુએ કરાવેલી.

આ દેશ પરમાણુ મહાસત્તા બન્યો ને દુનિયાનો બીજો કોઈ દેશ તેની સામે આંખ ઉઠાવીને જોવાની હિંમત પણ ના કરી શકે એવી તાકાત ઊભી કરી એ નહેરુ-ગાંધી ખાનદાનનું યોગદાન છે. બાકી અત્યાર સુધીમાં પાકિસ્તાને પાંચ વાર હુમલા કરી નાખ્યા હોત ને ચીને આપણને ક્યારનુંય રગદોળી નાખ્યું હોત.

ભારતમાં મીડિયાના એક વર્ગે ભારતના પરમાણુ કાર્યક્રમના પ્રણેતા ડૉ. એપીજે અબ્દુલ કલામ હોય એવું ચિત્ર ઊભું કર્યું. ડૉ. કલામનું પરમાણુ કાર્યક્રમમાં યોગદાન નહોતું એવું નથી, પણ ડૉ. કલામની ભૂમિકા બહુ નાની હતી અને મર્યાદિત હતી. ભારતે પરમાણુ પરીક્ષણ કર્યું એ પ્રોજેક્ટ અત્યંત ગુપ્ત રખાયેલો ને તેમાં ૭૫ વિજ્ઞાની સામેલ હતા. ડૉ. કલામ આ ૭૫ વિજ્ઞાનીમાંથી એક હતા, પણ આ ટીમ કામે લાગી તેના બહુ પહેલાં ભારત માટે પરમાણુ શસ્ત્રો વિકસાવવાનો પ્રોજેક્ટ શરૂ કરી દેવાયો હતો.

હોમી ભાભા અને વિક્રમ સારાભાઈ એ બે મહાન ગુજરાતીઓ ઉપરાંત રાજા રામન્ના, હોમી શેઠના, પી.કે. આયંગર, મહાદેવ શ્રીનિવાસન વગેરે વિજ્ઞાનીઓ વરસો પહેલાંથી આ પ્રોજેક્ટને પાર પાડવા કામે લાગેલા હતા ને તેમની સાથે ડૉ. રાજગોપાલ ચિદમ્બરમ કામ કરતા હતા. ડૉ. રાજગોપાલ ચિદમ્બરમની ભૂમિકા અત્યંત મહત્ત્વની હતી કેમ કે, ડૉ. ચંદ્રશેખરે પ્લુટોનિયમનો ઉપયોગ કરીને પરમાણુ બૉમ્બ બનાવી શકાય છે એ સફળ સંશોધન કરનારી ટીમનું નેતૃત્વ કરેલું. એ રીતે ડૉ. ચિદમ્બરમ પરમાણુ કાર્યક્રમને સફળ બનાવનારા ૫ લીડરમાંથી એક હતા.

ભારતને પરમાણુ મહાસત્તા બનાવવાના વિચારનું શ્રેય નિઃશંકપણે પારસી બાવા ડૉ. હોમી ભાભાને જાય છે અને તેમના વિચારને સાકાર કરવામાં ટાટા ગ્રુપે તન,મન, ધનથી મદદ કરી. ભારતના પરમાણુ કાર્યક્રમની ઉત્પત્તિ ૧૯૪૫માં હોમી ભાભાએ ટાટા જૂથની સહાયથી ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફંડામેન્ટલ રિસર્ચની સ્થાપના કરી ત્યારે થઈ.

આઝાદી પછી જવાહરલાલ નહેરુની સરકારે ૧૫ એપ્રિલ ૧૯૪૮ના રોજ અણુ ઊર્જા અધિનિયમ પસાર કરીને ભારતીય અણુ ઊર્જા આયોગ (IAEC)ની સ્થાપના કરીને ડૉ. હોમી ભાભાને પરમાણુ સંશોધનમાં આગળ વધવાની છૂટ આપેલી. તેના ભાગરૂપે ૧૯૫૪માં ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી (DAE) ની સ્થાપના કરવામાં આવી હતી, નહેરુ સરકારે એ પછીનાં વર્ષોમાં સંરક્ષણ માટે તોતિંગ રકમ ફાળવી હતી. ડૉ. હોમી ભાભાની ટીમે ૧૯૫૬માં અપ્સરા (APSARA) પરમાણુ રિએક્ટર ટ્રોમ્બે ખાતે કાર્યરત કર્યું કે જે એશિયાનું પહેલું ઓપરેટિંગ રિએક્ટર હતું.

ભાભા આક્રમક રીતે પરમાણુ શસ્ત્રો માટે લોબિંગ કરતા અને જાહેર ભાષણો આપતા. નહેરુનો તેમને પૂરો ટેકો હતો પણ ૧૯૬૪માં નેહરૂના અવસાનથી કાર્યક્રમ ધીમો પડી ગયો હતો. લાલ બહાદુર શાસ્ત્રીએ વિક્રમ સારાભાઈને પરમાણુ કાર્યક્રમના વડા બનાવીને પરમાણુ બૉમ્બના બદલે શાંતિપૂર્ણ હેતુ માટે કામ કરવા કહેલું તેથી વિજ્ઞાનીઓમાં નિરાશા હતી, પણ ભાભાએ પોતાની રીતે કામ ચાલુ રાખેલું. ૧૯૬૬માં પહેલાં શાસ્ત્રી ને પછી હોમી ભાભા પણ રહસ્યમય રીતે ગુજરી ગયા પછી પરમાણુ કાર્યક્રમના ભાવિ વિશે શંકા હતી, પણ ઈન્દિરા ગાંધીએ વડા પ્રધાન બનતાં જ બધી શંકાઓ દૂર થઈ ગઈ.

ઈન્દિરાએ રાજા રામન્નાને બૉમ્બની ડિઝાઈનમાં આગળ વધવા કહ્યું તેથી પરમાણુ શસ્ત્રો બનાવવાનું કામ પૂરજોશમાં ચાલુ થયું. ઈન્દિરાએ કેમિકલ એન્જિનિયર હોમી સેઠનાને પ્લુટોનિયમ ડેવલપમેન્ટનો હવાલો સોંપીને પરમાણુ બૉમ્બ બનાવવા કહ્યું. રામન્નાએ પી.કે. આયંગર અને વિક્રમ સારાભાઈ સાથે મળીને યુરેનિયમના બદલે પ્લુટોનિયમ આધારિત બૉમ્બ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ૧૯૬૯ સુધીમાં એક પરમાણુ બૉમ્બ બનાવવા જેટલું પ્લુટોનિયમ એકઠું કરી લેવાયું પછી તેના શુદ્ધીકરણનું કામ આર. ચિદમ્બરમને સોંપાયેલું. એ રીતે ડૉ. ચિદમ્બરમની ભૂમિકા અત્યંત મહત્ત્વની હતી.

ડૉ. ચિદમ્બરમના યોગદાન વિશે બહુ લખાયું નહીં. આપણે ત્યાં બાવાઓ પૂજાય, પણ આવા મહાન લોકોને પૂજવાની પરંપરા નથી તેથી કોઈને તેમના વિશે બહુ ખબર જ નથી, ખેર, ડૉ. ચિદમ્બરમ તેનાથી અલિપ્ત રહીને આ દેશને મહાન બનાવવા માટે કામ કરતા રહ્યા.

ડૉ. ચિદમ્બરમ વરસો લગી પરમાણુ કાર્યક્રમ સાથે સંકળાયેલા રહ્યા પછી ૨૦૦૨માં દેશના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર બન્યા હતા. ભારતની સાયબર સુરક્ષા અને હાર્ડવેર સુરક્ષા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આગળ વધારવામાં તેમણે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. સોસાયટી ફોર ઈલેક્ટ્રૉનિક ટ્રાન્ઝેક્શન્સ એન્ડ સિક્યોરિટી (SETS) દ્વારા ગ્રામીણ સમુદાયોને સશક્ત બનાવનાર ગ્રામીણ ટેક્નોલૉજી એક્શન ગ્રુપ (RuTAG) જેવી પહેલ કરીને ગામડાંને જોડ્યાં. નેશનલ નૉલેજ નેટવર્ક (NKN) દ્વારા દેશભરની શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓને જોડીને 'ઍક્સેસ ટુ નૉલેજ'ની પહેલ કરી.

ડૉ. ચિદમ્બરમનું યોગદાન એ રીતે બહુ મોટું છે, પણ આ દેશના લોકોની યાદદાસ્ત બહુ ટૂંકી છે તેથી એ કોઈને યાદ ના રહ્યા. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ,
સોમવાર, તા. ૬-૧-૨૦૨૫

- ભારતીય દિનાંક ૧૬, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ સુદ - ૭
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ સુદ-૭
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૭મો રજજ બ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૭મો, માહે ૭મો રજજ બ, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા રાત્રે ક. ૧૯-૦૫ સુધી, પછી રેવતી.
- ચંદ્ર મીનમાં • ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૪ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૩, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૭, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ •
ભરતી : સાંજે ક. ૧૬-૪૪, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૪૭ (તા. ૭)
ઓટઃ સવારે ક. ૧૦-૩૮, રાત્રે ક. ૨૨-૨૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ શુક્લ - સપ્તમી. શાકંભરી નવરાત્રિ પ્રારંભ, ગુરુ ગોવિંદસિંહજી જયંતી, પંચક, ભદ્રા સાંજે ક. ૧૮-૨૩ થી મધ્યરાત્રિ પછી ક. ૨૯-૨૫.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ અહિર્બુધ્ન્ય, ધ્રુવદેવતાનું પૂજન, ચંદ્ર-શનિ ગ્રહદેવતાનું પૂજન, લીમડો વાવવો, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, ધજા, કળશ-પતાકા ચઢાવવી, પ્રયાણ મધ્યમ, નિત્ય થતાં દુકાન-નોકરી વેપારના કામકાજ, નવા વસ્રો, આભૂષણ, બાળકને અન્નપ્રાશન, નામકરણ - દેવદર્શન, મિલકત લેવડદેવડ, ધાન્ય ભરવું, બી વાવવું, ખેતીવાડી, નવી તિજોરીની સ્થાપના.
- આચમનઃ બુધ-નેપ્ચૂન ચતુષ્કોણ ઉતાવળિયા, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ આળસુ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ બુધ-નેપ્ચૂન સ્કવેર, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ (તા. ૭).
- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# ભાજપ દિલ્હીમાંનો ભ્રષ્ટાચાર નાબૂદ કરશેઃ મોદીની બાંયધરી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જણાવ્યું હતું કે દિલ્હીમાં આમ આદમી પક્ષ (આપ) સરકાર ભ્રષ્ટાચાર કરી રહી છે અને જો ભાજપ દિલ્હીમાં સત્તા પર આવશે તો ભ્રષ્ટાચાર નાબૂદ કરશે તેમ જ હાલમાં ચાલતી બધી જનકલ્યાણ યોજના ચાલુ રાખશે.

મોદીએ રોહિણી વિસ્તારમાં જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે 'આપ'ની સરકાર કેન્દ્રની સાથે ખોટી રીતે લડીને સમય અને શક્તિ બરબાદ કરી રહી છે. તેને સત્તા પરથી દૂર કરાશે ત્યારે જ અમારી ડબલ-એન્જિનની સરકાર દિલ્હીમાં સરખી રીતે વિકાસ કાર્ય કરી શકશે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે કેન્દ્ર દ્વારા દિલ્હીમાં ધોરીમાર્ગો વિકસાવાયા છે, મેટ્રો નેટવર્કને વિસ્તારવામાં આવ્યું છે, 'નમો ભારત રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ' શરૂ કરાઇ રહી છે અને મોટી હૉસ્પિટલોનું સંચાલન કરાય છે, પરંતુ તમને મેટ્રોમાંથી ખાડાવાળા રસ્તા, ગંદકી જોવા મળે છે. ટ્રાફિક જૅમ થઇ જતો હોવાથી રિક્ષા અને ટેક્સીના ડ્રાઇવરો ઘણી વખત મુસાફરોને લઇ જવાની ના પાડે છે.

તેમણે જણાવ્યું હતું કે દિલ્હીની સ્થિતિ છેલ્લા એક દાયકા દરમિયાન બગડી છે. લોકો હવે દિલ્હીની 'આપ' સરકારને સત્તામાંથી દૂર કરવા માગે છે. (એજન્સી) ■

# ઑસ્ટ્રિયાના વચગાળાના નેતા બન્યા ક્રિસ્ચન સ્ટોકર

વિયેનાઃ ઓસ્ટ્રિયન પીપલ્સ પાર્ટીએ પોતાના મહામંત્રી ક્રિસ્ચન સ્ટોકરને વચગાળાના નેતા બનાવ્યા છે.

ચાન્સેલર કાર્લ નેહેમરના રાજીનામાને પગલે નવા નેતાની પસંદગી કરાઇ હતી.

ક્રિસ્ચન સ્ટોકર એક વકીલ અને ઑસ્ટ્રિયાના સાંસદ છે. તેઓ ૨૦૨૨થી પીપલ્સ પાર્ટીના મહામંત્રી હતા. તેઓ રાજકારણના અનુભવી અને કટોકટીને શાંત પાડવામાં નિષ્ણાત ગણાય છે.

અગાઉ, કાર્લ નેહેમરે સોશિયલ ડેમોક્રેટ્સ સાથેની યુતિ માટેની મંત્રણા નિષ્ફળ જતાં રાજીનામું આપવાનો નિર્ણય લીધો હતો. બાવન વર્ષીય નેહેમર ૨૦૨૧માં ચાન્સેલર અને રૂઢિચુસ્ત પક્ષના નેતા બન્યા હતા. તેમના પુરોગામી સેબાસ્ટિયન કર્ઝે ભ્રષ્ટાચારના આરોપને પગલે રાજીનામું આપ્યું હતું. મોસ્કોએ યુક્રેનમાં ઘૂસણખોરી કરી તે પછી નેહેમર ૨૦૨૨ના એપ્રિલમાં મોસ્કોની મુલાકાત લેનારા યુરોપના સૌપ્રથમ નેતા બન્યા હતા. તેઓ મોસ્કો જતાં પહેલાં યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીને કિવમાં મળ્યા હતા. લિબરલ પાર્ટી એનઇઓએસ કેન્દ્રની યુતિમાંથી નીકળી ગઇ તે પછી ઑસ્ટ્રિયામાં રાજકીય કટોકટી સર્જાઇ હતી. (એજન્સી) ■

# ભારતમાં વિદેશી વિદ્યાર્થીઓ માટે બે ખાસ વિઝા કેટેગરી શરૂ કરાઇ

નવી દિલ્હીઃ ભારત સરકારે પોતાને ત્યાં (ભારતમાં) અભ્યાસ કરવા ઇચ્છતા વિદેશી વિદ્યાર્થીઓ માટે બે ખાસ વિઝા કેટેગરી શરૂ કરી છે.

ભારતના ગૃહ મંત્રાલયે વિદેશી વિદ્યાર્થીઓ માટે 'ઇ-સ્ટુડન્ટ વિઝા' અને 'ઇ-સ્ટુડન્ટ-એક્સ' વિઝા આપવાની જાહેરાત કરી હતી. બધા અરજદાર વિદેશી વિદ્યાર્થીએ ભારતમાં અભ્યાસ માટેના વિઝા મેળવવા માટે 'સ્ટડી ઇન ઇન્ડિયા' પોર્ટલ પરથી અરજી કરવી પડશે.

ઇ-સ્ટુડન્ટ વિઝા 'સ્ટડી ઇન ઇન્ડિયા' પોર્ટલ પર નોંધાયેલા (રજિસ્ટર થયેલા) વિદેશી વિદ્યાર્થીઓને અપાશે, જ્યારે 'ઇ-સ્ટુડન્ટ-એક્સ વિઝા' ભારતમાં અભ્યાસ માટેના 'ઇ-સ્ટુડન્ટ વિઝા'ના ડિપેન્ડન્ટ્સ (આધાર રાખનારા લોકો)ને અપાશે.

'સ્ટડી ઇન ઇન્ડિયા' પોર્ટલ પરથી સ્ટુડન્ટ વિઝા ભારતમાં લાંબા-ગાળાના કે ટૂંકા-ગાળાના કોર્સ માટે અપાશે.

વિદેશી વિદ્યાર્થીઓએ https://indiavisaonline.gov.in/ પરથી જ સ્ટુડન્ટ વિઝાની અરજી કરવાની રહેશે, પરંતુ 'સ્ટડી ઇન ઇન્ડિયા આઇડી' દ્વારા તેની યોગ્યતા તપાસાશે.

ભારતમાં વિદેશી વિદ્યાર્થીઓને કોર્સના સમય-ગાળાને આધારે પાંચ વર્ષ સુધીના સ્ટુડન્ટ વિઝા અપાય છે, પરંતુ તેની મુદત લંબાવી શકાય છે. (એજન્સી) ■

# બિધુરીની જીભ ફરી કચરાઈઃ જીતીશ તો પ્રિયંકાના ગાલ જેવા રોડ બાંધીશ

નવી દિલ્હી : ભાજપના સિનિયર નેતા અને કાલકાજી મતદારક્ષેત્રમાં ભાજપના ઉમેદવાર રમેશ બિધુરી કૉંગ્રેસનાં નેતા પ્રિયંકા ગાંધી અંગે બેહૂદી ટિપ્પણી કરીને વિવાદ સર્જ્યો હતો. તેમણે કહ્યું હતું કે જો હું આવતા મહિનાની દિલ્હી વિધાનસભાની ચૂંટણી જીતીશ તો મારા મતદારક્ષેત્રના રોડને કૉંગ્રેસનાં નેતા પ્રિયંકા ગાંધીના ગાલ જેવા સુવાળાં બનાવીશ.

તેમની ટિપ્પણી અને કૉંગ્રેસે કરેલા પ્રહારો પર બિધુરીએ કોઈ પ્રત્યાઘાત આપ્યા નથી.

સોશિયલ મીડિયામાં વાઈરલ થયેલા વીડિયોમાં બિધુરી એમ કહેતા સંભળાય છે કે હું તમને ખાતરી આપું છુ કે અમે ઓખલા અને સંગમ વિહારમાં રોડ બનાવ્યા એમ કાલકાજીના બધા રોડ પ્રિયંકા ગાંધીના ગાલ જેવા બનાવીશું.

કૉંગ્રેસનાં કાલકાજીના ઉમેદવાર અને મહિલા કૉંગ્રેસનાં પ્રમુખ અલકા લામ્બાએ બિધુરીની ટીકા કરી હતી અને તેમના પર 'કાયમની અભદ્ર ભાષા' વડે મહિલાનું અપમાન કરવાનો આક્ષેપ કર્યો હતો.

અલકાએ અક્સ પર લખ્યું હતું કે કાલકાજીના લોકોને એવા માણસ મળ્યા છે જે સંસદની ગરીમા કે મહિલાની ગરીમા જાળવતા નથી.

લામ્બાએ બિધુરીને તેમના નિવેદન બદલ જાહેરમાં માફી માગવા કહ્યું હતું . લામ્બાએ ભાજપના સિનિયર નેતાઓને આ અંગે તેમનું વલણ સ્પષ્ટ કરવાનું જણાવ્યું હતું. મહિલા કૉંગ્રેસે લાંબાની આગેવાનીમાં બિધુરીની નનામી બાળી હતી. બિધુરી તેમનાં વિવાદાસ્પદ નિવેદનો માટે જાણીતા છે. તેમણે લોકસભાના સત્રમાં બસપાના સંસદસભ્ય દાનિશ અલીની કોમ અંગે અણછાજતી ટિપ્પણી કરી હતી જેની વ્યાપક ટીકા થઈ હતી. (એજન્સી) ■

# છત્તીસગઢમાં અથડામણઃ ચાર નક્સલવાદી અને એક પોલીસનાં મોત

દંતેવાડા : છત્તીસગઢના બસ્તરમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં ચાર નક્સલવાદીઓ માર્યા ગયાં હતાં, એવી માહિતી પોલીસના સિનિયર અધિકારીએ આપી હતી. જિલ્લા રિઝર્વ ગાર્ડ (ડીઆરજી)નો એક હેડ કોન્સ્ટેબલ પણ અથડામણમાં માર્યો ગયો હતો. શનિવારે સાંજે નારાયણપુર અને દંતેવાડાની સરહદે આવેલા દક્ષિણ અબુજહમાદના જંગલમાં સુરક્ષા દળની સંયુક્ત ટીમ નક્સલવાદી વિરોધી ઓપરેશન કરી રહી હતી ત્યારે આ અથડામણ થઈ હતી.

શનિવારે રાત્રે સામસામો ગોળીબાર થંભી ગયા બાદ ચાર નક્સલવાદીના મૃતદેહ મળ્યા હતા. ઘટનાસ્થળેથી એકે-૪૭ રાઈફલ ને સેલ્ફ લોડિંગ રાઈફલ સહિતનાં હથિયારો પણ મળી આવ્યાં હતાં.

અધિકારીએ કહ્યું હતું કે ગોળીબારમાં ડીઆરજીના હેડ કોન્સ્ટેબલ સન્નુ કદમનું પણ મરણ થયું હતું. ■

# ભારે બરફ પડવાથી ઈંગ્લૅન્ડ અને જર્મનીનું જનજીવન ખોરવાયું

લંડન : ભારે બરફ અને વરસાદ પડવાથી રવિવારે યુરોપમાં અને ખાસ કરીને યુનાઈટેડ કિંગડમ અને જર્મનીમાં જનજીવન ખોરવાઈ ગયું હતું. અનેક મોટાં હવાઈમથકોને ફ્લાઈટ સસ્પેન્ડ કરવી પડી હતી.

રવિવારે પણ યુકેમાં આવું આકરું હવામાન હોવાથી એવી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે જમીનની ૩૦૦ મીટર (૯૮૫ ફૂટ) ઉપર ૪૦ સેન્ટિમીટર (૧૫ ઈંચ)ના બરફના થર જામતાં ખાસ કરીને ઉત્તર ઈંગ્લૅન્ડમાં અનેક ગામડાઓ વિખૂટા પડી ગયાં હતાં.

દેશના વીજળીના નેટવર્ક પર નજર રાખતી નેશનલ ગ્રિડે કહ્યું હતું કે અમે વીજળી ડૂલ થવા બાદ વીજ પુરવઠો ફરી સ્થાપિત કરવા પ્રયત્નશીલ છીએ. કંપનીના લાઈવ મેપમાં મધ્ય ઈંગ્લૅન્ડમાં બર્મિંગહામ, પશ્ચિમમાં બ્રિસ્ટોલ અને વેલ્સમાં કાર્ડિફમાં વીજળી કાપ જોવા મળ્યો હતો.

ખેલકૂદના અનેક ઈવેન્ટો આ અગાઉ મોકૂફ રાખવામાં આવી હતી. જોકે હેવીવેઈટ પ્રીમિયર લીગની લિવરપુલ અને માંચેસ્ટર યુનાઈટેડની મૅચ રમાશે એમ જણાવાયું હતું.

લિવરપુલના જોન લેનોન એરપોર્ટ અને માંચેસ્ટચરના એરપોર્ટમાં રનવે બંધ કરવાની ફરજ પડી હતી. જોકે આ બે હવાઈમથકો રવિવારે સવારે મોડેથી શરૂ થયાં હતાં. લીડ્સ બ્રેડફોર્ડ એરપોર્ટના સત્તાવાળાઓએ કહ્યું હતું કે રવિવારે સવારે અમે હવાઈમથક બંધ કર્યું હતું.

રોડ નેટવર્ક પર પણ માઠી અસર પડી હતી. નાતાલની રજામાંથી ઘરે પાછા ફરી રહેલા અનેક કુટુંબો રઝળી પડ્યા હતા.

સ્થાનિક સત્તાવાળાઓએ અનેક રોડ પહેલેથી જ બંધ કરી દીધા હતા, પરંતુ અટવાયેલા વાહન અને ટક્કરને લીધે બીજે ટ્રાફિક જામ થયો હતો. (એજન્સી) ■

# પ્રવાસી ભારતીય દિવસઃ વડા પ્રધાન આઠમીએ અને રાષ્ટ્રપતિ નવમીએ ભુવનેશ્વર પહોંચશે

ભુવનેશ્વરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ૧૮માં પ્રવાસી ભારતીય દિવસમાં ભાગ લેવા માટે અનુક્રમે આઠમી જાન્યુઆરી અને નવમી જાન્યુઆરીએ ભુવનેશ્વર પહોંચશે. નોંધનીય છે કે ઓડિશામાં પ્રથમ વખત આ દિવસનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ઓડિશાના મુખ્ય સચિવ મનોજ આહુજાએ શનિવારે કાર્યક્રમ માટે રાજ્યની તૈયારીઓની સમીક્ષા કરી હતી. તેમજ સંબંધિત વિભાગોને મહાનુભાવો માટે ખામીરહિત વ્યવસ્થા સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો હતો. સત્તાવાર કાર્યક્રમ અનુસાર વડાપ્રધાન ભારતીય વાયુસેનાના વિશેષ વિમાન દ્વારા આઠ જાન્યુઆરીએ રાત્રે આઠ વાગ્યે આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમથી ભુવનેશ્વર એરપોર્ટ પહોંચશે. તેઓ રાજભવનમાં રાત્રિ રોકાણ કરશે. તેમાં જણાવાયું છે કે વડા પ્રધાન મોદી નવમી જાન્યુઆરીએ સવારે ૧૦ વાગ્યે અહીં જનતા મેદાન ખાતે કાર્યક્રમના ઉદઘાટન સમારોહમાં હાજરી આપશે. તેઓ લગભગ ૧૧-૫૫ વાગ્યે શહેરથી પ્રસ્થાન કરશે.

નિવેદનમાં જણાવાયું છે કે રાષ્ટ્રપતિ મુર્મૂનું વિમાન લગભગ ૪-૩૫ વાગ્યાની આસપાસ પહોંચશે. નિવેદનમાં કહેવાયું છે કે રાષ્ટ્રપતિ મુર્મૂ શુક્રવારે સવારે ૧૧-૪૦ વાગ્યે કાર્યક્રમ સ્થળ પર પહોંચશે. તેઓ કાર્યક્રમ સ્થળે ત્રિનિદાદ અને ટોબેગોના રાષ્ટ્રપતિ ક્રિસ્ટીન કાર્લા કંગાલૂ સાથે મુલાકાત કરશે. સત્તાવાર કાર્યક્રમ મુજબ તેઓ સાંજે ૫-૨૫ વાગ્યે નવી દિલ્હી પરત ફરતા પહેલા કાર્યક્રમના સમાપન સત્ર દરમિયાન પ્રવાસી ભારતીય સન્માન પણ પ્રદાન કરશે. ■

# ઉત્તરાખંડમાં નગરપાલિકાની ચૂંટણી પહેલાં કૉંગ્રેસના વરિષ્ઠ નેતાઓ ભાજપમાં જોડાયા

દેહરાદૂનઃ ઉત્તરાખંડમાં નગરપાલિકાની ચૂંટણીઓ પહેલા કૉંગ્રેસને ઝાટકો આપતા રાજ્ય એકમના ઉપાધ્યક્ષ મથુરા દત્ત જોશી સહિત પાર્ટીના કેટલાક વરિષ્ઠ નેતાઓ ભાજપમાં જોડાયા હતા.

એવું કહેવાઇ રહ્યું છે કે જોશી પાર્ટી હાઇકમાન્ડે પિથોરાગઢમાં મેયર પદ માટે તેમની પત્નીને ટિકિટ આપવાનો ઇન્કાર કરતા નારાજ હતા. ભાજપમાં જોડાનારા અન્ય નેતાઓમાં પૂર્વ પ્રદેશ કૉંગ્રેસ સમિતિ(પીસીસી)ના ઉપાધ્યક્ષ બિટ્ટુ કર્ણાટક અને બે વખતના ભૂતપૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ જગતસિંહ ખાતીનો સમાવેશ થાય છે. મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ મહેન્દ્ર ભટ્ટે શનિવારે અહીં પાર્ટીના પ્રદેશ કાર્યાલય ખાતે નેતાઓનું ભગવા પક્ષમાં સ્વાગત કર્યું હતું.

પક્ષ બદલનારા નેતાઓને મહેનતુ અને સક્ષમ ગણાવતા ધામીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભાજપને તેમની શક્તિ અને અનુભવનો લાભ નગરપાલિકાની ચૂંટણીઓમાં મળશે. મુખ્ય પ્રધાને કહ્યું કે કૉંગ્રેસમાં યોગ્ય અને સારા લોકોની કોઇ કિંમત નથી. ભટ્ટે કહ્યું કે ભાજપ નવા નેતાના સ્વાભિમાનનું ધ્યાન રાખશે. ભાજપમાં જોડાયેલા નેતાઓએ માત્ર એક જ કારણ આપ્યું કે કૉંગ્રેસ પક્ષના સમર્પિત કાર્યકરોને યોગ્ય સન્માન આપી શકતી નથી. જોશીએ જણાવ્યું કે તેઓ ભાજપમાં એટલા માટે જોડાયા છે કારણ કે કૉંગ્રેસમાં પાર્ટીના પ્રામાણિક કાર્યકર્તાઓનું સન્માન થતું નથી. તેમણે કહ્યું હતું કે મેં કૉંગ્રેસમાં પૂરી ઇમાનદારી અને યોગ્યતા સાથે કામ કર્યું, પરંતુ આ બધા માટે કોઇ સન્માન નથી. તેથી જ મેં ભાજપનું સભ્યપદ સ્વીકાર્યું છે. હું જીવનભર સંપૂર્ણ નિષ્ઠા સાથે પાર્ટીની સેવા કરતો રહીશ. નોંધનીય છે કે ઉત્તરાખંડમાં ૨૩ જાન્યુઆરીએ નગરપાલિકાની ચૂંટણીઓ યોજાવાની છે. ■

# વર્ષ ૨૦૪૭ સુધી વિકસિત રાષ્ટ્ર બનાવવું હવે એક સપનું નથી પરંતુ 'નિશ્ચિત લક્ષ્ય' બની ગયું છેઃ ઉપરાષ્ટ્રપતિ

નવી દિલ્હીઃ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે રવિવારે કહ્યું હતું કે ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું વિઝન હવે સપનું નથી પરંતુ ''નિશ્ચિત લક્ષ્ય'' છે. રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ (એનસીસી) ના પ્રજાસત્તાક દિવસ શિબિરના ઔપચારિક ઉદ્ઘાટનના અવસર પર દિલ્હી છાવણી ખાતે એક કાર્યક્રમને સંબોધિત કરતી વખતે ધનખડે આ ટિપ્પણી કરી હતી. તેમણે એનસીસી સભ્યોની પ્રશંસા કરી અને કહ્યું કે તેઓ રાષ્ટ્ર સેવાની ભાવના સાથે એકતા અને અનુશાસનને પ્રોત્સાહન આપવા માટે જાણીતા છે.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, તમે અમારી યુવા વસ્તીનું પ્રતિનિધિત્વ કરો છો. ૨૦૪૭માં આપણો વિકસિત રાષ્ટ્રનો દ્રષ્ટિકોણ હવે એક સપનું નથી. આ આપણુ ચોક્કસ લક્ષ્ય છે. ''૨૦૪૭માં ભારતના વિકાસ માટે તમે બધા મહત્ત્વપૂર્ણ છો.'' વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારે દેશની આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા થતાં ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' બનાવવાનો સંકલ્પ લીધો છે. ધનખડે એનસીસી કેડેટ્સને કહ્યું હતું કે, તમે ભાગ્યશાળી છો કે તમે એવા સમયે જીવી રહ્યા છો જ્યારે ભારત હવે સંભાવનાઓવાળો દેશ રહ્યો નથી. આ બેજોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સાથે ઉભરતો દેશ છે.

તેમણે નવા એરપોર્ટ અને મેટ્રો સહિત વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનો ઉલ્લેખ કર્યો હતો. દેશભરમાંથી કુલ ૨,૩૬૧ એનસીસી કેડેટ્સ એક મહિના સુધી ગણતંત્ર દિવસની શિબિરમાં ભાગ લઈ રહ્યા છે. ■

# ગુજરાતમાં હજારો સાઈકલ ભંગાર બની છતાં સરકારે ૧.૭ લાખ સાઈકલ ખરીદવા ટેન્ડર બહાર પાડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકાર દ્વારા સરસ્વતી સાધના સાઈકલ સહાય યોજના હેઠળ સરકારી તેમ જ ગ્રાન્ટેડ શાળામાં આઠમાથી નવમા ધોરણમાં અભ્યાસ કરતી એસસી, એસટી અને ઓબીસી વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે સાઈકલ આપવામાં આવે છે. શાળાથી દૂર રહેતી વિદ્યાર્થિની શાળામાં નિયમિત પહોંચી શકે તે હેતુથી સાઈકલ આપવામાં આવે છે. જોકે આ સાઈકલો ખરીદી લીધાં બાદ સરકારના અણઘડ વહીવટને કારણે તે સાઈકલ ન તો વિદ્યાર્થિનીઓને મળે છે કે ન તો તેની કોઈ જાળવણી કરવામાં આવે છે. અંતે પ્રજાના કરોડોના ખર્ચે ખરીદવામાં આવેલી સાઈકલો પછી ભંગાર થઈ જાય છે. આવી જ બિનઉપયોગી અને ભંગાર થઈ ગયેલી સાઈકલો રાજ્યભરનાં ગોડાઉનો અને શાળાના પ્રાંગણમાં પડી રહી છે, જેમાં અમદાવાદના લાંભામાં આવેલી નિવાસી શાળા અને આણંદ, વ્યારા, ઉના અને દેવગઢ બારિયાનાં સ્થળોનો સમાવેશ થાય છે જ્યારે હજારો સાઈકલો કાટ ખાઈ રહી છે. એક તરફ સાઈકલો પડી રહી છે તેમ છતાં પણ રાજ્ય સરકાર આ યોજના માટે શાળાઓ પાસેથી અરજીઓ મગાવવાનું ચાલુ રાખે છે. વર્ષ ૨૦૨૫ માટે, અમદાવાદની લગભગ ૮૨ શાળાઓએ સાયકલ માટે અરજી કરી છે.

આવી પરિસ્થિતિમાં રાજ્ય સરકારે એક ચોંકાવનારો નિર્ણય કર્યો છે. ગુજરાતમાં હજારો સાઈકલો શાળાના પ્રાંગણમાં કાટ ખાઈ રહી છે ત્યારે ગુજરાત સરકારે વધુ ૧.૭ લાખ સાઈકલ ખરીદવા માટે ટેન્ડર બહાર પાડ્યું છે. આ વર્ષના ટેન્ડરે શરતોમાં ફેરફાર સાથે વધુ વિવાદ સર્જ્યો છે. હવે, ક્વોલિફાય થવા માટે કંપનીઓ પાસે વાર્ષિક ૬ લાખ સાઈકલનું ઉત્પાદન હોવું આવશ્યક છે, જ્યારે અગાઉનાં વર્ષોમાં ઉત્પાદન માત્ર બમણું ટેન્ડર જથ્થા (લગભગ ૩.૪૦ લાખ સાઈકલ) હોવું જરૂરી હતું. ૬ જાન્યુઆરીએ ખોલવામાં આવનાર ટેન્ડરમાં છ મહિનાની ડિલિવરી સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. સાઈકલમાં લોક તથા અન્ય પાર્ટ્સ માટે એકથી પાંચ વર્ષની વૉરંટી હોવી આવશ્યક છે. એકલા અમદાવાદ જિલ્લામાં ૬૦ દિવસમાં ૭,૬૫૦ સાઈકલની જરૂર છે. જોકે એવા પણ આક્ષેપ થઈ રહ્યા છે કે એક ચોક્કસ કંપનીની તરફેણ કરવા માટે ટેન્ડરની શરતોમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

ગત વર્ષે સાઈકલ ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ ગઈ હતી, આ મુદ્દે કૉંગ્રેસના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, વારંવાર વિનંતી કરવા છતાં કમિટીની રચના કરવામાં આવી નથી. તેમણે દાવો કર્યો હતો કે સાઈકલ વિદ્યાર્થીઓના નહીં, પણ કોન્ટ્રાક્ટરના ફાયદા માટે ખરીદવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરસ્વતી સાધના સાઈકલ સહાય યોજનાના પાત્રતાના માપદંડોમાં ગ્રામીણ રહેવાસીઓ માટે રૂા. ૧,૨૦,૦૦૦ અને શહેરી રહેવાસીઓ માટે રૂા. ૧,૫૦,૦૦૦ની કૌટુંબિક આવક મર્યાદાનો સમાવેશ થાય છે. ■

# ગુજરાતમાં સાયબર ક્રાઈમને રોકવા પોલીસે ૧૪,૬૬૯ ફેક સોશિયલ મીડિયા એકાઉન્ટ બ્લોક કર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સાયબર ક્રાઈમ અને ડિજિટલ એરેસ્ટના બનાવો વધી રહ્યા છે, સાયબર અપરાધીઓ સોશિયલ નેટવર્કિંગ સાઈટનો ઉપયોગ કરીને નિર્દોશ લોકો સાથે છેતરપિંડી આચરે છે. અઠંગ ગુનેગારો નકલી ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ ઍકાઉન્ટનો ઉપયોગ સામાન્ય લોકોને છેતરવા માટે કરે છે.

લોકોને છેતરવા માટે ગુનેગારો તેઓ સિનિયર અધિકારીઓ અને અગ્રણી વ્યક્તિઓ હોવાનો પણ ઢોંગ કરે છે. જોકે રાજ્યના સાયબર ક્રાઈમ યુનિટે પણ આવાં તત્ત્વોનાં એન્ટિ સોશિયલ મીડિયા એકાઉન્ટ બ્લોક કરવાનું શરૂ કર્યું છે. સાયબર ક્રાઈમ યુનિટે વર્ષ ૨૦૨૪માં ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ ૧૪,૬૬૯ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને બ્લોક કર્યાં હતાં. જેની સંખ્યા વર્ષ ૨૦૨૩માં બ્લોક કરાયેલાં ૪,૩૧૯ એકાઉન્ટ્સ કરતાં લગભગ ચાર ગણી વધારે છે.

આ મુદ્દે સાયબર ક્રાઈમના એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે, ઈન્ટરનેટ એક્સેસ માટે પ્રી-એક્ટિવેટેડ સિમ કાર્ડ સાથે ઘણી વખત ખોટી ઓળખનો ઉપયોગ કરીને ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક એકાઉન્ટ બનાવવામાં આવે છે, જેના કારણે ગુનેગારોને પકડવામાં મુશ્કેલી પડે છે. આ ગુનેગારો સામાન્ય રીતે જામતારા, ભરતપુર અથવા મેવાત જેવા દૂરના વિસ્તારોમાંથી કામ કરે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આવી ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા એકાઉન્ટ્સનો અંત લાવવા માટે, અમે લગભગ ૪,૭૨૭ ફેસબુક એકાઉન્ટ્સ અને ૯,૯૪૨ ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ બ્લોક કર્યાં છે. આ ૨૦૨૩ માં બ્લોક કરાયેલાં ૪,૩૧૯ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ કરતાં લગભગ ચાર ગણું છે. વધુમાં, ૨૦૨૩માં બ્લોક કરવામાં આવેલાં ૨૨૪ એકાઉન્ટ્સની તુલનામાં, આ વર્ષે લોન ઑફર કરતા અને લોકો પાસેથી પૈસા પડાવવાના ૩૫૦થી વધુ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ બ્લોક કરવામાં આવ્યાં છે.

તેમણે ઉમેર્યું હતું કે, ડિજિટલ એરેસ્ટ અને રોકાણની છેતરપિંડીના કેસ વધી રહ્યા છે. શહેરનાં વિવિધ સાયબર ક્રાઈમ યુનિટોએ કેટલાય વિદેશી નાગરિકોની ધરપકડ કરી હોવા છતાં આ ગૅંગના માસ્ટરમાઇન્ડ વિદેશથી ઓપરેટ કરી રહ્યા છે. આવા સંજોગોમાં તેમના સોશિયલ મીડિયા ઍકાઉન્ટને બ્લોક કરવું એ સૌથી અસરકારક વિકલ્પ છે. આવી ગુનાહિત પ્રવૃત્તિઓમાં ઉપયોગમાં લેવાતા પ્રી-એક્ટિવેટેડ સિમ કાર્ડને ઓળખવા માટે અમે ટેલિકોમ રેગ્યુલેટરી ઑથોરિટી ઑફ ઈન્ડિયા (ટ્રાઈ) સાથે પણ જોડાણ કર્યું છે. ગુજરાત સીઆઈડીની ભલામણોના આધારે, સાયબર અપરાધીઓ દ્વારા લોકોને છેતરવા માટે ઉપયોગમાં લેવાતાં ૩,૦૦૦થી વધુ સિમ કાર્ડ્સ બ્લોક કરવામાં આવ્યાં છે. સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ એ સાયબર ક્રાઈમનો ભોગ બનેલા લોકો માટે પહેલા છ કલાકમાં આવા ગુનાની જાણ કરવા માટેનો શ્રેષ્ઠ વિકલ્પ છે, જેને 'ગોલ્ડન અવર્સ' તરીકે ઓળખવામાં આવે છે. આ સમયગાળામાં અમે જેની સાથે છેતરપિંડી કરવામાં આવી છે તેના બૅન્ક ખાતાઓમાં પૈસા ફ્રીઝ કરી શકીએ છીએ.

ગુજરાતમાં તેના મોટા ભાગના જિલ્લાઓમાં સાયબર ક્રાઈમ ડિટેક્શન યુનિટ છે.

આ ઉપરાંત, સાયબર નિષ્ણાતોની એક ટીમને સાયબર પેટ્રોલિંગ ટીમ બનાવવા માટે સોંપવામાં આવી છે, જે અસામાજિક પ્રવૃત્તિઓ અને નકલી સમાચાર ફેલાવવામાં સામેલ સોશિયલ મીડિયા ઍકાઉન્ટ્સને ઓળખવા માટે ૨૪/૭ ઇન્ટરનેટ પર નજર રાખે છે. ■

# સુરતમાં ૨૫ વર્ષીય સ્ટેટ લેવલ કબડ્ડીના ખેલાડીનું રહસ્યમય મોતઃ ફ્લૅટમાંથી મૃતદેહ મળતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરના પાલ વિસ્તારમાં રહેતો અને સ્ટેટ લેવલમાં કબડ્ડીના ખેલાડીના રહસ્યમય મોતથી ખળભળાટ મચી ગયો હતો, તેના અચાનક મોતથી પરિવાર આઘાતમાં સરી પડ્યો હતો. માત્ર ૨૫ વર્ષનો યુવક જીમથી આવ્યા બાદ ઘરે સોફા પર બેઠા બાદ ઢળી પડ્યો હતો અને મોડી સાંજે પરિવાર ઘરે પહોંચતાં યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે હાલ મામલે યુવકનો પીએમ કરાવવા સિવિલ ખાતે મૃતદેહ ખસેડી આ મામલે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

બનાવની વિગતો જોઈએ તો, સુરતના પાલ સિદ્ધિવિનાયક એપાર્ટમેન્ટના એક ફ્લૅટમાંથી સ્ટેટ લેવલના કબડ્ડી ખેલાડીનો મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી. ૨૫ વર્ષીય જય મુકુલભાઈ પ્રજાપતિ ટ્રેડમાર્ક રજિસ્ટ્રેશનના કામકાજ સાથે સંકળાયેલો હતો.

પરિવારમાં માતા ડાયમંડમાં કામ કરે છે અને પિતા ફર્નિચરમાં કામ કરે છે. સવારે નિત્યક્રમ પ્રમાણે જય જીમમાં ગયા બાદ ઘરે આવી ચાનો કપ લઈ હોલમાં આવેલા સોફા પર બેઠો હતો અને અચાનક તે ઢળી પડ્યો હતો.

પરિવાર સાંજે આવ્યા બાદ યુવક મૃતક અવસ્થામાં સોફા પર મળી આવતાં બૂમાબૂમ કરતાં આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ડૉક્ટરને બોલાવવામાં આવ્યા હતા. જોકે, તબીબો અને ૧૦૮ની ટીમે આ યુવકને મૃત જાહેર કરતાં પરિવારજન શોકમાં ગરકાવ થઈ ગયા હતા. ૨૫ વર્ષનો આ યુવક કબડ્ડી ક્ષેત્રે પરિવાર સાથે દેશનું નામ રોશન કરવા માગતો હતો જે તેનાં સપનાં અધૂરાં રહી ગયાં હતાં.

પ્રાથમિક તપાસમાં આ યુવકને હાર્ટ એટેક આવતાં મોત થયું હોવાનું તબીબોએ જણાવ્યું હતું. હાલ પાર્થિવ દેહ નવી સિવિલ હૉસ્પિટલ ખાતે મોકલી પીએમની કામગીરી શરૂ કરાવી છે. જોકે, પીએમના રિપોર્ટ બાદ જ ખ્યાલ આવશે કે યુવકનું મોત કયાં કારણોસર થયું છે, પણ ૨૫ વર્ષે યુવકના મોતને લઈ પરિવાર સાથે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ■

# અમદાવાદમાં ગુટકા અને પાન મસાલાની ફૅક્ટરીઓ પર જીએસટીની ટીમ ત્રાટકી

## મોટા પ્રમાણમાં ટૅક્સની ચોરીનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં વિવિધ સ્થાનો પર ગુટકા અને પાન મસાલાની ફૅક્ટરીઓમાં જીએસટીના દરોડા પડ્યા હતા. રાજ્ય જીએસટી વિભાગના અધિકારીઓએ ચાંગોદર, અસલાલી, સરખેજ વિસ્તારમાં આવેલી પાન ફૅક્ટરીમાં દરોડા પાડ્યા હતા. અમદાવાદ અને તેની આસપાસનાં ક્ષેત્રોમાં ૭થી ૧૦ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. મળતા અહેવાલ પ્રમાણે ચાંગોદરમાં આવેલી વિષ્ણુ પેકેજિંગની ફૅક્ટરીમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જીએસટી વિભાગની ટીમે વિષ્ણુ પેકેજિંગ અને અન્ય પાંચ કંપનીઓને ટૅક્સ ચોરી કરવાના મામલામાં ૧૫૦૦ કરોડ રૂપિયાની માગ કરતી નોટિસ ફટકારી હતી, જોકે કંપનીના માલિક દુબઈ ભાગી ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

પ્રાથમિક તપાસમાં મોટા પ્રમાણમાં ટૅક્સની ચોરી અંગેના દસ્તાવેજો ખાનગી ડાયરીઓ તેમ જ કેટલાક હવાલાની એન્ટ્રીઓ પણ મળી આવી હતી. દસ્તાવેજ, ખાનગી ડાયરી, કાચી ચિઠ્ઠીઓ ઉપરાંત ઉત્પાદન અને વેચાણના દસ્તાવેજોનું ક્રોસ વેરિફિકેશન શરૂ કરાયું છે. ગુટકા અને પાન મસાલાના હોલસેલ ડીલરોનાં નામ પણ જીએસટી વિભાગના અધિકારીઓને મળ્યાં હતાં જેના આધારે છેલ્લાં પાંચ વર્ષમાં કેટલો સપ્લાય કર્યો અને કેટલું વેચાણ કર્યું તેની વિગતો મેળવવામાં આવી રહી છે અને પ્રાથમિક તપાસમાં ૧૦ કરોડની અંદાજિત ટૅક્સની ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું દરોડાની કામગીરી પૂર્ણ થયા બાદ વધુ વિગતો બહાર આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ■

# ડ્રગ્સના તસ્કરો સમાજ માટે મોટો ખતરો, તે અનેક લોકોનાં મોતનું કારણ છેઃ ગુજરાત હાઈ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં મેફેડ્રોન ડ્રગ્સની હેરાફેરી માટે ધરપકડ કરાયેલા આરોપીની જામીન અરજી ફગાવી દેતી વખતે, ગુજરાત હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે, ડ્રગ તસ્કરીના ગુનાઓની વ્યાપક અસર પડે છે, જેનાથી વસ્તીના એક મોટા ભાગનું જીવન નષ્ટ થઈ જાય છે. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, હત્યાના કેસમાં, આરોપી એક કે બે વ્યક્તિની હત્યા કરે છે, પરંતુ જ્યારે કોઈ શખસ માદક દ્રવ્યોની તસ્કરી કરે છે ત્યારે તે અનેક મૃત્યુનું કારણ બને છે, તે તેની હાનિકારક અસરો અને સમાજ પર ઘાતક અસરનું કારણ બને છે. હાઈકોર્ટે વધુમાં જણાવ્યું હતું કે ડ્રગની હેરાફેરી કરનારાઓ સમાજ માટે મોટો ખતરો છે અને, જો અસ્થાયી રૂપે તેમને છૂટા કરવામાં આવે તોપણ, તેઓ નફાની લાલચે તેની હેરફેર અને ગુપ્ત રીતે માદક દ્રવ્યોની તસ્કરીની તેમની નાપાક પ્રવૃત્તિઓ ચાલુ જ રાખશે.

કેસની વિગતો અનુસાર, પોલીસને એક બાતમીદાર પાસેથી માહિતી મળી હતી કે અરજદાર ઈમ્તિયાઝ ઉર્ફ લાલા ફિરોઝ મલેક અને તેનો મિત્ર મુસ્તફા જોહર વાના ડ્રગ્સની હેરાફેરીમાં સામેલ હતા. તેઓ કડોદરાથી સરદાર માર્કેટ અને ત્યાર બાદ મહિધરપુરા તરફ એક્ટિવા પર મેફેડ્રોન ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ લઈ જવાના હતા. આ માહિતીના આધારે પોલીસે છટકું ગોઠવી રૂપિયા ૫ લાખની કિંમતના ૧૦૦ ગ્રામ મેફેડ્રોન સાથે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી ૫ સપ્ટેમ્બર, ૨૦૨૦થી જેલના સળિયા પાછળ છે. અગાઉ પણ તેમની જામીન અરજી હાઈકોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી હતી. ■

# ન્યાય પ્રણાલીને વધુ પારદર્શી બનાવવા હાઈ કોર્ટ બાદ જિલ્લા કોર્ટોને ટેક્નોલૉજીથી સજ્જ કરાશેઃ કાયદા પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી-ગાંધીનગર ખાતે રાજ્યના તમામ મદદનીશ સરકારી વકીલો માટે એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાયદા વિભાગ અને ડાયરેક્ટોરેટ ઑફ પ્રોસિક્યુશન કચેરી દ્વારા આયોજિત આ તાલીમ કાર્યક્રમનો કાયદા પ્રધાન ઋષિકેશ પટેલે શુભારંભ કરાવ્યો હતો. ગુજરાતના મદદનીશ સરકારી વકીલોનો ઉત્સાહ વધારતાં કાયદા પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, વકીલનું પ્રોફેશન એ સમાજનું એક અમૂલ્ય ઘરેણું છે, જે નિર્દોષને ન્યાય અને દોષીને યોગ્ય સજા અપાવીને એક સુરક્ષિત સમાજનું નિર્માણ કરે છે. ગુજરાતના નાગરિકોનો લોકશાહી અને ન્યાય પ્રણાલી પર વિશ્વાસ વધુ દૃઢ બને તે માટે એક નવતર પ્રયાસના ભાગરૂપે ગુજરાત હાઈકોર્ટમાં થતા ટ્રાયલ કે સુનાવણીને ટેકનોલૉજીના માધ્યમથી લાઈવ અને પારદર્શી બનાવવામાં આવી છે. આગામી સમયમાં ગુજરાતની તમામ જિલ્લા કોર્ટમાં પણ ટેકનોલૉજીના ઉપયોગથી આ પ્રકારની સુવિધાઓ વિકસાવવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રાચીન સમયમાં ભારતના નાગરિકોમાં કાયદો આત્મસાત હતો. બ્રિટિશરો ભારતમાં આવ્યા બાદ તેમણે તેમની અનુકૂળતા મુજબના ફોજદારી કાયદાઓ અમલમાં મૂક્યા હતા. ભારતની આઝાદીનાં ૭૫ વર્ષ સુધી આ કાયદાઓ અમલમાં રહ્યા. ભારતમાં લોકશાહીના રક્ષણ માટે આ કાયદામાં કેટલાક આમૂલ પરિવર્તન કરાયાં અને ભારતના આગવા નવા ત્રણ - ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩, ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ-૨૦૨૩ કાયદા અમલમાં મુકાયા છે. આ તાલીમથી તમામ મદદનીશ સરકારી વકીલોને આ ત્રણ નવા ફોજદારી કાયદા અંગે વિગતવાર માહિતી મળશે.

અદાલતમાં ઝડપથી કેસ કેવી રીતે ચાલે તે માટે તૈયાર થઈ શકાશે. કાયદાની સુધરતી જોગવાઈઓ અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓથી સરકારી વકીલો સતત માહિતગાર થતા રહે તે માટે આ પ્રકારનાં આયોજન સતત કરતાં રહેવા માટે પ્રધાને કાયદા વિભાગને અનુરોધ કર્યો હતો. ગુજરાતમાં ન્યાયનું ધોરણ ઊંચું લાવવા માટે કાયદા પ્રધાને આજના આધુનિક જમાનામાં સરકારી વકીલોને ટેકનોલૉજીનો મહત્તમ ઉપયોગ કરવા, તમામ બાબતોમાં અપ-ટુ-ડેટ રહેવા તેમ જ રાજ્યમાં કન્વિક્શન રેટનો રેશિયો ઊંચો લઈ જવા માટે તત્પરતા બતાવવા માટે તાકીદ કરી હતી. ■

# મેડિકલ કાઉન્સેલિંગ કમિટીની નીટ પીજી ૨૦૨૪ માટે કટઓફ ટકાવારી ઘટાડવાની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મેડિકલ કાઉન્સેલિંગ કમીટીએ સમગ્ર દેશમાં ખાલી પડેલી એમડી અને એમએસની સીટોને ભરવા માટે તમામ શ્રેણીઓમાં નીટ પીજી ૨૦૨૪ ક્વોલિફાઈંગ પર્સેન્ટાઈલમાં કટઓફ ટકાવારી ઘટાડવાની જાહેરાત કરી હતી. ત્યાર બાદ સ્ટેટ એડમિશન કમિટીએ રાજ્યમાં ૨૮૧ પીજી મેડિકલ સીટો માટે વધુ એક પ્રવેશ માટેના રાઉન્ડની જાહેરાત કરી હતી.

મેડિકલ કાઉન્સેલિંગ કમિટીના જણાવ્યા પ્રમાણે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને નેશનલ મેડિકલ કમિશન સાથે પરામર્શ કરીને લેવામાં આવેલા નિર્ણય મુજબ ૨૦૨૪માં નીટ પીજીમાં ૧૫ પર્સેન્ટાઈલ ધરાવતા વિદ્યાર્થીઓ પણ ચાલી રહેલી પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ એડમિશન પ્રક્રિયામાં બેઠકો મેળવી શકે છે.

ડિરેક્ટોરેટ જનરલ ઑફ હેલ્થ સર્વિસીસ હેઠળની મેડિકલ કાઉન્સેલિંગ કમિટીએ શનિવારે એક પરિપત્ર બહાર પાડ્યો હતો. જેમાં સામાન્ય અને ઈડબલ્યૂએસ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે લાયકાતનો સ્કોર ૧૫ પર્સન્ટાઈલ કર્યો હતો. એસસી, એસટી, ઓબીસી અને પીડબલ્યૂડી કેટેગરીના વિદ્યાર્થીઓ માટે કટઓફ ૧૦ પર્સેન્ટાઇલ સુધી લાવવામાં આવ્યો છે.

ઇન્ડિયન મેડિકલ ઍસોસિયેશનના જુનિયર ડૉક્ટર્સ નેટવર્કે કટઑફ ટકાવારીમાં ઘટાડો કરવા માટે ગયા મહિને મંત્રાલય સમક્ષ માગણી મૂકી હતી કારણ કે પ્રવેશના બે રાઉન્ડ પછી પણ ક્લિનિકલ અને નોન-ક્લિનિકલ કોર્સ સહિતની ઘણી બેઠકો ખાલી હતી. ગત વર્ષે સમગ્ર દેશમાં પર્યાપ્ત ખાલી જગ્યાઓના કારણે તમામ કેટેગરીમાં નીટ પીજીની યોગ્યતાની ટકાવારી શૂન્ય કરી દેવાઈ હતી.

ગુજરાતમાં પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ પ્રોગ્રામમાં બીજા રાઉન્ડ બાદ એમડી, એમએસ અને ડિપ્લોમામાં ૨૧૨ જગ્યાઓ ભરાઈ નહોતી. જ્યારે ૬૯ બેઠકો ખાલી રહી હોવાથી હવે ૨૮૧ સીટો થઈ ગઈ છે. એડમિશન કમિટી ફોર પ્રોફેશ્નલ અન્ડર એન્ડ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ એન્જયુકેશન કોર્સમાં સંભવિત રૂપે આ ખાલી જગ્યાઓ ભરવા માટે શનિવારે નવા પ્રવેશ રાઉન્ડની જાહેરાત કરવામાં આવી હતી. આ સમિતિએ ૨૦૨૪-૨૫ શૈક્ષણિક સત્ર માટે પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ કોર્સ માટે ઑનલાઈન ફાળવણી અને રીપોર્ટિંગની અંતિમ તારીખ ૨૯ ડિસેમ્બર નક્કી કરી હતી. વિદ્યાર્થીઓને બીજા રાઉન્ડની ફાળવણી બાદ ૨૯ ડિસેમ્બરે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં પોતાનું રીપોર્ટિંગ કરવાનું હતું.

બીજા રાઉન્ડમાં ફાળવેલી ૨૧૦૧ બેઠકોમાંથી ૧૯૫૮ વિદ્યાર્થીઓએ નક્કી કરવામાં આવેલી સમયમર્યાદામાં પોતાનું રીપોર્ટિંગ પૂર્ણ કર્યું હતું. જેથી ૨૮૧ બેઠકો ખાલી રહી હતી. જેમાં બીજા રાઉન્ડની ૨૧૨ બેઠકો સામેલ નહોતી અને ૬૯ બેઠકો ફાળવાઈ નહોતી. આ પહેલા જુનિયર ડૉક્ટર્સ ઍસોસિયેશને નીટ પીજીમાં કટઑફ ટકાવારી ઘટાડવા અનુરોધ કર્યો હતો. કારણ કે પ્રથમ રાઉન્ડ બાદ રાજ્યની અડધો અડધ પીજી મેડિકલ કોર્સની બેઠકો ખાલી પડી હતી.

સમિતિના આંકડાઓ પ્રમાણે ૫૦ ટકા કટઑફ સાથે ૪૭૧૦ વિદ્યાર્થીઓ પીજી મેડિકલ કોર્સમાં પ્રવેશ માટે યોગ્ય હતા. શનિવારે સમિતિએ જાહેરાત કરી હતી કે, રજિસ્ટ્રેશન ચોથી જાન્યુઆરીથી શરૂ થશે અને આઠમી જાન્યુઆરી રજિસ્ટ્રેશન માટે અંતિમ દિવસ હશે. સમિતિના નિર્દેશ પ્રમાણે સફળ ઉમેદવારોને ૬થી ૯ જાન્યુઆરી દરમિયાન સેન્ટર પર રિપોર્ટ કરવાનો રહેશે. ■

# ગુજરાતની સ્કૂલોમાં મોબાઈલ ફોન પર પ્રતિબંધ લાદવા વિચારણા કરાઈ રહી છેઃ રાજ્ય શિક્ષણપ્રધાન

## આઠમા ધોરણમાં ભણતી વિદ્યાર્થિનીની આત્મહત્યા બાદ સરકાર ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના પાંડેસરા વિસ્તારમાં ધોરણ આઠમાં અભ્યાસ કરતી દીકરી મોબાઈલની લતે ચડી હતી અને મોબાઈલ વગર કોઈ પણ કામ કરતી ન હતી. જેને લઈને માતા-પિતાએ ઠપકો આપ્યા બાદ તેની પાસેથી મોબાઈલ છીનવી લીધો હતો અને મોબાઈલ નહીં ચલાવવા બાબતે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જેથી લાગી આવતાં દીકરીએ માતા-પિતાની ગેરહાજરીમાં આવેશમાં આવી જઈ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું.

આ ઘટના અંગે શિક્ષણપ્રધાન પ્રફુલ્લ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, આવી ઘટનાઓ રાજ્યમાં ફરી ન બને તે માટે શાળા, પરિવાર અને સમાજ વચ્ચે મજબૂત સંવાદ વધારવો એ અગત્યનું છે. આ પ્રકારની પરિસ્થિતિઓ અટકાવવા વાલીઓએ ડિજિટલ ડિવાઇસના સદુપયોગ માટે જાગૃતિ લાવવી પડશે. આ માટે ન માત્ર શાળાઓમાં, પરંતુ સામાજિક સ્તરે પણ મૂલ્યવર્ધક અભિગમ અપનાવવો જોઈએ. આ સામૂહિક ચિંતનનો વિષય છે. વાલીઓ અને શિક્ષકોના સહિયારા પ્રયાસ તેમ જ સરકારના ચુસ્ત નિયમોના અમલીકરણથી બાળકોની ભાવનાત્મક જરૂરિયાતોને સમજીને મોબાઈલ એડિક્શન દૂર કરી શકાય છે.

રાજ્ય શિક્ષણ પ્રધાન પ્રફુલભાઈ પાનશેરિયાએ જણાવ્યું કે, મોબાઈલ ઉપયોગ અંગે જાગૃતિ સાથે વિદ્યાર્થીઓના માનસિક આરોગ્ય માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે, ત્યારે મોબાઈલ અને અન્ય ડિજિટલ સાધનોના પ્રતિબંધ માટે શાળાકક્ષાએ જુદા જુદા શિક્ષણ વિભાગના તજજ્ઞો સાથે વિચારણા કરીને રાજ્ય સરકાર નિર્ણય લેશે. બાળકોની સાથે વાલીઓએ અને શિક્ષકોએ પણ કડક અમલ કરવો પડશે. વાલીઓને વિનંતી કરું છું નાનાં બાળકોને ફોન કે અન્ય ડિજિટલ ડીવાઇસ અપાવી ન દેવો જોઈએ અને આ બાબત પર ખૂબ જ ગંભીરતાથી વિચાર સાથે રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ પણ ચિંતન કરી રહ્યો છે. ■

# ગુજરાતમાં ૨૦૨૩ની સરખામણીએ ૨૦૨૪માં નવી લીકર પરમિટની સંખ્યામાં મોટો ઘટાડો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં દારૂબંધીનો કાયદો અમલમાં છે. રાજ્યમાં હેલ્થ પરમિટ હેઠળ દારૂના સેવન માટે લીકર પરમિટ આપવામાં આવે છે, પરંતુ રાજ્યમાં વર્ષ ૨૦૨૩ની સરખામણીમાં ૨૦૨૪માં લિકર પરમિટ લેનારાની સંખ્યામાં ભારે ઘટાડો નોંધાયો હતો. અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા અને જામનગરમાં પણ આ ટ્રેન્ડ જોવા મળ્યો હતો. નકલી સહી કૌભાંડના કારણે વિભાગ દ્વારા વેરિફિકેશન માટે કડક પગલાં લેવામાં આવતાં આ ઘટાડો નોંધાયો હોવાની શક્યતાઓ હોવાનું નશાબંધી અને આબકારી ખાતાની સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. હાલના સમયમાં ઘણા લોકો તણાવથી દૂર રહેવા માટે હેલ્થ પરમિટ હેઠળ દારૂના સેવન માટે લીકર પરમિટની માગ કરી રહ્યા છે. આ પરમિટ મેળવવા માટે અરજદારોને નશાબંધી અને આબકારી વિભાગની કેટલીક પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે. જેમાં વિભાગમાં અરજી આપવી અને સિવિલ હૉસ્પિટલમાં આરોગ્યની તપાસ કરાવવી સામેલ છે.

આ જરૂરી હોવા છતાં સમગ્ર રાજ્યમાં આપવામાં આવતી નવી હેલ્થ પરમિટની સંખ્યામાં તીવ્ર ઘટાડો નોંધાયો હતો. રાજ્યનાં ૬ મોટાં શહેરોમાં ૨૦૨૩માં ૭૪૪૦ નવી પરમિટ આપવામાં આવી હતી. જેની સરખામાણીમાં ૨૦૨૪માં આ આંકડો ઘટીને માત્ર ૩,૪૯૯ થયો હતો. અમદાવાદ શહેરમાં ૨૦૨૩માં ૧૦૨૩ લોકોને પરમિટ આપવામાં આવી હતી તેની સરખામણીએ ૨૦૨૪માં માત્ર ૩૩૨ લોકોને પરમિટ મળી હતી. સુરતમાં પણ ૨૦૨૩માં ૧૧૪૩ હતી જેમાં ઘટાડો થતાં ૨૦૨૪માં ૭૦૩ લોકોને પરમિટ અપાઈ હતી. તે ઉપરાંત ૨૦૨૩માં ૪૧૦૪ પરમિટ રિન્યૂ કરાઈ હતી. જેમાં ૨૦૨૪માં ઘટાડો થતાં ૧૪૭૨ થઈ ગઈ હતી. જ્યારે રાજકોટમાં ૨૦૨૩માં ૧૭૮ની સરખામણીએ ૨૦૨૪માં વધીને ૨૧૬ થઈ હતી. વડોદરા, જામનગર અને ભાવનગરમાં પણ પરમિટમાં ખૂબ મોટો ઘટાડો થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

નશાબંધી અને આબકારી ખાતાના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે આ ઘટાડો થવા પાછળનું મોટુ કારણ રાજ્યમાં પરમિટ શોપ પર મળતાં આલ્કોહોલ પર ૬૫ ટકા ટૅક્સ વસૂલવામાં આવે છે. જે ગ્રાહકોને અન્ય રાજ્યો કરતાં ખૂબ મોંઘું પડે છે. અધિકારીઓએ વધુમાં કહ્યું હતું કે, વિભાગ દ્વારા તાજેતરમાં પરમિટ મેળવવા માટે કેટલાક એજન્ટો દ્વારા અરજદારોની નકલી સહીઓ બનાવવાના કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ વિભાગ દ્વારા કડક નિયમો અમલી કરવામાં આવ્યા હતા. આ નિયમો પણ નવી પરમિટમાં ઘટાડો કરવામાં કારણભૂત હોવાનું લાગી રહ્યું છે. ■

# ગુજરાતમાં નકલી સીએમઓ અધિકારી ઝડપાયો

## ૨૦ વર્ષથી ફરજ બજાવતો હોવાનું જુઠ્ઠાણું ફેલાવ્યું

અમદાવાદ: ગુજરાતમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં નકલી સરકારી કચેરી, નકલી વકીલ, નકલી ટોલનાકું, નકલી પોલીસ, નકલી આર્મીમેન, નકલી શિક્ષક, નકલી ડૉક્ટર, નકલી પીએમઓ અધિકારી પકડાઈ ચૂક્યા છે, આ દરમિયાન ગુજરાતમાં સીએમઓનો નકલી અધિકારી ઝડપાતાં ગાંધીનગર સચિવાલયમાં ચકચાર મચી ગઈ હતી. આ નકલી અધિકારી ૨૦ વર્ષથી મુખ્ય પ્રધાન કાર્યાલયમાં ફરજ બજાવતો હોવાનું જુઠ્ઠાણું ફેલાવી લોકો સાથે ઠગાઈ કરતો હતો. મળતી વિગતો મુજબ સીએમઓનો નકલી અધિકારી નિતેશ ચૌધરી સુરત જિલ્લાના બારડોલી તાલુકાના મઢી ગામનો વતની છે. નિતેશ ચૌધરીએ પોતે સીએમઓના અધિકારીની ઓળખ આપીને નવસારીના નાયબ કલેક્ટર દેવાંગ ઠાકોર સાથે ૨૩-૧૦-૨૦૨૪થી ૦૨-૦૧-૨૦૨૫ સુધી ટેલિફોનિક વાતચીત કરી હતી અને જુદાં જુદાં કામો આપ્યાં હતાં અથવા કામોની પ્રગતિની માહિતી માગી હતી. જોકે નવસારીના નાયબ કલેક્ટર દેવાંગ ઠાકોરે તપાસ કરતાં મુખ્ય પ્રધાન કાર્યાલયમાં આવો કોઈ અધિકારી ન હોવાનું જાણવા મળ્યું હતું. આથી તેમણે સીએમઓના નકલી અધિકારી નિતેશ ચૌધરી વિરુદ્ધ નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે નિતેશ ચૌધરીની ધરપકડ કરી હતી. નિતેશ ચૌધરીને તેનો અભ્યાસ અને ગાંધીનગરમાં તેના મૂળ મહેકમ અંગે પૂછતાં તેણે જૂઠાણું ચલાવ્યું હતું કે, તેનું માહિતી ખાતું છે કેમ કે તેણે પત્રકારત્વમાં એમએની ડિગ્રી મેળવ્યા બાદ ગુજરાત જાહેર સેવા આયોગની પરીક્ષા પાસ કરી સીધો મુખ્ય પ્રધાન કાર્યાલયમાં જ નિયુક્ત થયો હતો અને આશરે ૨૦ વર્ષથી સીએમઓમાં ફરજ બજાવે છે અને હવે પ્રમોશનની રાહ જોઈ રહ્યો છે. ■

## લોનાવાલા-કર્જત ઘાટ પર ટ્રેનોની સ્પીડમાં થશે વધારો

મુંબઈઃ મુંબઈ-પુણે રેલવે રૂટ પર લોનાવલાથી કર્જત ઘાટ પર પેસેન્જર ટ્રેનો અને માલગાડીનું પરિવહન ઝડપી બનાવવાનો મધ્ય રેલવેએ નિર્ણય લીધો છે. આ ઘાટ પર ત્રણ જગ્યાએ ૩૦ કિ.મી. પ્રતિકલાકની વેગ મર્યાદાએ નસ્પીડ સેંસિંગ ડિવાઇસથ (એસએસડી) કાર્યરત કરીને ટ્રેનોને દોડાવવાના પ્રસ્તાવને રિસર્ચ ડિઝાઇન સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઇઝેશન (આરડીએસઓ)એ લીલી ઝંડી દેખાડી છે.

લોનાવાલાથી કર્જત સુધીના ઘાટ પર બહુ ધીમી ગતિએ ટ્રેનોને દોડાવવામાં આવતી હોય છે. દરેક વખતે ટ્રેનો અટકી પડે ત્યારે બ્રેકની તપાસ કરવામાં આવતી હોય છે. બ્રેક બરાબર હોવાની ખાતરી બાદ જ ટ્રેનોને રવાના કરવામાં આવતી હોય છે. સ્પીડ ઓછી કરવી, ટ્રેનો રુકવી, શરૂ થયા બાદ ચોક્કસ સ્પીડમાં આવવામાં લાગતો સમય વગેરેને કારણે દરેક પેસેન્જર ટ્રેનોના સમયમાં આઠથી ૧૦ મિનિટનો વધારો થતો હોય છે.

એસએસડી ટેક્નિકમાં ટ્રેક અને ટ્રેક પરના સિગ્નલમાં સેન્સર દ્વારા ઇલેક્ટ્રિક સ્પીડથી કમ્યુનિકેશન થતો હોય છે. એસએસડીની સ્પીડ મર્યાદા પ્રતિ કલાકે ૩૦ કિલોમીટર રહેશે. કોઇક સમયે ટ્રેનોની સ્પીડ વધવાને કારણે સિગ્નલ લાલ થઇ જતું હોય છે. તેથી ટ્રેનોની સ્પીડને કન્ટ્રોલ કરી તેની સ્પીડ પર નિયંત્રણ રાખી શકાય છે. એસએસડીને કારણે ટ્રેનોની સ્પીડ ઘટાડવી, ટ્રેનો રોકાવી, ટ્રેનો શરૂ પછી ફરી તેને ઝડપથી સ્પીડમાં લાવવાનું કાર્ય ઝટપટ થઇ શકશે.

## પશ્ચિમ રેલવેના સ્ટેશનો પર જોવા મળશે ડિજિટલ લાઉન્જ

મુંબઈઃ ભારતીય સ્ટેશનોને આધુનિક બનાવવાની યોજના હેઠળ પશ્ચિમ રેલવે સ્ટેશનો પર એક નવો પ્રયોગ કરવા જઇ રહી છે. પશ્ચિમ રેલવેએ સ્ટેશનો પર ડિજિટલ લાઉન્જ બનાવવાની યોજના બનાવી છે જેને નૉન ફેર રેવેન્યુ (એનએફઆર) હેઠળ બનાવવામાં આવશે. પશ્ચિમ રેલવેના એક અધિકારીએ જણાવ્યું હતું કે આ વર્ષે પ્રવાસીઓની સુવિધા માટે ૧,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામા આવશે જેમાં ટર્મિનસ સ્ટેશનો પર નોકરી-ધંધા કરતા લોકો માટે ડિજિટલ લાઉન્જ બનાવવાની યોજના છે. આ ડિજિટલ લાઉન્જનો પ્રસ્તાવ ટૂંક સમયમાં રેલવે બોર્ડને મોકલવામાં આવશે. સામાન્ય રીતે ટર્મિનસ સ્ટેશનો પર આઇઆરસીટીસીના ડિલક્સ લાઉન્જ નજરે પડે છે જ્યાં ફ્રેશ થવા અને થોડો સમય આરામ કરવા માટે બુકિંગ કરવામાં આવે છે. પશ્ચિમ રેલવેના સૂત્રોએ જણાવ્યું હતું કે ડિજિટલ લાઉન્જમાં ઓફિસ જેવા સેટઅપ હશે. ડેસ્ક પર લૅપટોપ રાખવા, મોબાઇલ અને લેપટોપ ચાર્જરના પોઇન્ટ હશે. આ સિવાય ચા-કોફીની વ્યવસ્થા હશે.

## અક્ષય કુમાર ફરી આવ્યો રિયલ સ્ટોરી સાથેઃ 'સ્કાય ફોર્સ'નું ટ્રેલર લોંચ

મુંબઈઃ એક સફળ ફિલ્મ માટે તરસી રહેલા અક્ષય કુમારને ૨૦૨૪માં તો સફળતા ન મળી ત્યારે હવે ૨૦૨૫ની તેની પહેલી સ્કાય ફોર્સ ફિલ્મનું ટ્રેલર લોંચ થયું છે. મુંબઈમાં ટ્રેલર લોંચ વખતે અક્કી સાથે સૌનું ધ્યાન નવા અભિનેતા વીર પહાડીયા તરફ પણ ગયું હતું. ફિલ્મમાં અક્ષય અને વીર એરફોર્સ ઓફિસર તરીકે જોવા મળશે. ટ્રેલર જોઈને લાગે છે કે ફિલ્મ ૧૯૬૫ના ભારત પાકિસ્તાન યુદ્ધની પુષ્ઠભૂમિ સાથે બની છે. અક્ષય અને વીર એરફોર્સમાં ઓફિસર છે અને પાકિસ્તાન પર હુમલો બોલી દે છે. હુમલામાં વીર ગાયબ થઈ જાય છે, યુદ્ધ ઉપરાંત વીરને શોધવાની વાર્તા પણ આ ફિલ્મમાં વણી લેવામાં આવી છે.

## ખેતરોમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવા ડ્રોનની ખરીદી પર ₹ ચાર લાખની સબસિડી

ગઢચિરોલીઃ ખેતરોમાં જંતુનાશક દવા છાંટવા માટે ખેડૂતોને મજૂરોની શોધ કરવી પડતી હોય છે અને મજૂરો ન મળતા પાક નાશ પામવાની સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે. તેથી કૃષિ વિભાગે તેનો ઉપાયો શોધી કાઢ્યો છે. ખેડૂતોને હવે ડ્રોન ખરીદી માટે ચાર લાખ રૂપિયા સુધીની સબસિડી આપવામાં આવશે. ગઢચિરોલીમાં કપાસ, સોયાબીન, તુવેર, તલ વગેરે પાકનું ઉત્પાદન ખરીફ સત્રમાં કરવામાં આવે છે. આ સિવાય રવિ પાકમાં કઠોળ સહિત શાકભાજી, મકાઇ વગેરે પાક લેવામાં આવતા હોય છે. પાક પર જંતુનાશક દવા છાંટવા માટે ખેડૂતોને મોટી સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે. દવા છાંટવામાં ઘણો સમય વીતિ જતો હોય છે. તેથી કૃષિ વિભાગ દ્વારા જો ડ્રોન ખરીદી પર ચાર લાખ રૂપિયાની સબસિડી આપવામાં આવે તો દવા છાંટવામાં ખેડૂતોનો ખાસ્સો સમય બચી જશે. ડ્રોનથી ખેતરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવાથી સમય ઘણો બચી જાય છે. આ સિવાય ઝેરી દવાની અસર થવાનો ભય પણ રહેતો નથી. યોગ્ય રીતે દવાનો છંટકાવ પણ થઇ શકે છે. સ્પ્રે પંપ પીઠ પર લાદી ખેતરમાં ફરવાની જરૂર પડતી નથી. દવા છાંટતી વખતે ઘણી વખતે ખેડૂતોને સાંપ-વીંછી કરડવાનો ભય હોય છે જે પણ દૂર થઇ જાય.

## મુસ્લિમ બહુમતી વિસ્તારોમાં ભાજપના 'સભ્યપદ'ના અભિયાનને મળ્યો પ્રચંડ પ્રતિસાદ

મુંબઈઃ ભાજપ (ભારતીય જનતા પાર્ટી) આમ તો હિંદુ પાર્ટી ગણાય છે. પાર્ટીની વિચારધારા હિંદુ છે. તે રામ મંદિર બાંધે છે અને દેશના જુદા જુદા વિસ્તાર અને પ્રદેશોના વિદેશી, મુસ્લિમ નામો બદલીને શાસ્ત્રો આધારિત સાંસ્કૃતિક નામો પણ રાખે છે. તે પાકિસ્તાનનો વિરોધ પણ કરે છે અને મુસ્લિમ કુપ્રથાઓનો પણ ઉઘાડેછોગ વિરોધ કરે છે, તેમ છતાં પણ મહારાષ્ટ્રના મુસ્લિમો ભાજપનું સમર્થન કરી રહ્યા છે. ના, અમે મજાક નથી કરી રહ્યા. આ સાચી વાત છે.

ભારતીય જનતા પાર્ટીએ મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં એક દિવસમાં ૨૫ લાખ નવા સભ્યો ઉમેરવાનું અભિયાન શરૂ કર્યું છે. ભાજપે મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં સદસ્યતા અભિયાન શરૂ કર્યું છે. જ્યાં તેમને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. બાંગ્લાદેશીઓના મુદ્દે ભાજપને મુસ્લિમોનું ઘણું સમર્થન મળી રહ્યું છે. મુસ્લિમો કહી રહ્યા છે કે અમે મોદી સાથે છીએ. દેશમાં વસી રહેલા ગેરકાયદે બાંગ્લાદેશીઓને ભગાડવા જ જોઈએ. અમે પણ સરકારને આમાં સાથ આપીશું. તેમનું કહેવું છે કે ભાજપ મંદિર અને મસ્જિદની રાજનીતિ નથી કરતી, કેટલાક અસામાજિક તત્ત્વો છે જે આ બધું કરી રહ્યાં છે. ભાજપ હિંદુ-મુસ્લિમ બધાનું જ ભલું કરી રહી છે. દેશના મુસ્લિમોને પણ કેન્દ્રની અને રાજ્ય સરકારની દરેક યોજનાઓનો લાભ મળી રહ્યો છે, તેથી જ તેઓ ભાજપના સભ્ય બની રહ્યા છે.

ઘણા મુસ્લિમો કહે છે કે બાંગ્લાદેશીઓના કારણે તમામ મુસ્લિમો બદનામ થાય છે, કારણ કે તેઓ ગુનાઓ કરે છે. શા માટે આપણે બધાએ બાંગ્લાદેશીઓના કારણે બદનામ થવું જોઈએ? અમે ભાજપને સમર્થન આપીશું.

દેશમાં ભાજપની છબિ મુસ્લિમ વિરોધી છે. વિપક્ષો પણ ભાજપને મુસ્લિમ વિરોધી કહીને જ ચીતરે છે. આવી સ્થિતિમાં ભાજપ મુસ્લિમ વિરોધી ટેગ હટાવવાનો પ્રયાસ કરી રહી છે.

ભાજપ દ્વારા સદસ્યતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેમાં ખાસ કરીને મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા વિસ્તારોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ટૂંક સમયમાં મુંબઈમાં મહાનગરપાલિકાની ચૂંટણી આવશે. એ પહેલાં ભાજપ દ્વારા મુસ્લિમ વોટ બૅન્ક મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### 'લાડકી બહેન'

હિલચાલ ચાલી રહી હોવાનું કહેવાય છે. નાણાપ્રધાને તો શેતકરી મહાસમ્માન અથવા 'લાડકી બહીન'માંથી કોઈ એક યોજનાનો લાભ લેવાનું નક્કી કરો એવી અપીલ પણ રાજ્યની મહિલાઓને કરી છે.

આ દરમિયાન સૂક્ષ્મ સિંચન યોજનામાં ભંડોળનો દુકાળ જણાઈ આવે છે. રાજ્યના પોણા બે લાખથી વધુ ખેડૂતો અનુદાનથી વંચિત રહ્યા છે. રાજ્યના લગભગ પોણા બે લાખથી વધુ ખેડૂતો ભંડોળની પ્રતીક્ષામાં છે.

### રાજ્યોની ગ્રામપંચાયતોની

વતી, પરિષદના સ્થાપક અને પ્રદેશ પ્રમુખ જયંતરાવ પાટીલ, પ્રદેશ મહામંત્રી વિવેક ઠાકરે અને વરિષ્ઠ ઉપાધ્યક્ષ શશીકાંત મોરેએ રાજ્યના દરેક ગામમાં ગ્રામ પંચાયતોમાં સંતોષ દેશમુખને શ્રદ્ધાંજલિ આપવા માટે ગુરુવારે (૯ જાન્યુઆરી) એક દિવસની હડતાલની જાહેરાત કરી છે. આ અંગેનો નિર્ણય મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને અજિત પવાર તથા ગ્રામીણ વિકાસ પ્રધાન જયકુમાર ગોરને ઈ-મેઈલ દ્વારા જણાવવામાં આવ્યો છે.

### મુંબઈ એરપોર્ટ પર

કંપનીના બે કન્ટેઇનરોને ઓળખી કઢાયાં હતાં. બંને કન્ટેઇનરને ઍર કાર્ગો ટર્મિનલ ખાતે રોકવામાં આવ્યા હતા અને તેની તલાશી લેવાતાં ફાર્માસ્યુટિકલ ડ્રગ્સ અને સિગારેટ્સ મળી આવી હતી, જેની કિંમત ૭૫ લાખ રૂપિયા થાય છે.

ખાસ વાત એ છે કે ખાદ્યપદાર્થની બેગોમાં ડ્રગ્સ અને સિગારેટ્સ એ રીતે છુપાવવામાં આવી હતી કે કોઇને શંકા ન જાય. સિગારેટ્સ વધઉ તપાસ માટે કસ્ટમ્સને સોંપવામાં આવી હતી. બે કુરિયર અને લોજિસ્ટિક્સ કંપનીની આ અંગે તપાસ ચાલી રહી છે.

### મુખ્ય પ્રધાન ફડણવીસ

ચૂંટણી પંચ પર પણ આરોપ લગાવવાનું શરૂ કર્યું અને જનતાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા. એવામાં કોંગ્રેસ તો એક ડગલું આગળ વધીને બોમ્બે હાઇ કોર્ટ સુધી પહોંચી ગઇ છે.

કોંગ્રેસના નેતા પ્રફુલ્લ વિનોદરાવ ગુડ્ઘે બોમ્બે હાઈકોર્ટ પહોંચી ગયા છે. કોંગ્રેસના નેતા પ્રફુલ્લ વિનોદરાવ ગુડ્ધેએ શનિવારે બોમ્બે હાઈ કોર્ટની નાગપુર બેંચનો સંપર્ક કર્યો હતો, જેમાં તેમણે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની જીતમાં પ્રક્રિયાગત ક્ષતિઓનો દાવો કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વિધાન સભાની ચૂંટણીમાં ઘણી ફરજિયાત જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું નહોતું, તેથી તેમણે કોર્ટને ચૂંટણીના પરિણામોને રદ કરવા વિનંતી કરતી અરજી કરી છે.

નોંધનીય છે કે ગયા વર્ષે થયેલી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ તરફથી ગુડ્ધેને નાગપુર દક્ષિણ-પશ્ચિમ મતવિસ્તારમાંથી ફડણવીસ સામે ઊભા રાખવામાં આવ્યા હતા અને તેમનો ૩૯,૭૧૦ મતોથી પરાજય થયો હતો. અમરાવતી જિલ્લાના તિવસા મતવિસ્તારના ઉમેદવાર અને પૂર્વ મંત્રી યશોમતી ઠાકુર ઉપરાંત દક્ષિણ નાગપુરના ઉમેદવાર ગિરીશ પાંડવ, પૂર્વ મંત્રી રાજેન્દ્ર શિંગણે, સુભાષ ધોટે, શેખર શેંડે, સંતોષ સિંહ રાવત, સતીશ વરજુરકર ઉપરાંત એનસીપીના એક નેતાએ પણ કોર્ટમાં આવી જ અરજી કરી છે. (યશોમતી ઠાકુર તિવસા બેઠક પરથી હારી ગયા હતા) વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઘણા મોટા નેતાઓ પરાજિત થયા છે, જેમાં બાળાસાહેબ થોરાત અને યશોમતી ઠાકુરનો સમાવેશ થાય છે. આ બંને નેતા પહેલી ચૂંટણી પછી ક્યારેય હાર્યા નથી. તેથી, ઘણા લોકો ચૂંટણીના પરિણામો પર શંકા કરે છે.

મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધનની ભવ્ય જીતથી વિપક્ષોમાં એવો હોબાળો મચ્યો છે કે સરકાર સત્તામાં આવ્યાના એક મહિના પછી પણ વિપક્ષ આ જીતને પચાવી શક્યો નથી અને આ જીતનો જોરદાર વિરોધ કરી રહ્યો છે. હવે કોંગ્રેસના નેતા ગુડઘેએ હાઇ કોર્ટ તરફ રૂખ કરવાને કારણે દેવેન્દ્ર ફડણવીસની મુશ્કેલીઓ વધી શકે છે અને તેમની ખુરશી પણ છિનવાઇ શકે છે.

### ઉત્તર ભારતમાં

૧૩ સ્થાનિક, ૪ આંતરરાષ્ટ્રીય અને ૨ અન્ય ફ્લાઇટ્સ જયપુર, અમદાવાદ, ભોપાલ અને મુંબઈ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ૧૪૪ ફ્લાઈટ મોડી પડી હતી.

ભારતીય હવામાન વિભાગે દિલ્હીમાં ઠંડી અને ધુમ્મસને લઈને ચેતવણી જાહેર કરી છે. જમ્મુ-કાશ્મીર, પંજાબ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન સહિત ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં કડકડતી ઠંડી પડી રહી છે. જેના કારણે કેટલીક જગ્યાએ ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભારતમાં આગામી ૨ દિવસ સુધી ઠંડી અને ધુમ્મસની સ્થિતિ યથાવત રહી શકે છે. ઉત્તર ભારતના રાજ્યો હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીના જુદા જુદા સ્થળોએ ૩જી અને ૪થી જાન્યુઆરીએ મોડી રાત્રે/સવારના કલાકો દરમિયાન ખૂબ ગાઢ ધુમ્મસની સંભાવના છે. ઉત્તર પ્રદેશમાં પણ ભારે ઠંડી પડી રહી છે. વિઝિબિલિટી પણ ઘણી ઓછી છે. ઘણી જગ્યાએ વિઝિબિલિટી ઘટીને ૫૦-૧૦૦ મીટર થઈ ગઈ છે. યુપીમાં ગાઢ ધુમ્મસને લઈને ચેતવણી જાહેર કરવામાં આવી હતી.

### મુંબઈ-અમદાવાદ

હતી. બંનેએ સીટ બેલ્ટ પહેર્યું હોવાથી તેઓ બચી ગયાં હતાં.

દરમિયાન અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ ત્વરિત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઘાયલોને સારવાર માટે સારવાર માટે કાસા ખાતેની હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યારે મૃત્યુ પામેલા બંને સિનિયર સિટિઝનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

દરમિયાન જૂના મુંબઈ-પુણે હાઇવે પર પણ શનિવારે રાતે કામશેત પોલીસ સ્ટેશનની હદમાં ઇકો કારને અન્ય કારે ટક્કર મારી હતી. અકસ્માતમાં રોશન દેશમુખ નામના યુવકને ગંભીર ઇજા પહોંચી હતી અને હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. કારમાં દેશમુખ પરિવારના અન્ય સભ્યો પણ હતા, પણ તેમને ઇજા થઇ નહોતી.

### સરકાર કોઈને નહીં

વાલ્મિક કરાડની ખંડણીના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. પોલીસે હત્યાના મામલે અત્યાર સુધીમાં સાત જણની ધરપકડ કરી છે.

ફડણવીસે કહ્યું કે 'આરોપીઓ ફરાર હોવા છતાં કાર્યવાહી કરવામાં આવી રહી છે. આરોપીને મદદ કરનારાઓને છોડવામાં નહીં આવે. તપાસ એજન્સીઓને કેસની વિગતે તપાસ કરવાની મંજૂરી આપવી જોઈએ.' (પીટીઆઈ)

### તપાસ 'અર્થહીન'

કેસની તપાસ કરી રહી છે. ખંડણીના કેસના મુખ્ય આરોપી અને એનસીપીના પ્રધાન તેમજ પરલીના વિધાનસભ્ય ધનંજય મુંડેના નિકટના સાથી વાલ્મિક કરાડને ઝૂકતું માપ આપતી બીડ પોલીસ નિષ્પક્ષ તપાસ કરી શકતી નથી એવો આક્ષેપ દમણિયાએ કર્યો હતો.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં તેમણે વધુમાં આરોપ કર્યો હતો કે મહારાષ્ટ્રના પ્રધાનો ધનંજય મુંડે અને પંકજા મુંડે, બંને બીડના છે, તેઓ ફોન અને સંદેશાઓ મારફત 'અપમાનજનક અને અભદ્ર ભાષા'થી તેમને નિશાન બનાવી રહ્યા છે.

મારા પર આરોપ છે કે મેં વણઝારી સમુદાયને નિશાન બનાવીને સામાજિક વિસંવાદિતા પેદા કરી છે. મેં એવું કશું જ કર્યું નથી. મેં હમણાં જ ઉલ્લેખ કર્યો છે કે ગોપીનાથ મુંડે (ભાજપના દિવંગત દિગ્ગજ નેતા)ના સમયથી બીડમાં તમામ સરકારી હોદ્દેદારો એક જ સમુદાયના છે. કરાડ સાથે ચોક્કસ સમુદાયના સાથે નાતો ધરાવતી જિલ્લા પોલીસ તપાસ નહીં કરી શકે.' (પીટીઆઈ)

### મરાઠા સંગોઠનોની

સોનાવણે, ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસ, મરાઠા કાર્યકર્તા મનોજ જરાંગે સહિત તમામ પક્ષોના નેતાઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દેખાવકારોએ રાજ્યના પ્રધાન ધનંજય મુંડે વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા અને તેમને પ્રધાનપદેથી દૂર કરવાની માગણી કરી હતી. સંવાદદાતાઓ સાથે વાત કરતા ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસે કહ્યું હતું કે 'દેશમુખની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) તપાસમાં સામેલ થશે. હું ઇડીના અધિકારીઓ, કેન્દ્રીય ગૃહપ્રધાન અને મુખ્ય પ્રધાનને આ મામલે પત્ર લખીશ.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કેટલાક પોલીસ અધિકારીઓને આ કેસમાં સહ-આરોપી બનાવવા જોઇએ, અને બોડીગાર્ડ તરીકે કામ કરતા કરાડના પોલીસકર્મીઓ સામે કાર્યવાહી થવી જોઈએ.'

ધસે અન્ન અને નાગરિક પુરવઠા પ્રધાનપદેથી મુંડેના રાજીનામાની માંગણી કરી નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપી અધ્યક્ષ અજિત પવારને આ મુદ્દાની તપાસ કરવા અને નિર્ણય લેવા વિનંતી કરી હતી. (પીટીઆઈ)

### મીરારોડમાં વેપારીની

રોડ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૪ તરફ ભાગી છૂટ્યો હતો. માથામાં ગોળી વાગવાથી ગંભીર રીતે ઘવાયેલા અન્સારીને ત્વરિત હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો.

આ ઘટના બાદ નયાનગર પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો દાખલ કરાયો હતો અને તેની સમાંતર તપાસ ક્રાઇમ બ્રાન્ચ પણ કરી રહી હતી. ગુનામાં સંડોવાયેલા આરોપીને પકડવા વિશેષ ટીમ તૈયાર કરવામાં આવી હતી.

આ ટીમે ઘટનાસ્થળના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને મળેલી માહિતીને આધારે નાલાસોપારાથી શનિવારે સૈફઅલી ખાનને ઝડપી પાડ્યો હતો.

આરોપીની પૂછપરછમાં મોહંમદ યુસુફ આલમનું નામ સામે આવતાં તેને પણ બાદમાં બદલાપુરથી તાબામાં લેવાયો હતો. યુસુફ આલમ અને અન્સારી વચ્ચે જૂની અદાવત હતી અને યુસુફે તેને ધમકી પણ આપી હતી. યુસુફે કરેલા ગુનામાં કરેલા ગુનામાં અન્સારી સાક્ષીદાર હતો. દરમિયાન યુસુફે કાવતરું ઘડીને અન્સારીની હત્યા કરાવી હતી.

### હૉસ્પિટલમાંથી

તેના પિતા પાસે લઇ જઇ રહી હોવાનું કહ્યું હતું. જોકે તે શિશુને લઇ ફરાર થઇ ગઇ હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

મહિલા પાછી ન ફરતાં દંપતીને શંકા ગઇ હતી અને તેમણે સરકારવાડા પોલીસનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે હોસ્પિટલના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસતાં તેમાં મહિલા શિશુને લઇ જતી નજરે પડી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજને આધારે મહિલાની શોધ ચલાવી હતી. દરમિયાન મહિલા દિંડોરી ગઇ હોવાની માહિતી મળતાં પોલીસ ત્યાં રવાના થઇ હતી અને મહિલાને તાબામાં લઇને શિશુનો છુટકારો કરાવ્યો હતો, જેને બાદમાં તેના પરિવારને સોંપાયું હતું. મહિલાએ પૂછપરછમાં પોલીસને જણાવ્યું હતું કે પોતે નિઃસંતાન હોવાથી હોસ્પિટલમાંથી શિશુને લઇ તે ભાગી છૂટી હતી. (પીટીઆઇ)

### ભાજપના વિધાનસભ્યને

જણાશે તો પવાર તેમની સામે પગલાં લેતાં નહીં અચકાય.

બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખનું ૯ ડિસેમ્બરે અપહરણ કરી, અત્યાચાર ગુજારી તેમની હત્યા કરવામાં આવી હતી. પવનચક્કી પ્રોજેક્ટ ચલાવતી એક ઊર્જા કંપની પાસેથી પૈસા પડાવવાના પ્રયાસને નિષ્ફળ બનાવવાનો પ્રયાસ તેમણે કર્યો હતો.

મહારાષ્ટ્રના પ્રધાન અને એનસીપી નેતા ધનંજય મુંડેના સહયોગી વાલ્મિક કરાડની ખંડણીના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. પોલીસે હત્યાના કેસમાં અત્યાર સુધીમાં સાત જણની ધરપકડ કરી છે. ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઈડી)ની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) આ કેસની તપાસ કરી રહી છે.

ચવ્હાણે જણાવ્યું હતું કે શનિવારે પરભણીમાં એક વિરોધ પ્રદર્શન દરમિયાન ધસે એનસીપીના અધ્યક્ષ અને ડેપ્યુટી સીએમ અજિત પવારને નિશાન બનાવી પૂછ્યું હતું કે તેમના વચન (આ કેસની તપાસ સંદર્ભે)નું શું થયું? (પીટીઆઈ)

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધોરાજી નિવાસી હાલ કાંદિવલી મુંબઈ, સ્વ. પ્રસન્નબેન (શાંતાબેન) હરસુખલાલ અમૃતલાલ મોદી, તે દૂધીબેન મોહનલાલ શેઠ, જામનગર નિવાસીના સુપુત્રી (ઉં.વ. ૯૫), તા. ૪-૧-૨૫ના રોજ અરિહંતશરણ થયેલ છે. તે સ્વ. નીના અશોક મહેતા, સૌ. બીના પરેશ મોદી, સૌ. હીના રાજેશ મોદીના માતુશ્રી. ચિ. ધ્રુવીન, પ્રિયંકા, નિયતી, ધર્મીલમ નિધી, રાહીલના દાદી. ચિ. પ્રેક્ષા અને નૈનીશાના નાની, પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી (ટીકર) નિવાસી હાલ ડોમ્બીવલી સ્વ. મધુસુદન શાંતિલાલ મહેતાના ધર્મપત્ની સરોજબેન (ઉં. વ. ૬૮) ૩/૦૧/૨૦૨૫ ના રોજ અરિહંતશરણ પામેલ છે. કૃણાલ અને અભયના માતુશ્રી. ડિમ્પલ અને શૈલીના સાસુમાં. નીલ, ઝોઈ, વ્રજ અને વેરીનના દાદીમાં. પિયર પક્ષે ઠાડચ નિવાસી હાલ દહીસર, સ્વ. પ્રભાબેન લલ્લુભાઈ દામોદરદાસ પાતાણીના દીકરી.

**સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલાના હાલ ચેન્નઇ મનહરલાલ છગનલાલ દોશી (ઉં. વ. ૮૭) તે સ્વ. ભારતીબેનના પતિ. સ્વ. પ્રશાંત, પ્રતિક, પારસના પિતાશ્રી. રાજશ્રી, સેજલ, નીપાના શ્વસુર, રાશિ જય શાહ, દર્શિત, ખુશીનાં દાદા. જીનલનાં મોટા શ્વસુર. સ્વ. નીમુબેન ઘાટલિયા, જયોત્સનાબેન કામદાર, મંછાબેન સંઘરાજકા, જયશ્રીબેન બાવિશી, ગુણવંતીબેન અંબાવી, સ્વ. કાંતિભાઇ, હરેશભાઇના વડીલ બંધુ. સ્વ. હરસુખલાલ જીવરાજ ઝાટકીયાના જમાઇ તા. ૨-૧-૨૫ના ચેન્નાઇ ખાતે અરિહંતશરણ પામેલ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

માંડવધર નિવાસી હાલ હેદરાબાદ શ્રીમતી લતાબેન ગોસલીયા (ઉં.વ.૬૭) તા. ૦૩/૦૧/૨૫ના અરિહંત શરણ પામ્યા છે, જેઓ શ્રી દીપકભાઈ અમૃતલાલ ગોસલીયાના ધર્મપત્ની તથા અ.સૌ. કીંજલબેન રાજુભાઈ રાઠી તેમ જ અ.સૌ.પ્રિયાબેન દીપેનભાઈ કાપડીયાના માતુશ્રી, તે ભરતભાઈ, વિજયભાઈ, મનીષભાઈના ભાભી, સ્વ.વિમળાબેન અનુપચંદ સંઘવીના પુત્રી, તે સુરેશભાઈ, અશોકભાઈ, દિલીપભાઈ, મીતાબેન રોહિતકુમાર શાહ, ભાવનાબેન નીરજભાઈ શાહના બેન. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ટુંડા હાલે ભુજપુરના રતનશી ખેતશી પાસુ ગંગર (ઉં. ૯૨) તા. ૪/૧ ના અવસાન પામેલ છે. માતુશ્રી બુધ્ધીબેનના પુત્ર. સુંદરબેનના પતિ. ભરત, રેખા, ભારતી, હેમાંગીના પિતા. લખમશી, રમણીક, શાંતિલાલના ભાઇ. ભુજપુરના રતનબેન પ્રેમજી હેમરાજ ગોગરીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સુંદરબેન રતનશી ગંગર, સી-૧૧૧, જય રાધેશ્યામ સો., ડો. આર. પી.રોડ, ડોંબિવલી (પૂર્વ).

કોડાય હાલે ઘાટકોપરના માતુશ્રી સાકરબેન (બચુબેન) મગનલાલ નાનજી ગડા (ઉ. ૮૬) તા. ૪-૧-૨૫ના લોનાવલામાં અરિહંતશરણ પામેલ છે. માતુશ્રી સુંદરબેન નાનજી કચુના પુત્રવધુ. સ્વ. મગનલાલના પત્ની. મહેશ, પ્રવિણાના માતા. બિદડાના લાછબાઇ નાનજી હીરાના પુત્રી. ઠાકરશીભાઇ, છગનભાઇ, લક્ષ્મીબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : મહેશ ગડા, બી-૧૬, પારેખ માર્કેટ, બીજે માળે, ઘાટકોપર (ઇ), મુંબઇ-૭૭.

ગુંદાલાના હિતેન જયંત દેઢિયા (ઉં. વ.૪૫) તા. ૪-૧-૨૫ના અવસાન પામેલ છે. જ્યોતિ જયંતના પુત્ર. હેમલના પતિ. મહેરના પિતા. મીનલના ભાઇ. રાયધણજર રંજનબેન તારાચંદના જમાઇ. પ્રા. શ્રી માટુંગા કચ્છી શ્વે. મૂ. જૈન સંઘની નારાણજી શામજી મહાજન વાડી, ૧લે માળે, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.) ટા. : ૩ થી ૪.૩૦. ચક્ષુદાન કરેલ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ લાકડિયાના સ્વ. લક્ષ્મીચંદ આસુભાઇ મેપશી ગાલા (ઉં. વ. ૭૨) ગુરુવાર તા. ૨-૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. નાનુબેન આસુભાઇના સુપુત્ર. કુસુમબેનના પતિ. જતીન, પારૂલના પિતાશ્રી. રશ્મી, જતીન, બંકીમ, લાકડીયાના પ્રવીણચંદ્ર ગડા, સસરા. સ્વ. પદમશી, મણિલાલ, જયંતીલાલ, મનોહર, સ્વ. કેસરબેન, છેડાના ભાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૬-૧-૨૫ના સાંજે ૪થી ૫.૧૫. ઠે. વર્ધમાન સ્થાનકવાસી સંઘ-દાદર, કરશન લઘુ નિસર હોલ, દાદર.

**સ્થાનકવાસી જૈન**

માંડવધર નિવાસી હાલ હૈદરાબાદ લતાબેન ગોસલીયા (ઉં. વ. ૬૭) શુક્રવાર તા. ૩-૧-૨૫ના હૈદરાબાદ મુકામે અરિહંતશરણ પામ્યા છે. તે દીપકભાઇ અમૃતલાલ ગોસલીયાના ધર્મપત્ની. અ. સૌ. કિંજલબેન રાજુભાઇ રાઠી તેમ જ અ. સૌ. પ્રિયાબેન દીપેનભાઇ કાપડીયાના માતુશ્રી. તે સ્વ. અમૃતલાલ ગોસલીયા તથા લાભુબેન ગોસલીયાના પુત્રવધુ. તે સ્વ. વિમળાબેન તથા સ્વ. અનુપચંદભાઇ સંઘવીના પુત્રી અને તે સુરેશભાઇ, અશોકભાઇ, દિલીપભાઇ, મીતાબેન રોહિતકુમાર શાહ, ભાવનાબેન નીરજભાઇ શાહના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## હિન્દુ મરણ

સોની ચીમનલાલ ગોપાલજી લોઢીયા (ઉં. વ. ૮૧) તે નિલેષ તથા દિપ્તિના પિતાશ્રી. તથા રમેશભાઇ, સ્વ. નવીનભાઇ, નરેન્દ્ર તથા મનસુખના મોટાભાઇ. તા. ૪-૧-૨૫ના રાજકોટ મુકામે શ્રીજીચરણ પામેલ છે.

**ઘોઘારી લોહાણા**

મહુવાવાળા હાલ મુંબઈ ગં.સ્વ. જ્યોતિબેન ચીમનલાલ રવજીભાઈ ચિતલીયાના સુપુત્ર મનીષ(ઉં.વ. ૫૭), તે મીનાના પતિ. તે કરીશ્મા તથા સિદ્ધાર્થના પિતાશ્રી, તે દિવ્યાના સસરા. વિપુલ ત્થા પાયલ (પુજા) કેતનકુમાર ઠકરારના ભાઈ. તે શ્વેતાના જેઠ. તે ક્રિશા ત્થા હૃદયના કાકા. તે શાંતિલાલ દેવચંદ અભાણીના જમાઈ શુક્રવાર તા. ૦૩-૦૧-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા સોમવાર તા. ૦૬-૦૧-૨૫ના રોજ હાલાઈ લોહાણા મહાજન વાડી, સી.પી.ટેન્ક, મુંબઈ મધ્યે સાંજે ૪ થી ૫.૩૦, લૌકિક પ્રથા બંધ છે.

**દેસાઈ સઇ સુતાર જ્ઞાતિ**

ગામ શિહોર નિવાસી હાલ ભાયંદર સ્વ. મનુભાઈ દામજીભાઇ સોલંકીના ધર્મપત્ની ગં. સ્વ દુર્ગાબેન (ઉં.વ.૮૦) તા. ૪/૧/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે હરેશભાઇ, મહેશભાઈ, સ્વ. મંછાબેન સુરેશ વાઘેલા, રેખાબેન ભુપેન્દ્ર ગોહેલ, ઇન્દુબેન યોગેશ માંડલિયા, છાયા ધર્મેશ ડાભીના માતુશ્રી, હર્ષા તથા નયનાના સાસુ, ગામ વળીયા નારણભાઇ જીવનભાઈ ગોહિલના દીકરી, સ્વ. શામજીભાઈ, સ્વ. કાનજીભાઈ, સ્વ. ભુપતભાઇના બહેન. તેમની પ્રાર્થનાસભા તા. ૬/૧/૨૫ ના રોજ ૪ થી ૬ કલાકે દેસાઈ સઇ સુતાર વાડી, અશોક ચક્રવર્તી રોડ, સ્વયંભુ ગણપતિ મંદિર પાસે, કાંદિવલી ઈસ્ટ.

**મોઢ માંડલીયા**

કચ્છ માંડવી હાલે ડોમ્બીવલી સુરેન્દ્ર પ્રાણલાલ મહેતા (ઉં.વ.૭૬) શનિવાર તા. ૪.૧.૨૫ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સ્મિતાબેનના પતિ. જીગ્નેશ જતીનના પિતા. સૌ. નયનાબેન, સ્વ. ધનવંતરાય સ્વ.ઇન્દિરાબેન તથા સ્વ. લીલાવતીબેનના નાનાભાઈ. મધુકાંતા ચીમનલાલના જમાઈ. મીનાક્ષી બેન અને ભાવનાબેનના બનેવી. દિક્ષિતા તથા નીપાના સસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી રાજગોર**

ગામ વીઢના મીઠાબાઇ પુરુષોતમ જેરામ રાજગોરના પુત્ર રસીકભાઇ (ભીખુ) રાજગોર (ઉં. વ. ૭૫) તે વીઢ મધ્યે તા. ૪-૧-૨૫ના રામશરણ પામ્યા છે. તે વાંકીપત્રીના પુરુષોત્તમ રાજગોરના દોહીત્રા તથા ઇશ્વરલાલ, રૂકમણીબેન, તારાબેન, કસ્તુરીબેન, વિમળાબેન, ચંપાબેનના ભાઇ. ઝવેરબેન ઇશ્વરલાલ નાકર (પાર્લાવાળા)ના દીયર. પ્રભાશંકરભાઇ, રમેશભાઇ, નરેન્દ્રભાઇ, મહેન્દ્રભાઇ, (મયૂરભાઇ), મંજુલાબેન, ઉષાબેન, ભગવતીબેન, સાધનાબેન, અનિલાબેનના કાકા. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

જામનગર નિવાસી હાલ ઘાટકોપરના અ.સૌ ગીતાબેન (મધુબેન)(ઉંમરઃ૬૪) તે ૨/૧/૨૫ ના રકાંદિવલી મુકામે શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. વિજયાબેન કાંતિલાલ સંઘાણીના પુત્રવધુ તથા વિનોદભાઈના ધર્મપત્ની, અંકિત તથા ભામીનીના માતુશ્રી મેખલા તથા મેહુલના સાસુ, પિયરપક્ષે રાજુલાવાળા સ્વ. લક્ષ્મીબેન જમનાદાસ તલાટીની દીકરી. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રીય**

સિહોર નિવાસી હાલ (ગોરાઈ) બોરિવલી દીપક સિદ્ધાર્થ યોગી (ઉ.વ. ૫૯) તે તાઃ ૦૩/૦૧/૨૫ના રોજ શ્રી જી ચરણ પામ્યા છે તે સ્વ. સિદ્ધાર્થ છગનલાલ યોગી સ્વ. વસુમતી સિદ્ધાર્થ યોગી ના સુપુત્ર, સ્વ. ઈશ્વરલાલ ઉમરશી મામતોરાના જમાઈ, જયવંતી બેનના પતિ, હેમાંશુના પિતા, સ્વ. પંકજ ભાઈ, સ્વ. નીતા નટવરલાલ બોસામિયા, વીણા વિનોદ પાડીયાના ભાઈ. તેમની પ્રાર્થના સભા સોમવાર તાઃ ૦૬/૦૧/૨૫ સાંજના ના ૪ થી ૬, ઠે.૧૮૧/ઇ-૯, માતૃછાયા સોસાયટી, ગોરાઈ ૨, ગોરાઈ ક્રીક નજદીક, બોરિવલી વેસ્ટ, લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

પંકજભાઈ ગણાત્રા (ઉં. વ. ૭૪) તે સ્વ. અમૃતબેન અને હીરજીભાઈ ગણાત્રા - ગામ અંજાર (હાલે મુલુન્ડ)ના સુપુત્ર, કાજલબેનના પતિ. દીપ અને ધારાના પિતા. મેઘા અને ધર્મેશ પ્રતાપભાઈ ઠક્કરના સસરા, હેમલતાબેન મનોજભાઈ જોબનપુત્રા, મહેન્દ્રભાઈ, શશીભાઈ તેમ જ ઉષાબેન ભરતભાઈ ઠક્કરના ભાઈ, ઠા. જીવરાજ ગણેશ સોમેશ્વર (અંજાર) ના જમાઈ. શનિવાર દિનાંક ૦૪/૦૧/૨૫ ના રોજ પરમધામને પામ્યા છે. પ્રાર્થનાસભાઃ દિનાંક ૦૬/૦૧/૨૫, સોમવારના રોજ સાંજે ૫:૦૦ થી ૭:૦૦ દરમિયાન, સ્થળ : ઑબેરોય ઈટર્નિયા, ગ્લાસ હાઉસ, એલ. બી. એસ. રોડ, મુલુંડ (વેસ્ટ) લૌકિક વ્યવહાર બંધ છે.

**મેઘવાળ**

ગામ ભાદરોડ હાલ આર્થર રોડ નિવાસી, સ્વ. વાલીબેન લક્ષ્મણ વિશ્રામ બારીયાના પુત્ર હિંમત લક્ષ્મણ બારીયા, (ઉં. વ.૪૪) તા. ૩/૧/૨૫, શુક્રવારના સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ દીપાબેનના પતિ. ધ્રુવના પિતા. વિનોદભાઈ, જીતેન્દ્રના ભાઈ. જસવંતીબેન દેવજીભાઈ પ્રેમજી રાઠોડના જમાઈ. વાઘ પરિવારના ભાણેજ. બારમાની વિધિ તારીખ ૭/૧/૨૫, મંગળવારના સાંજે પાંચ કલાકે તેમના નિવાસ્થાને ૬૦૫-નવરત્ન સોસાયટી, જે. આર. બોરીચા માર્ગ, રામદેવ નગર, કસ્તુરબા હોસ્પિટલની સામે, આર્થર રોડ.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ

## મનન

# મૃત્યુ

હેમંત વાળા
feedback@bombaysamachar.com



મૃત્યુ સત્ય છે. મૃત્યુ અફર છે. મૃત્યુ રૂપાંતરણ છે અને સાથે સાથે બદલાવ પણ છે. મૃત્યુ ચોક્કસ પ્રકારના 'છુટકારા' માટેનું અગત્યનું માધ્યમ છે. મૃત્યુ જરૂરી છે. મૃત્યુ થકી જ નવી સંભાવના ઉભરે છે. એ રીતે જોતાં મૃત્યુ આશીર્વાદ સમાન છે. મૃત્યુ એ ઈશ્વરની કરુણા તથા તેના સચોટ આયોજનનું પ્રતીક છે. મૃત્યુને કારણે જ ચોક્કસ પ્રકારના ચિંતનની સંભાવના પ્રગટે છે. સમજી જવાય તો મૃત્યુ આશા છે નહીંતર મૃત્યુ નિરાશાજનક બની રહે. મૃત્યુ છે એટલે જ નવી સંવેદનાઓ અને નવી સંભાવનાઓ જન્મે છે. મૃત્યુના અભાવે કદાચ બધું જ એકધારું થઈને ઉભું રહે.

મૃત્યુ છે તો જન્મ છે અને જન્મ છે તો મૃત્યુ છે. મૃત્યુને કારણે જ અસ્તિત્વની મર્યાદાઓની જાણ થાય છે અને વાસ્તવિકતા સમજવા 'દર્શન' માટેની જિજ્ઞાસા જાગે છે. મૃત્યુને કારણે ક્યાંક સ્વચ્છંદતા નિયંત્રિત રહેતી હોય તેમ જણાય છે. મૃત્યુને કારણે જ સંસારમાં પાપની માત્રા ઘટતી હશે. મૃત્યુ એક હકારાત્મક સત્ય છે.

મૃત્યુ પછીની ગતિ માટે દરેક પંથ દ્વારા જાતજાતની ધારણાઓ પ્રસ્તુત કરાઈ છે. ક્યાંક પૂર્વ જન્મની તો ક્યાંક 'ન્યાય'ના સમય સુધી પ્રતીક્ષાની વાત કરાતી હોય છે. કર્મ પ્રમાણે અન્ય કોઈ લોક તરફના પ્રયાણની વાત તો ક્યાંક સ્વર્ગ કે નર્ક જેવી ધારણાઓ માટે દલીલ થતી હોય છે. મૃત્યુ પછીની સંભવિત ગતિ માટે ઊભો થતો પ્રશ્ન સ્વાભાવિક છે. પ્રત્યેક જીવંત વ્યક્તિને જીવનના અસ્ત પછીની સ્થિતિ માટે કુતૂહલ હોવું પણ જોઈએ. આની માટે સૌથી પહેલા તો એ સ્વીકારી લેવું પડે કે મૃત્યુ પછી પણ અસ્તિત્વ ટકી રહે છે. જોકે ચાર્વાક દર્શનમાં મૃત્યુ પછી કશું જ નથી તેમ સાબિત કરવા પણ પ્રયત્ન કરાયો છે.

સામાન્ય તર્કથી પણ વિચારીએ તો જણાશે કે મૃત્યુ પછી અસ્તિત્વ જે તે પ્રકારે ટકી તો રહે જ છે. જો સૃષ્ટિના અંત સમયે બધા જ કર્મ માટે ન્યાય થઈ જતો હોય તો ફરીથી જ્યારે સૃષ્ટિનું સર્જન થાય ત્યારે બધાને સમાન પ્રકારના જન્મ મળવો જોઈએ. પણ એમ નથી થતું. કોઈક અમીર ઘરમાં જન્મે છે તો કોઈક ગરીબ ઘરમાં. ન્યાય હજી બાકી છે. તો તો પછી જાણવું જ પડે કે મૃત્યુ પછી થાય છે શું. આ પ્રશ્ન મૃત્યુના ઉંમરે ઊભેલ વ્યક્તિના મનમાં જાગે તે સ્વાભાવિક છે, પરંતુ કઠ ઉપનિષદમાં તો બાળક કહી શકાય તેવા નચિકેતાના મનમાં આ પ્રશ્નો ઉદ્ભવે છે. તે મૃત્યુનું રહસ્ય જણાવવા માટે સ્વયં મૃત્યુના દેવતા યમરાજાને પૂછે છે. યમરાજા અન્ય પ્રલોભનો આપી આ બાબતે પ્રશ્ન ન પૂછવા તેને વિનંતી કરે છે, પરંતુ સનાતની સંસ્કૃતિને વરેલો તે બાળક માનતો નથી અને યમરાજા પાસેથી મૃત્યુનું રહસ્ય જાણી લે છે.

જન્મ પામનારનું મૃત્યુ નક્કી છે અને મૃત્યુ પામનાર ફરીથી જન્મ લે છે. ગીતામાં જણાવ્યા પ્રમાણે દેહધારીની જેમ બાલ્યાવસ્થા, યુવાવસ્થા તથા વૃદ્ધત્વ જેવી સ્થિતિ હોય છે તેવી જ અન્ય દેહ પ્રાપ્તિની - મૃત્યુની પણ એક સ્થિતિ જ છે. આમાં મોહ પામવાનો ન હોય. મૃત્યુ એ અંત નથી પણ નવી શરૂઆત છે. ભલે સંસ્કારની છાપ બીજા જન્મમાં વત્તે-ઓછે અંશે જળવાઈ રહેતી હોય તો પણ નવા જન્મમાં મનમાં સંઘરાયેલી સ્મૃતિ નાશ પામે છે. અત્યારની ભાષામાં કહીએ તો મૃત્યુ એ આખી સિસ્ટમ 'ફોર્મેટ' કરવા જેવી પ્રક્રિયા છે - પછી કેટલીક મેમરી બચે પણ છે અને નવા 'સોફ્ટવેર' પણ ઇન્સ્ટોલ થઈ શકે છે.


શરીર વિશે જ્યારે અતિ લગાવ હોય, સંસારમાં સ્થપાયેલાં સમીકરણો પ્રત્યે મોહ હજુ બાકી રહ્યો હોય, 'હું અને મારું'થી પોષાતો પ્રચુર અહંકાર ટકી રહ્યો હોય, વિષયોને વારંવાર માણવાની ઈચ્છા હજુ પણ પ્રબળ હોય અને કશું પણ છૂટતું ન હોય ત્યારે જ મૃત્યુનો ડર લાગે. મૃત્યુ તથા અમૃત સમાન ગણનાર ક્યારેય મૃત્યુથી ડરે નહીં. જે નિસ્પૃહ હોય અને મૃત્યુ પાછળ છુપાયેલા સત્યને સમજવા સમર્થ હોય તેને મૃત્યુનો ડર ન લાગે. રાગ-દ્વેષ તથા મોહ-માયામાં લપટાયેલ વ્યક્તિ જ મૃત્યુને દૂર ધકેલવા પ્રયત્ન કરે. મૃત્યુને કોઈ ટાળી શકતું નથી. પ્રાણીમાત્ર નું મૃત્યુ નક્કી છે તેમ સૂર્ય-ચંદ્ર પણ એક સમયે લય પામશે. સમય પણ મૃત્યુ પામે છે, સ્થળ પણ મૃત્યુ પામે છે, પરિસ્થિતિ પણ મૃત્યુ પામે છે, જડ અને ચેતન બન્ને મૃત્યુ પામે છે, સુખ અને દુ:ખનો પણ ક્યારેક અંત આવે છે. સંબંધોનાં સમીકરણો પણ એક સમયે નાશ પામે છે.

પરમ જ્ઞાનને કારણે જ્યારે શાશ્વત શૂન્યતામાં પ્રવેશ મળે ત્યારે જાણે જ્ઞાન પણ મૃત્યુ પામે છે. ભક્તિના ફળ સ્વરૂપ ઈશ્વર સાથે તાદાત્મ્યતા મળે ત્યારે ભક્તિનો પણ અંત આવે છે. નિષ્કામ કર્મ કરતા કરતા નિર્વાણની સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે કર્મનો પણ અંત આવે છે. યોગની પરમ સિદ્ધિ પામ્યા પછી આગળ કશું સિદ્ધ કરવાનું બાકી નથી હોતું. જે અસ્તિત્વમાં પ્રગટે છે તે સૃષ્ટિમાં લય પામે છે. લય પામવું અર્થાત વિશાળમાં એકાકાર થઈ જવું. વ્યવહારિક દ્રષ્ટિએ આ પણ મૃત્યુ છે.

મૃત્યુને જાણી લેવાથી તેનો ભય દૂર થઈ શકે. મૃત્યુને જાણવાથી કદાચ તેના પર વિજય પણ મેળવી શકાય. પરંતુ મૃત્યુ સમાન સત્ય જાણ્યા પછી આ પ્રકારના વિજયની ન રહે ઈચ્છા કે ન રહે જરૂરિયાત. એમ પણ બને કે મૃત્યુને જાણ્યા પછી જીવન માટેનું મોહ જ ન રહે. મૃત્યુને જાણવું એટલે તેનો હકારાત્મકતાથી સ્વીકાર કરવો, તેને ઈશ્વરની પ્રસાદી સમાન ગણવું અને ભવિષ્યમાં મૃત્યુ ન આવે તે માટે ફરીથી જન્મની સંભાવના દૂર કરવી.

એક સ્થિતિને પહોંચ્યા પછી બધું જ લય પામે છે. આત્માને ઓળખવાની અને તેની પ્રતીતિ કરવાની આ સ્થિતિ છે. પછી નથી શરીર કે નથી જન્મ કે નથી મૃત્યુ. પછી જન્મ કે મૃત્યુનું રહસ્ય જાણવાનું મહત્ત્વ પણ નથી રહેતું. પછી તો ચિદાનંદ સ્વરૂપ આત્માનું અસ્તિત્વ જ રહે છે. ■

# જેમના ઘરમાં રામકથા હોય છે, એમના ઘરમાં સાત રત્નો હોય છે



## માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com



'રામચરિતમાનસ'માં સાત સોપાન છે. એનાં નામ છે- 'બાલકાંડ', પ્રથમ સોપાન; 'અયોધ્યાકાંડ',બીજું સોપાન; 'અરણ્યકાંડ', ત્રીજું; 'કિષ્કિન્ધાકાંડ',ચોથું; 'સુંદરકાંડ', પાંચમું; 'લંકાકાંડ', છઠ્ઠું; 'ઉત્તરકાંડ', સાતમું સોપાન છે. આ સાત સોપાનની સીડી છે. જે રામકથાનો આશ્રય કરે છે, એ તળેટીમાં હોય એને પણ શિખર સર કરાવી દે છે, અને જે માણસે બહુ જ ઊંચાઈ સિદ્ધ કરી લીધી હોય એ માણસને ધરામાં પહોંચાડે છે, જેથી એ નિરાભિમાની બને. આ સીડી બંને પ્રકારનું કામ કરે છે. આ સાત સોપાનની રામકથા છે. જેમના ઘરમાં રામકથા હોય છે, એમના ઘરમાં સાત રત્નો હોય છે. હું ભગવાન વેદને પ્રાર્થના કરીને આ શ્રુતિવાક્ય લઇ રહ્યો છું. વેદનું એક વાક્ય છે, 'દમે દમે સપ્ત રત્નાઃ ' દમ એટલે દમન. સીધી વાત છે. અનેક મહાપુરુષોએ વેદોનું ભાષ્ય કર્યું , એ બધી વ્યાસકર્મ કરનારી આપણા દેશની પરમપ્રજ્ઞાને પ્રણામ; પરંતુ મહામુનિ વિનોબાજીએ 'દમ' શબ્દનો જુદો જ અર્થ કર્યો. વિનોબાજી કહે છે, દમ એટલે ઘર. આપણે કહીએ છીએ ,બે મિનિટ દમ લેવા દો.દમ એટલે શાંતિ. તો, શાંતિ ઘરમાં જ મળે. તો,'દમે દમે સપ્ત રત્નાઃ' તો, ઘર-ઘરમાં સાત રત્નો હોય છે, હોવા જોઈએ. અને આ કેટલી વ્યવહારુ વાત છે ?

તો, વેદને પૂછવામાં આવ્યું કે સપ્ત રત્નનો આપણો મતલબ શું ? તો, ભગવાન વેદે કહ્યું, પહેલું રત્ન,આંગણવાળું ઘર હોય. એક એવું ઘર હોય, જ્યાં આંગણ હોય. બીજું રત્ન, સૌને ભરપેટ પોષક ભોજન મળે. વેદોએ વિચાર કર્યો કે ભરપેટ અને સારું ભોજન મળે. ત્રીજું રત્ન છે, સારાં કપડાં પ્રાપ્ત થાય, સારાં વસ્ત્રો પ્રાપ્ત થાય. સારાં કપડાંનો મતલબ લોકો લાજ-મર્યાદાથી જીવી શકે. કપડાં મર્યાદાનું પ્રતીક છે. ચોથું રત્ન, સૌને આરોગ્ય અને દવા મળે. પાંચમું રત્ન છે, સૌને સારી તાલીમ મળે. છઠ્ઠું રત્ન છે, આપણા કાર્યક્ષેત્રમાં કામ કરવાનાં સારાં સાધન મળે. સાતમું રત્ન ઋષિએ બતાવ્યું કે, સૌને સારું-સાત્ત્વિક મનોરંજન પ્રાપ્ત થાય. ઋષિ કેટલા વ્યવહારુ હશે?

મારાં ભાઈ-બહેનો, એક 'રામચરિતમાનસ' પકડી લો, વેદોએ જે રત્નની વાત કરી છે, એ સાતેય રત્ન તમારા ખિસ્સામાં આવી જશે. તમે કહેશો, કેવી રીતે ? તો, આંગણવાળું ઘર એટલે તમારું હૃદય એક ઘર છે. એ વિશાળ થઇ જશે, ઉદાર થઇ જશે; કેમ કે 'રામાયણે' આંગણવાળા ઘરની ચર્ચા કરી છે. રુચિર આંગણની ચર્ચા 'માનસ'માં છે. આપણું હૃદય સંકીર્ણ ન થઇ જાય, ઉદાર રહે. આપણને ભરપેટ ભોજન મળે. રામકથા સાંભળતાં સાંભળતાં તમને હરિનામનું વ્યસન થઇ જાય. હરિનામ જપવાની એકદમ ઈચ્છા થઇ જાય. તો, હરિનામ સમાન પૌષ્ટિક આહાર બીજો કયો છે ? રામ સચ્ચિદાનંદ છે. હરિનામ જપવાથી અંદરનાં કેમિકલ્સ બદલે છે. અંદર એક જુદી જ જાતનું સંગીત નિર્મિત થાય છે. રામકથા બહુ જ સુંદર મર્યાદાનાં કપડાં પહેરાવે છે. સ્વતંત્રતા છિનવતી નથી, પરંતુ સહજ મર્યાદા પ્રદાન કરે છે. સારું આરોગ્ય અને સારી દવા મળવી જોઈએ. 'જાસુ નામ ભવ ભેષજ ' દુનિયામાં કોઈ ન કરી શકે એવો માનસ રોગનો ઈલાજ ગોસ્વામીજીએ 'રામચરિતમાનસ'માં કરાવી દીધો.

પાંચમું, સારી તાલીમ. રામકથા દ્વારા નવયુવાન ભાઈ-બહેનો કેટલી સારી તાલીમ પ્રાપ્ત કરે છે ? વ્યક્તિ નહીં, વિચાર પકડો. એક વિચારમાંથી તમે મૂર્તિનું નિર્માણ કરો તો એ મૂર્તિ કોઈ આક્રમક વ્યક્તિ તોડી શકે છે, પરંતુ મૂર્તિ પ્રત્યેના તમારા જે વિચાર પ્રગટ્યા છે એ વિચારને કોઈ તોડી નથી શકતું. વિશ્વમાં વૈચારિક મૂર્તિભંજક કોઈ પેદા નથી થયો. સ્થૂળ તોડી શકાય છે. કથા નવા થવાની તાલીમ છે. રામકથા સારી તાલીમ પ્રદાન કરે છે; અને રામકથા જીવનમાં સારાં સાધન અપાવે છે, ભૌતિક પણ અને આધ્યાત્મિક પણ. તમે તમારો માર્ગ નિશ્ચિત કરી શકો છો. રામકથા સાંભળતાં સાંભળતાં તમે કોઈ નિર્ણય પર આવી શકો છો કે મારો મારગ આ જ છે, મારે આ રસ્તેથી જવાનું છે. અને સાતમું રત્ન છે નિર્દોષ,આબાલ-વૃદ્ધ સૌની વચ્ચે બેસીને એન્જોય કરી શકાય એવું મનોરંજન સૌને મળવું જોઈએ. રામકથા-

બુધ બિશ્રામ સકલ જન રંજનિ
રામકથા કલિ કલુષ બિભંજનિ

રામકથા પંડિતોનો વિશ્રામ છે અને સર્વસામાન્ય જનોનું મનોરંજન છે. ઉત્તમ મનોરંજન પ્રાપ્ત થવું જોઈએ. તો, હું ક્યારેક તમારી સમક્ષ કોઈ શે'ર, કોઈ શાયરી,સુગમ સંગીતનું ગીત,કોઈ સંતવાણી કે પછી કોઈ ફિલ્મગીતની પંક્તિ પ્રસ્તુત કરું છું, તો એ ફિલ્મનું ગીત નથી હોતું. યાદ રાખજો, ફિલ્મનું ગીત મેં ક્યારેય ગાયું નથી, હું ગાતો નથી, હું ગાઇશ નહીં. રામકથા એક વૈશ્વિક બુલાવા છે. આપણે પાંચ લોકોનું મનોરંજન નથી કરી શકતાં. મેરે ભાઈ-બહેન, આખો સંસાર રામકથામાં ઝૂમે છે, કેમ ? કારણ કે ભગવાનની કથા કલિયુગના કલિ કલ્મષને હરે છે. તો આનાથી વધુ સરળ ઉપાય બીજો કયો હોઈ શકે ? આપણામાં જે કલિયુગના મેલ હશે તેને છોડાવી દેશે રામકથા. ધીરે ધીરે છૂટશે. જૂઠું બોલવા જશો ને 'માનસ'ની ચોપાઈ યાદ આવશે તો જૂઠું બોલતાં બાધ્ય કરશે.

અસત્યમાં જીવવું, અપવિત્રતામાં જીવવું, હિંસક અને ક્રૂર બનીને જીવવું, નિર્દયી અને કઠોર બનીને જીવવું, નિરંતર ભયભીત રહેવું, આયુષ્ય ઓછું છે છતાં મારે આટલું કરી લેવું છે એવી સમજનો અભાવ અને ભગવદ્ સુમિરનનો વેગ ઘટી જવો, એ બધા કલિકલ્મષ છે. તુલસી કહે છે દંભ, પાખંડ, દ્વેષ, કપટ, મદ, માર એ બધાં આખા બ્રહ્માંડમાં વ્યાપી રહ્યા છે. લોકો કરશે તો પણ તામસ તપ, જપ કરશે. એકબાજુ આટલી ભીષણતા છે પાપોની અને બીજી તરફ કેટલું સરળ સાધન, ઉપાય છે કે સૂનો રામકથા, ગાઓ રામકથા અને સ્મરો રામકથા, તમારાં કલિકલ્મષનો નાશ થઈ જશે! મેં કેટલીયે વાર કહ્યું છે કથામાં આનંદ આવે છે, કારણ કે કથા પાપોનો નાશ કરે છે. પાપ હી આનંદ નથી લેવા દેતાં. આનંદ તો આપણો સ્વધર્મ છે. આનંદ કંઈ ખરીદ કરવા નથી જવું પડતું, પણ પાપ છાયેલાં છે અને કથામાં આનંદ આવે છે, કારણ પાપ મિટે છે. મન રંજન થાય છે, કથામાં એ કામ કરી દીધું,આપણું કલ્મષ મિટાવી દીધું, આપણા સ્વરૂપનું આપણને ભાન કરાવી દીધું.

અરણિમંથનથી જેમ અગ્નિ પ્રગટ થાય,તેમ રામકથા માણસમાં વિવેકને જન્મ આપે છે. જો વિવેક ન જન્મે તો સમજો કે અરણિમંથન થયું જ નથી. બે અરણિની લાકડીઓને ઘસવાથી અગ્નિ પ્રગટ થાય છે. રામકથાનું મંથન, ચિંતન, અરણિમંથન સિદ્ધ થશે ને વિવેક પ્રાપ્ત થશે.

તો, જો આપણા ઘરમાં 'રામચરિતમાનસ' છે, તો આપણા ઘરમાં સાત રત્ન છે. આપણે એને ઘણા અર્થોમાં જોડી શકીએ છીએ. તો, રામકથાનો આવો અદભુત મહિમા છે. 'માનસ'નો મહિમા શું ગાવો ? શાસ્ત્ર માણસને કોઈ પણ સ્થિતિમાં કેટલો બધો આનંદ આપે છે? મને અને તમને,આપણને સૌને પ્રસન્ન કરી શકે છે. હું બોલવાથી આટલો બધો પ્રસન્ન થઇ શકું છું, તો મારો શ્રોતાગણ સાંભળવાથી વિશેષ પ્રસન્ન રહી શકે છે.તો,'માનસ'નો મહિમા એ જ છે કે કેટલા બધા સમય પછી પણ કથા ચાલી રહી છે અને છતાં લોકો સાંભળતા થાકતા નથી!

(સંકલન : જયદેવ માંકડ)■

# આપણાં પુરાણો ને મહાકાવ્યો ઉચ્ચ આધ્યાત્મિક સત્યોથી ભરપૂર સાહિત્ય છે

## અલૌકિક દર્શન

ભાણદેવ
bhandev@bombaysamachar.com




'કેનોપનિષદ'ના પ્રારંભમાં ઋષિ પ્રશ્નો અને ઉત્તરો દ્વારા જે તત્ત્વનું, જે સત્યનું પ્રકાશન કરે છે, તે જ તત્ત્વ અને સત્યનું પ્રકાશન તેઓ આ લઘુકથા દ્વારા પણ કરે છે. જે સત્ય મંત્ર દ્વારા કહેવાય છે, તે જ સત્ય કથા દ્વારા પણ કહેવાય છે.

કથાસાહિત્યના સ્વરૂપને સ્પષ્ટ રીતે સમજવા માટે આપણે એક બીજું દૃષ્ટાંત લઈએ.

ઉપનિષદોમાં વેદાંતદર્શન વ્યક્ત થયું છે. ઉપનિષદોમાં આ દર્શન મંત્રસ્વરૂપે પ્રગટ્યું છે. આ જ વેદાંતદર્શન 'બ્રહ્મસૂત્ર'માં સૂત્રસ્વરૂપે પ્રગટ્યું છે. આ જ વેદાંતદર્શન 'શાંકરભાષ્ય'માં ભાષ્યરૂપે પ્રગટ્યું છે. આ જ વેદાંતદર્શન 'માંડૂક્યકારિકા'માં શ્લોકો દ્વારા રજૂ થયું છે. આમ વેદાંતદર્શનનાં આધ્યાત્મિક, તાત્ત્વિક અને બ્રહ્માંડરચના-વિષયક સત્યો ચાર રીતે પ્રગટ્યાં છે : મંત્રરૂપે, સૂત્રરૂપે, ભાષ્યરૂપે અને શ્લોકરૂપે. આ ઉપરાંત વેદાંતદર્શન એક પાંચમા સ્વરૂપે પણ પ્રગટ્યું છે. 'યોગવાસિષ્ઠ-મહારામાયણ'માં વેદાંતદર્શન કથાસ્વરૂપે પ્રગટ્યું છે. 'યોગવાસિષ્ઠ-મહારામાયણ'માં મહર્ષિ વસિષ્ઠજી ભગવાન શ્રીરામને વેદાંતદર્શનનો જ ઉપદેશ આપે છે, પરંતુ કથાઓના માધ્યમ દ્વારા. કથાઓના માધ્યમ દ્વારા પણ વેદાંતદર્શન સમજાવી શકાય છે તેનું 'યોગવાસિષ્ઠ-મહારામાયણ' સર્વશ્રેષ્ઠ દૃષ્ટાંત છે, એટલું જ નહીં, પરંતુ 'યોગવાસિષ્ઠ-મહારામાયણ' દ્વારા આપણા કથાસાહિત્યનું સ્વરૂપ પણ પ્રગટ થાય છે.

આપણાં પુરાણો, આપણાં મહાકાવ્યો આ પ્રકારનું ઉચ્ચ આધ્યાત્મિક સત્યોથી ભરપૂર સાહિત્ય છે. આપણે જો આ કથાઓને ખોલીને જોઈએ તો કથાના બાહ્ય પરિવેશની અંદર રહેલા સત્યનાં - તત્ત્વનાં દર્શનને પામી શકીએ અને ધન્ય થઈએ.

'पुरा नव इति पुराणः।' 'પુરાણાં સત્યોને કેવી રીતે રજૂ કરે તે પુરાણ છે.' જે સનાતન સત્ય પ્રાચીન ગ્રંથોમાં સિદ્ધાંતરૂપે વ્યક્ત થયું છે, તે જ નવી પદ્ધતિથી, કથાના માધ્યમથી વ્યક્ત થાય ત્યારે તેને પુરાણ કહેવામાં આવે છે. આ જ હકીકત 'રામાયણ', 'મહાભારત', 'યોગવાસિષ્ઠ-મહારામાયણ' આદિ ગ્રંથોને પણ લાગુ પડે છે.

આપણા કથાસાહિત્યમાં ચાર તત્ત્વો ભળેલાં જોવા મળે છે. ચાર પ્રવાહો એકઠા થઈને આપણા કથાસાહિત્યની રચના થઈ છે :

૧. ઐતિહાસિક ઘટનાઓનો આધાર :

'રામાયણ', 'મહાભારત' આદિ મહાકાવ્યોમાં જે પાત્રો અને કથાપ્રવાહનું વર્ણન છે તે માત્ર કલ્પના નથી. તેની પાછળ ઐતિહાસિક ઘટનાનો આધાર છે. રામકથા, કૃષ્ણકથા, કૌરવ-પાંડવોની કથા - આ બધી ઘટનાઓ આર્યાવર્તમાં ક્યારેક બનેલી ઐતિહાસિક ઘટનાઓ છે.

૨. ઐતિહાસિક ઘટનાઓમાં આવશ્યક પરિવર્તન :

મહાકાવ્યો અને પુરાણોને ઐતિહાસિક આધાર હોવા છતાં તેઓ માત્ર ઇતિહાસના ગ્રંથો નથી, શુદ્ધ ઇતિહાસ નથી. આધ્યાત્મિક સત્યોની અભિવ્યક્તિનું માધ્યમ બની શકે તે માટે તેમનામાં આવશ્યક પરિવર્તનો પણ કરવામાં આવેલાં છે. રામ-રાવણનું યુદ્ધ ઐતિહાસિક ઘટના છે, પરંતુ 'રામયણ'માં તે યુદ્ધનું જે સ્વરૂપે વર્ણન છે તેને શબ્દશઃ ઐતિહાસિક ઘટનારૂપે લઈ શકાય નહીં. હનુમાનજીની રામેશ્વરથી લંકા સુધીની સૌ યોજનની છલાંગ ઐતિહાસિક ઘટના નથી, પરંતુ કોઈક આધ્યાત્મિક સત્યને વ્યક્ત કરતી સાંકેતિક ઘટના છે. તે જ રીતે હનુમાનજી હિમાલયથી એક જ રાત્રિમાં ઔષધિ-સહિતના પહાડને ઊંચકીને લઈ આવ્યા તે પણ ઐતિહાસિક ઘટના નથી, પરંતુ આધ્યાત્મિક સત્યને રજૂ કરતી સંકેતકથા છે તેમ સમજવું જોઈએ.

૩. આધ્યાત્મિક તત્ત્વોઃ

કથાના માધ્યમ દ્વારા આધ્યાત્મિક, તાત્ત્વિક, સૃષ્ટિરચનાવિષયક સત્યોને અભિવ્યક્ત કરવામાં આવે છે. આ આધ્યાત્મિક આદિ સત્યો જ કથાઓનું કેન્દ્રસ્થ તત્ત્વ છે, પ્રધાન વિષય છે. કથાનાં પાત્રો અને પ્રસંગો તો કથાનું બાહ્ય ક્લેવર છે. આ બાહ્ય કથા દ્વારા જે સત્ય વ્યક્ત થાય છે, તે કથાનો આત્મા છે. આ સત્યો કથાના માધ્યમ દ્વારા સાંકેતિક રીતે રજૂ કરવામાં આવે છે.

૪. સાંકેતિક રચનાઃ

પાત્રો, કથા, સંવાદો, વર્ણન આદિ તત્ત્વોની ગોઠવણ સાંકેતિક સ્વરૂપે કરવામાં આવે છે. સત્યને સંકેત દ્વારા અભિવ્યક્ત કરવાની આપણી અતિ પ્રાચીન પદ્ધતિ છે. વેદની સંહિતાઓમાં પણ સત્યને સાંકેતિક રીતે રજૂ કરવાની પદ્ધતિ જોવા મળે જ છે.

મહર્ષિ પાણિનિએ તેમના અજોડ વ્યાકરણગ્રંથ 'અષ્ટાધ્યાયી'માં અગિયાર 'લ' કારોનું વર્ણન કર્યું છે. આમાંના 'લ'કાર 'લેટ'નો ઉપયોગ માત્ર વેદમાંજ થયો છે અને અન્યત્ર બાકીના દશ 'લ'કારોનો જ ઉપયોગ થાય છે આ 'લેટ' 'લ' કારને 'વૈદિક સંકેતાર્થ' કહેવામાં આવે છે. તત્ત્વને સાંકેતિક રૂપે અભિવ્યક્ત કરવા માટે આ એક વિશિષ્ટ સ્વરૂપની અર્થરચના છે. વેદસંહિતાઓમાં તત્ત્વને સાંકેતિક રીતે રજૂ કરવાની પદ્ધતિ કેટલી મૂલ્યવાન અને મહત્ત્વપૂર્ણ છે તેનો ખ્યાલ આ એક પદ્ધતિ પરથી આવી શકે તેમ છે કે વેદમાં સંકેતાર્થ ('લેટ')નામની એક વિશિષ્ટ વ્યાકરણ-યોજના પણ છે.

આપણા ઉત્તરકાલીન આધ્યાત્મિક-ધાર્મિક સાહિત્યમાં પણ આ સાંકેતિક રચનાની પદ્ધતિ ચાલુ રહી છે અને કથાસાહિત્યમાં પણ કથાઓની સાંકેતિક સ્વરૂપે ગોઠવણ કરવાની પદ્ધતિ જોવા મળે છે.

આમ કથાઓની એવી રીતે રચના-ગોઠવણી કરવામાં આવેલ છે કે તે કથાઓ દ્વારા સાંકેતિક રીતે સત્યને વ્યક્ત કરી શકાય.

આ સંકેતરચના પણ આપણા કથાસાહિત્યના સ્વરૂપનું નિર્ધારણ કરનાર એક તત્ત્વ છે - એક પરિબળ છે.

૫. કાવ્યાત્મક અભિવ્યક્તિઃ

'રામાયણ', 'મહાભારત' આદિ ગ્રંથો માત્ર કથાગ્રંથો નથી, આપણાં મહાકાવ્યો પણ છે. 'રામાયણ' તો વિશ્વનું અપ્રતિમ મહાકાવ્ય ગણાય છે. પુરાણોની રચનામાં પણ કાવ્યાત્મક તત્ત્વો છે. 'શ્રીમદ્ભાગવત'નો કૃષ્ણકથા તો છે જ, પરંતુ તે એક સુંદર કાવ્યકૃતિ પણ છે જ.

આપણા કથાસાહિત્યના સ્વરૂપનિર્ધારણમાં આ કાવ્યાત્મક અભિવ્યક્તિ પણ એક મહત્ત્વપૂર્ણ પરિબળ છે.

સુંદર વર્ણનો, અલંકારોનો પ્રચુર માત્રામાં ઉપયોગ, કથાની ગૂંથણીમાં પણ કાવ્યાત્મક દ્રષ્ટિ, રમણીય શબ્દાવલી આદિ પરિબળો પણ કથાસાહિત્યમાં ભળેલાં છે. મહાકવિ જયદેવનું અપ્રતિમ કાવ્ય 'ગીતગોવિંદ' આંતરિક રીતે આધ્યાત્મિક કાવ્ય છે, બાહ્ય દ્રષ્ટિ શૃંગારરસનું કાવ્ય છે. તેની લલિત શબ્દાવલી માટે એ વિશ્વનું અપ્રતિમ કાવ્ય ગણાય છે. આ કાવ્ય રજૂ થયેલી રાધાકૃષ્ણની પ્રણયકથા સાંકેતિક પદ્ધતિથી પ્રેમપથનાં આધ્યાત્મિક રહસ્યો રજૂ કરે છે. આ કાવ્યની રજૂઆતમાં જે કાવ્યતત્ત્વ ભળેલું છે તેની અવગણના કોઈ કરી શકે તેમ નથી.

(ક્રમશઃ)■

પ્રકરણઃ ૫

# ચહેરા મોહરા

**જો ભાઈ, મેં તને પહેલાં પણ કહ્યું હતું કે આ કામમાં જીવનું જોખમ છે. એક એક ડાયમંડની કિંમત લાખોમાં હોય છે. આ તો આપણી પેઢીની બજારમાં શાખ સારી છે... તેથી શહેરના મોટા જ્વેલર્સ આપણી જ આંગડિયા સર્વિસને આવાં જોખમી કામ આપે છે. આજ સુધી આપણે ત્યાંથી કોઈ માલ ખોવાયો કે ચોરાયો નથી.**

**પ્રફુલ્લ કાનાબાર**



'શિવાની, કાયદો જો એક ખૂન માફ કરતો હોય તો હું સૌથી પહેલું ખૂન મારા નાલાયક બાપનું જ કરી દઉં.....!'

સોહમના ચહેરા પર માને હંમેશાં હેરાન કરતા પિતા પ્રત્યેની નફરત છવાઈ ગઈ હતી. ગુસ્સાથી તેનો ગોરો ચહેરો લાલ થઈ ગયો હતો.

'સોહમ, હું સારી રીતે જાણું છું કે તારા મનમાં પિતા પ્રત્યેની નફરતનો દરિયો ઊછળી રહ્યો છે, પણ તું જે વિચારે છે એ તેનો ઉપાય નથી.'

'તો શું ઉપાય છે?'

સોહમની બંને હાથની મુઠ્ઠીઓ હજુ પણ ગુસ્સાથી વળેલી જ હતી. તેની લાલ થઈ ગયેલી આંખોમાં જાણે કે લાવા ઊછળતો હતો!

'જો, કોઈકે સાચું જ કહ્યું છે કે જીવનમાં એ વ્યક્તિને માફ કરી દો, જેનું ખૂન કરવાની તમને ઇચ્છા થતી હોય. કોઈની સાથે બદલો લેવામાં બહાદુરી નથી, પરંતુ એવી વ્યક્તિને માફ કરી દેવામાં બહાદુરી છે.'

સોહમ નીચું જોઈ ગયો. જોકે તેનો ગુસ્સો તો હજુ અકબંધ જ હતો. શિવાનીએ તેના જમણા હાથ વડે સોહમનો ચહેરો ઊંચો કરીને કહ્યું:

'મેં તને કેટલી વાર કહ્યું છે કે ગુસ્સામાં તું જરા પણ સારો નથી લાગતો.'

આ સાંભળીને સોહમના ચહેરા પર સ્મિત રમી ગયું એ જોઈને શિવાની તેને પ્રેમથી વળગી પડી.

બે દિવસ બાદ સોહમને એક શ્રોફ અને આંગડિયાની પેઢીમાં નોકરી મળી ગઈ હતી. સોહમને ઑફિસમાં બેસીને બિલો બનાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું. સતત નવ-દસ કલાકની નોકરીને કારણે હવે સોહમ પાસે શિવાનીને મળવાનો સમય પણ રહેતો નહોતો. રવિવારે ઘરની બહાર નીકળવા માટે શિવાની પાસે કોઈ બહાનું રહેતું નહી પરિણામે એ બંન્નેનું મળવાનું ઓછું થઈ ગયું હતું.

સોહમ જે ઑફિસમાં હતો ત્યાં મનોહર નામનો એક યુવાન પણ કામ કરતો હતો. મનોહર એટલે શેઠનો ખાસ વિશ્વાસુ માણસ. સુરત અને મુંબઈ સુધી કાયમ મોટી રકમની કેશ પહોંચાડવા મનોહર જ જતો.

એક વાર સોહમ અને મનોહર ઑફિસમાં એકલા હતા ત્યારે મનોહરે કહ્યું હતું: 'સોહમ, આમ ક્યાં સુધી ટૂંકા પગારમાં બિલો બનાવતો રહીશ? મારી જેમ બહારનું કામ પણ કરવા માંડ તો થોડા વધારે પૈસા મળશે. તારું કામ જોઈને શેઠ પગાર પણ વધારી આપશે.'

'મનોહરભાઈ, તમારા કામમાં તો જોખમ પણ ખૂબ હોય છે ને? એક વાર ટ્રેનમાં તમારી પાછળ ગુંડાઓ પડી ગયા હતા અને તમે જીવના જોખમે દસ લાખ બચાવ્યા હતા એ વાત મેં શેઠ પાસેથી જ સાંભળી છે.'

'હા એ વાત સાચી છે. એ દિવસે બે ગુંડા મારી પાછળ પડી ગયા હતા. હું કાળુપુર રેલવે સ્ટેશને પહોંચ્યો ત્યારે બ્લેક પેન્ટ અને તેવા જ કલરનું ટી-શર્ટ પહેરેલો પાંત્રીસેક આસપાસનો એક માણસ મને તાકી રહ્યો હતો. હું વધારે સતર્ક બની ગયો હતો. મારી બ્રિફકેસમાં દસ લાખ રૂપિયા હતા.'

'પછી?' મનોહરની વાતમાં સોહમને રસ પડયો.

'મણીનગર સ્ટેશનથી એક હટ્ટોકટ્ટો માણસ ચડયો અને મારી સામેની સીટ પર જ બેઠો. થોડી વાર બાદ અચાનક મારું ધ્યાન પડ્યું તો પેલો કાળુપુર રેલવે સ્ટેશને મને તાકી રહેલો માણસ મારી બાજુમાં જ આવીને બેસી ગયો. મારી સિકસ્થ સેન્સ કહી રહી હતી કે એ મારી બરોબર સામે બેઠેલાનો સાગરીત જ હતો. હું બ્રિફકેસ સાથે ટૉઇલેટમાં જવાને બહાને ઝડપથી ચાલીને એક ડબ્બામાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજા ડબ્બામાં પહોંચી ગયો. મેં પાછળ જોયું તો એ લોકો મારો પીછો કરી રહ્યા હતા. હું તેમની નજર ચૂકવીને એક ટૉઇલેટમાં ઘૂસી ગયો. દસેક મિનિટ બાદ બહાર નીકળીને વિરુધ્ધ દિશામાં ડબ્બા બદલવા લાગ્યો. એટલામાં નડિયાદ આવ્યું. હું લાગ જોઈને ટ્રેનમાંથી ઊતરી ગયો, પણ પેલા બન્નેને અણસાર આવી ગયો હોવો જોઈએ તેથી એ ડબ્બાના દરવાજા પાસે ઊભા રહીને નડિયાદના પ્લૅટફૉર્મ પર નજર રાખી રહ્યા હતા. ટ્રેન ધીમે ધીમે પ્લૅટફૉર્મ છોડી રહી હતી. હું તેમના ધ્યાનમાં આવી ગયો. બંને ધીમી ગતિએ જઈ રહેલી ટ્રેનમાંથી ઊતરીને મારી પાછળ ઝડપથી ચાલવા લાગ્યા. હું દોડવા લાગ્યો. એ લોકો પણ મારો પીછો કરતાં કરતાં દોડવા લાગ્યા. મારી મતિ મૂંઝાઈ ગઈ હતી. અચાનક મારું ધ્યાન વેઈટિંગ રૂમની બહાર ઊભેલા બે હથિયારધારી રેલવે પોલીસ પર પડ્યું. હું તેમની પાસે પહોંચી ગયો. હવે પેલા બંને ગુંડા સહેજ મૂંઝાઈને ત્યાં ઊભા રહી ગયા. મેં રેલવે પોલીસવાળાને મારી વાત ટૂંકમાં કહી. બંને પોલીસ ત્વરિત ગતિએ પેલા બંને ગુંડાઓ તરફ દોડ્યા અને એમને પકડી પાડ્યા. શરૂઆતમાં તો બંને ગુંડા ગલ્લાંતલ્લાં કરવા લાગ્યા. પ્લૅટફૉર્મ પર ટોળું ભેગું થઈ ગયું. આખરે એ બંનેને ઝડપી લેવામાં આવ્યા. જોકે પુરાવાના અભાવે એ બંને કોર્ટમાં છૂટી ગયા. બસ, એ દિવસથી હું શેઠનો સૌથી વિશ્વાસુ માણસ બની ગયો...'

'મનોહરભાઈ, એ બંનેને કેવી રીતે ખબર પડી હશે કે તમારી બ્રિફકેસમાં દસ લાખ જેવડી મોટી રકમ હતી?'

'સોહમ, આટલાં વર્ષો બાદ ખુદ મને પણ એ વાતની ખબર પડી નથી.'

મનોહર બીડી સળગાવીને ધીમે ધીમે કસ લઈ રહ્યો. સમય વિતતો ગયો. શિવાનીનું પણ કૉલેજનું ભણવાનું પૂરું થઈ ગયું હતું. એને સરકારી નોકરી મળી ગઈ હતી. એક વાર બંને - સોહમ અને શિવાની રિવરફ્રન્ટની પાળે બેઠાં હતાં ત્યારે સોહમે વાત વાતમાં કહ્યું હતું:

'શિવાની, તારો પગાર તો મારા પગાર કરતાં ખાસ્સો વધારે છે.'

'તું તો કહેતો હતો ને કે શેઠે તને કામમાં ચેન્જની ઑફર કરી છે. એને કારણે તારો પગાર ડબલ કરી આપશે.'

'હા.. પણ એ ચેન્જ જોખમી છે.'

'મતલબ?'

'મતલબ એમ કે મારે ઑફિસમાં બેસીને બિલો બનાવવાનું છોડીને સુરત, મુંબઈ સુધી કેશ અને ડાયમંડ પહોંચાડવા જવાનું થાય. બસ, એ જોખમ સાચવીને પહોંચાડવાનો જ ડબલ પગાર મળે. જોકે હજુ મેં હા નથી પાડી.'

'સોહમ, ભલે તારે ટૂરિંગ વધારે રહે, પણ પગાર ડબલ થતો હોય તો હા પાડી જ દેજે.'

બીજે દિવસે આંગડિયા કંપનીના માલિક પાસે જઈને સામેથી જ સોહમે કહ્યું હતું: 'હું બહારનું કામ લેવા તૈયાર છું.'

'જો ભાઈ સોહમ, મેં તને પહેલાં પણ કહ્યું હતું કે આ કામમાં જીવનું જોખમ છે. એક એક ડાયમંડની કિંમત લાખોમાં હોય છે. આ તો આપણી પેઢીની બજારમાં શાખ સારી છે તથા સૌ કોઈને અતૂટ ભરોસો છે તેથી શહેરના મોટા જ્વેલર્સ આપણી જ આંગડિયા સર્વિસને કામ આપે છે. આજ સુધી આપણે ત્યાંથી કોઈ માલ ખોવાયો કે ચોરાયો નથી. ઘણા સમયથી તને વફાદારીપૂર્વક કામ કરતો જોઉં છું તેથી જ મેં તને ઑફર કરી હતી.'

'જાણું છું સર, મારે પણ પગાર વધારાની તાતી જરૂરિયાત છે.' સોહમે નમ્રતાપૂર્વક કહ્યું હતું.

બે દિવસ બાદ સોહમને એ જોખમી કામ સોંપીને પગારવધારો આપી દેવામાં આવ્યો હતો.

સોહમ બીજે દિવસે બપોરે પેંડાનું બૉક્સ લઈને ઘરે આવ્યો હતો. હજુ તો સોહમ અધખુલ્લો દરવાજો ખોલીને ઘરમાં પ્રવેશે ત્યાં જ તેના કાને માનો અવાજ સંભળાયો. મા પિતા સમક્ષ કરગરી રહી હતી:

'તમને મારા સમ છે. આ વાતનો સોહમને અણસાર પણ આવવા ન દેશો.'

સોહમના પગ થંભી ગયા હતા. મા બોલી રહી હતી:

'આજ સુધી કાયમ તમે દારૂના પૈસા મારા હાથમાંથી ઝૂંટવીને લઈ ગયા છો. મારાથી સહન થાય તેટલું સહન કરતી આવી છું. બિચારો સોહમ પણ પૈસાના અભાવે ભણવાનું છોડીને નોકરીએ લાગી ગયો છે.'

સોહમ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો. અત્યારે પિતા નશામાં નહોતા: 'મારે ગણપતનું હજાર ઉપરનું બિલ ચડી ગયું છે. એ કહે છે કે હવે આગલી ઉધારી ભરો તો જ દારૂ મળશે. જો અત્યારે ને અત્યારે તું મને હજાર રૂપિયા આપી દઈશ તો હું સોહમને ક્યારેય નહીં કહું કે એ મારો દીકરો નથી!'

માતા અને પિતાની આ વાત સાંભળીને સોહમના પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી. તે મનમાં જ વિચારી રહ્યો:

જો, આ મારા બાપુ નથી તો મારો અસલી બાપ કોણ?!

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| Obnoxious | વિદ્રોહી |
| Vivacious | મિલનસાર |
| Gregarious | ચોકસાઈ |
| Rebellious | ઉત્સાહી |
| Meticulous | પીડાદાયક |

### ઓળખાણ પડી?

હિન્દુ અને જૈન ધર્મના સુંદર સમન્વયનું પ્રતીક ગણાતા અને અસંખ્ય શિલ્પ માટે જાણીતા ખજૂરાહો મંદિર ભારતના કયા રાજ્યમાં સ્થિત છે એ કહી શકશો?



અ) બિહાર બ) ઉત્તર પ્રદેશ ક) ઓડિશા ડ) મધ્ય પ્રદેશ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ એ | ૨ કા | ધિ | ૩ ક | ■ | ૪ સ | ર્વ | ૫ સ્વી | કૃ | ૬ ત |
| ૭ કા | ત | ■ | ૮ પ | ૯ વિ | ત્ર | ■ | કા | ■ | ફ |
| ૧૦ ધિ | ર | જ | ■ | રુ | ■ | ૧૧ ચ | ર | ૧૨ વ | ડા |
| ૧૩ કા | ણ | ■ | ૧૪ સં | ઘા | ન | ■ | ■ | ૧૫ ર | વ |
| ર | ■ | ૧૬ લા | ભા | ર્થી | ■ | ૧૭ વ | ૧૮ ર | સા | વું |
| ■ | ૧૯ વા | ચા | ળ | ■ | ૨૦ વિ | સં | વા | દ | ■ |
| ૨૧ ઉ | દ | ર | ■ | ૨૨ સં | ગ | ત | ■ | ■ | ૨૩ પુ |
| લ્લં | ■ | ■ | ૨૪ વ્યા | ખ્યા | ત | ■ | ૨૫ શિ | કા | રા |
| ૨૬ ઘ | ૨૭ રા | ૨૭-અ ક | ■ | બં | ■ | ૨૮ વા | ક | ■ | ક |
| ૨૯ ન | ખ | લી | ■ | ૩૦ ધ | રા | ત | લ | ■ | થા |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | ■ | ૬ | ૭ | |
| ૮ | | | | ■ | ૯ | ૧૦ | ■ | | ■ |
| ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | ■ | | ■ | ૧૪ | |
| | ■ | ૧૫ | ■ | ૧૬ | | | ૧૭ | | ■ |
| ■ | ૧૪-અ | | ૧૫-અ | | ■ | ૧૬-અ | | ■ | ૧૭-અ |
| ૧૮ | | ■ | ૧૯ | | | ■ | ૨૦ | | |
| | ■ | ૨૧ | | ■ | ■ | ૨૨ | | ■ | |
| ૨૩ | | | | ■ | ૨૪ | | ■ | ૨૫ | |
| ■ | ■ | | ■ | ૨૬ | | | ૨૭ | ■ | |
| ૨૮ | | | | | ■ | ૨૯ | | | |

**આડી ચાવી**

૧. માંહોમાંહે (૬)
૬. ડર, ભય, વ્યાધિ (૩)
૮. પ્રપંચ, કાવતરું (૪)
૯. નામ સ્મરણ કરવું તે (૨)
૧૧. ખુશી (૨)
૧૨. સંવત (૨)
૧૪. તમને --- આપતાં આપી દીધું (૨)
૧૪અ. આજે ભોજનની મનાઇ છે (૪)
૧૬. બહેનનો તહેવાર (૫)
૧૬અ. --- થવો એટલે સંપ થવો (૨)
૧૮. --- ઊર્જા એટલે સૂર્યની શક્તિ (૨)
૧૯. પાવન, શુદ્ધ (જો. છૂ) (૩)
૨૦. વહેવું તે (૩)
૨૧. લાખ ચડાવેલું માટલું (૨)
૨૨. 'ઉડવું'નું આજ્ઞાર્થ (૨)
૨૩. તખ્તા પરથી રજૂઆત કરવી (૪)
૨૪. સ્ત્રીઓનું કાનનું ઘરેણું (૨)
૨૫. તદ્દન, બિલકુલ (૨)
૨૬. કૌરવોનો બનેવી (૪)
૨૮. વિરોધનો આભાસ (૫)
૨૯. માગ, માગ, માગે તે આપું (૪)

**ઊભી ચાવી**

૧. જીવાત્મા, અંતઃકરણ (૪)
૨. કપડાં સીવનાર (૩)
૩. 'રોકવું'નું આજ્ઞાર્થ (૨)
૪. વેર, પાડા ખાર (૩)
૫. છુટ્ટી (૨)
૭. અજંપાભરી સ્થિતિ (૪)
૧૦. રૂઢિ, રિવાજ (૪)
૧૩. એકદમ નવી (૪)
૧૪અ. હૃદય (૨)
૧૫. પિતા, તાત (૨)
૧૫અ. ઉપયોગમાં લેવું (૪)
૧૭. સવલત (૪)
૧૭અ. ફરી આવવું તે (૬)
૧૮. સુગંધ, પરિમલ (૩)
૨૧. લોકો દેખાડો કરવામાં --- હોય છે (૪)
૨૨. પજવણી, ત્રાસ, આપદા (૪)
૨૪. શરીર, તન (૨)
૨૬. યશ (૨)
૨૭. સ્તર (૨)

### ગુજરાત મોરી મોરી રે

રીંછ, નીલ ગાય અને ઝરખ જેવાં પ્રાણી ધરાવતું બાલારામ અંબાજી વન્યજીવ અભયારણ્ય ગુજરાતના કયા જિલ્લામાં સ્થિત છે એ જણાવો.

અ) સુરેન્દ્રનગર બ) બનાસકાંઠા
ક) રાજકોટ ડ) સાબરકાંઠા

### માતૃભાષાની મહેક

મોચીના ઘરનો દીવો એટલે ખપ કરતાં વહેલો થયેલો દીવો જ્યારે સુતારના ઘરનો દીવો એટલે ધોળે દહાડે કરેલો દીવો. દીવા પછવાડે અંધારું મતલબ નામાંકિત માણસના મરણ પછી તેનાં કામ વગેરેમાં અવ્યવસ્થા નજરે પાડવી કે ખરાબી થઈ જવી તે, જેનો વંશજ ખરાબ નીવડે તે. દીવામાં દિવેલ હોય ત્યાં લગી બળે એટલે પૈસો હોય ત્યાં સુધી મોજ મજા માણી શકાય.

### ઈર્શાદ

જાતિ સ્વભાવ ના ટળે, કરો ઉપાય કરોડ,
શેરડી સાથે સીંચીએ, એરંડ ગળ્યા ન હોય.
-- લોક રચના

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

બહુ જ જાણીતી કહેવત 'માંગ્યા તો મુક્તાફળ મળે, પણ ભીખને માથે ભઠ'માં મુક્તાફળનો અર્થ જણાવો.

અ) મોસંબી બ) મુસીબત ક) માણેક ડ) મોતી

### સુડોકુ-૭૦૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | | ૩ | | ૭ | | ૬ | ૧ |
| ૭ | | | ૬ | | ૮ | | | ૩ |
| | | ૫ | | ૨ | | ૭ | | |
| ૧ | | ૬ | | | | ૮ | | ૨ |
| | | | | | | | | |
| ૫ | | ૮ | | | | ૩ | | ૬ |
| | | ૨ | | ૬ | | ૫ | | |
| ૬ | | | ૧ | | ૩ | | | ૮ |
| ૮ | ૯ | | ૨ | | ૫ | | ૩ | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૭૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૪ | ૯ | ૭ | ૩ | ૮ | ૫ | ૧ |
| ૫ | ૧ | ૯ | ૪ | ૬ | ૮ | ૭ | ૩ | ૨ |
| ૮ | ૭ | ૩ | ૫ | ૧ | ૨ | ૯ | ૪ | ૬ |
| ૭ | ૨ | ૮ | ૧ | ૪ | ૫ | ૬ | ૯ | ૩ |
| ૧ | ૪ | ૬ | ૩ | ૨ | ૯ | ૫ | ૭ | ૮ |
| ૯ | ૩ | ૫ | ૬ | ૮ | ૭ | ૨ | ૧ | ૪ |
| ૬ | ૫ | ૭ | ૮ | ૩ | ૪ | ૧ | ૨ | ૯ |
| ૩ | ૮ | ૨ | ૭ | ૯ | ૧ | ૪ | ૬ | ૫ |
| ૪ | ૯ | ૧ | ૨ | ૫ | ૬ | ૩ | ૮ | ૭ |

### માઈન્ડ ગેમ

મહાભારતના વર્ણન અનુસાર માતા કુંતીને વિવાહ પૂર્વે સૂર્યદેવથી ઉત્પન્ન થયેલા પુત્ર કર્ણના પાલક પિતા કોણ હતા એ શોધી કાઢો.

અ) અરુણી બ) અવંતિ
ક) અધિરથ ડ) અયોદ્યુમ

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| પ્રતીક | SYMBOL |
| ધૂપ | INCENSE |
| સચેત | CONSCIOUS |
| ઝાંઝ | CYMBAL |
| અંતરાત્મા | CONSCIENCE |

ગુજરાત મોરી મોરી રે: ગોંડલ

ઓળખાણ પડી?: ભરુચ

માઈન્ડ ગેમ: ઝોળી

ચતુર આપો જવાબ / અર્થ જણાવો: કબર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મહેશ સંઘવી (૨) મુલરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) નુતન વિપીન (૮) ડૉ. પ્રકાશ કટકિયા (૯) ભારતી પ્રકાશ કટકિયા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પુષ્પા પટેલ (૧૩) શ્રદ્ધા આશર (૧૪) પ્રવીણ વોરા (૧૫) અશોક સંઘવી (૧૬) તાહેર ઔરંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) શીરીન ઔરંગાબાદવાલા (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મીનળ કાપડિયા (૨૧) હર્ષા મહેતા (૨૨) મહેન્દ્ર લોઢાવિયા (૨૩) મહેશ દોશી (૨૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) અંજુ ટોલિયા (૨૮) નંદકિશોર સંજાણવાળા (૨૯) કિશોર બી. સંઘરાજકા (૩૦) હરીશ મનુભાઈ ભટ્ટ (૩૧) જગદીશ ઠક્કર (૩૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૩) નિતિન બજરિયા (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) લજિતા ખોના (૩૬) અમીશી બંગાળી (૩૭) સુરેખા દેસાઈ (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) રમેશ દલાલ (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હિના દલાલ (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) ધીરેન્દ્ર ઉદેશી

ચિંતન

# જગત આકસ્મિક ઘટના નથી

હેમુ ભીખુ
feedback@bombay samachar.com



બે વિચારધારા છે. એક, જગત શાશ્વત છે અને તે સ્વયંભૂ છે અને બીજી, જગત સર્જિત થાય છે અને પ્રલય પામે છે અને આ સર્જન અને પ્રલય માટે કોઈ ઈશ્વર-શક્તિ કારણભૂત છે.

જો જગત શાશ્વત છે, કાયમી છે તો તે સમય આધારિત નથી એમ કહેવાય. પરંતુ સમય અનુસાર જગતનું સ્વરૂપ બદલાયા કરે છે. તેથી એમ કહી શકાય કે જગત સમય આધારિત છે. તો પછી પ્રશ્ન એ થાય કે શું સમય શાશ્વત છે, જો સમય શાશ્વત હોય તો જગત પણ શાશ્વત હોઈ શકે. સમયનું ચક્ર પણ ફર્યા કરે છે. એમ પ્રતીત થાય છે કે સમય આવે છે અને જાય છે. સમયની આવી આવજાની અનુભૂતિ પાછળ જગતમાં થતો બદલાવ કારણભૂત હોય તેમ જણાય છે. પૃથ્વી ગોળ ફરે છે એટલા માટે દિવસ-રાતની પ્રતીતિ થાય છે. એમ જણાય છે કે સમય અને જગત પરસ્પર આધારિત છે. જગતમાં થતા બદલાવને કારણે સમય પ્રતીત થાય છે અને સમયને કારણે જગતનો બદલાવ અનુભવાય છે. તેથી જગત જો શાશ્વત હોય તો તેનું કારણ સમયની શાશ્વતતા છે તેમ કહેવાય.

એવો તર્ક આપી શકાય કે સમયમાં બદલાવ આવે છે પણ સમય શાશ્વત છે, તેવી જ રીતે જગતમાં બદલાવ આવે છે પણ જગત શાશ્વત છે. અર્થાત જગત ઉત્પન્ન થયું નથી અને તેથી તેનો અંત નથી. આ વિચારધારા પ્રમાણે, જગતનું દરેક તત્ત્વ નાશ નથી પામતું પણ માત્ર અન્ય તત્વમાં રૂપાંતરિત થાય છે, તેમ જગત નાશ નથી પામતું પરંતુ એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં રૂપાંતરિત થાય. સમય પર રૂપાંતરિત થાય છે. જો આમ હોય તો આ શાશ્વત-અજન્મા જગતમાં જડ અને ચૈતન્ય બંને કાર્યરત છે અને બંને માટે ઉત્પત્તિ અને પ્રલય નથી. જળ અને ચૈતન્યના સમન્વયથી જે કંઈ થઈ રહ્યું છે તે બધું ચોક્કસ ભૌતિક નિયમોને આધીન છે. આ નિયમો પણ શાશ્વત છે. આ વિચારધારામાં જગતના સર્જકની, ઈશ્વરની સંભાવનાનો છેદ ઉડાડી દેવાય છે.

રોજિંદા જીવનની કેટલીક ઘટનાઓ સમજવા જેવી છે. એમ જોવા મળે છે કે જો મન સંમિલિત ન થાય તો ઘણી ભૌતિક ઘટના ધ્યાનમાં નથી આવતી. તેનાથી વિપરીત પણ શક્ય છે. મને જો નિર્લેપ રહે તો ભૌતિક વિશ્વના નિયમો અસર ન કરે. મનની શક્તિ અપાર છે. મન જો અપાર દ્રઢતાથી જગતના નિયમોનો અસ્વીકાર કરે તો તે નિયમો કાર્યરત ન થઈ શકે. અર્થાત જગત અને સમયના સ્થાપિત નિયમો મનની શક્તિ આગળ લાચાર હોય છે. આ સમજવા માટે કોઈ યોગીની મનોભૂમિની માહિતી જરૂરી નથી, સામાન્ય માનવી પણ જીવનમાં આવા નાના નાના અનુભવ કરતો જ હોય છે. સામાન્ય માનવી જગતની નાની ઘટનાની અસ્વીકૃતિ તો કોઈ યોગી સમગ્ર જગતનો અસ્વીકાર પણ કરી શકે.

મનની શક્તિ સામે જગત અને સમય બંને લાચાર છે. આધુનિક વિજ્ઞાન પણ આ વાત માને છે. એનો અર્થ એ થાય કે જગત અને સમય પર કોઈ ચૈતન્યનું પ્રભુત્વ છે. આ ચૈતન્ય અપાર ક્ષમતા ધારણ કરે તો તેના દ્વારા જગતનો નાશ પણ સંભવી શકે. તેનાથી વિપરીત તે અન્ય જગતનું સર્જન પણ કરી શકે. એની કોઈ ખાતરી નથી કે જે જગતમાં આ લખાઈ રહ્યું છે અને વંચાઈ રહ્યું છે તે જગત આવા કોઈ નવસર્જન સમાન નહીં હોય. સંભાવના તો છે જ. ત્રિપુરા-રહસ્યમાં જણાવાયું છે તેમ યોગિક ક્રિયાથી નવા વ્યક્તિગત બ્રહ્માંડનું સર્જન પણ થઈ શકે છે અને તે વાસ્તવિક હોય તે પ્રમાણે અનુભવી પણ શકાય છે. અર્થાત ક્યાંક કોઈ જગતનો ઈશ્વર તો હોઈ શકે. આ ઈશ્વર એટલે મહાન સિદ્ધ યોગી છે કે જેના નિર્વિકલ્પ સંકલ્પથી નવા જ જગતની પ્રતીતિ થાય. આધુનિક મનોવિજ્ઞાનમાં પણ આ બાબત સિદ્ધ થઈ ચૂકી છે.

તો પછી પ્રશ્ન એ થાય કે આ જે જગત આપણી સમક્ષ છે તે મૂળ શાશ્વત જગત છે કે કોઈ યોગી દ્વારા સંકલ્પિત જગત છે. સંભાવના બંને પ્રકારની છે. આગળ પ્રશ્ન એ થાય કે જેને આપણે મૂળ શાશ્વત જગત કહીએ છીએ તે પણ કોઈ યોગીના સંકલ્પ દ્વારા સ્થાપિત ન થયું હોય એમ કેવી રીતે કહી શકાય. જગતની આવી પરંપરા - શૃંખલા જો સર્જાતી હોય તો પ્રશ્ન વધુ જટિલ બને. પણ અહીં એક વાત તો સિદ્ધ થાય છે કે જગત કોઈના મનના ભાવને કારણે માનસિક ક્રિયાને પરિણામે - મદ્‌ભાવા માનસા જાતાના ન્યાય પ્રમાણે અસ્તિત્વમાં આવ્યું પણ હોય. આ પ્રકારનો માનસિક ભાવ અને માનસિક ક્રિયા જે તે જગતના નાશ માટે પણ સમર્થ હોય. આમ કરી શકનાર પુરુષને સામાન્ય રીતે ઈશ્વર કહેવાય.

મૂળ જગત પણ આવા કોઈ સંકલ્પને આધારિત હોવાની પૂરેપૂરી સંભાવના છે. એક તર્ક પ્રમાણે એમ કહી શકાય કે સંકલ્પના અભાવે કોઈપણ પરિસ્થિતિ અસ્તિત્વમાં જ ન આવે. જગતની ગતિવિધિ મનના ખેલને આધારિત હોય છે. મન સાથે અહંકાર જોડાય ત્યારે જગતની જરૂરિયાત ઊભી થાય. પછી બુદ્ધિ પોતાની બુદ્ધિ અજમાવે અને સર્જન માટેની ભૂમિકા ઊભી થાય. ચૈતન્યના ચિત્તમાં સંગ્રહાયેલ સ્મૃતિના આધારે જગતની રૂપરેખા નક્કી થાય.

જો ભૌતિક જગતમાં કશું જ આકસ્મિક ન હોય, તો ભૌતિક જગતની રચના પણ આકસ્મિક ન હોઈ શકે. જો કોઈપણ ભૌતિક બાબત સ્વયં અસ્તિત્વમાં ન આવી શકે તો જગતનું સ્વયંભૂપણું પણ શક્ય નથી. જો ભૌતિક જગતથી બહારની કોઈ શક્તિ તેને અસર કરી શકે તેમ હોય તો તે શક્તિ ભૌતિક જગતનો પ્રલય અને ફરીથી તેનું સર્જન કરવા પણ સક્ષમ હોય જ. જો બધું નિયમોને આધીન હોય તો આ નિયમો અકસ્માત ન હોઈ શકે. તેથી જગતના મોટાભાગના લોકો ઈશ્વરનું સત્ય સ્વીકારતા હોય છે.

જગતમાં જે રીતે નિયમબદ્ધતા જોવા મળે છે, જગતની દરેક બાબતનું જે રીતે ઝીણવટ ભર્યું વિગતિકરણ થયું છે, જગતમાં વિવિધતા વચ્ચે જે રીતે એકસૂત્રતા સ્થાપિત થઈ છે, જગતના નિયમો વચ્ચે જે નિયમબદ્ધ અપવાદ ઊભરે છે, જગતમાં જે પ્રકારે સંતુલન જળવાયેલું રહે છે અને જગતમાં જે પરસ્પરનો સહકાર, સુ-સંવાદિતતા, સંકલન અને સુંદરતા સ્થાપિત થઈ છે તેની પાછળ કોઈ ઐશ્વરીય ઉદ્દેશ હોવો જોઈએ - આ ઐશ્વરીય ઉદ્દેશના સ્થાપક અને પાલક એટલે જ ઈશ્વર. ■

શિવ રહસ્ય

# સૃષ્ટિમાં કોઈ પણ પ્રાણી દ્વારા કરાયેલાં છલ, કપટ, અનીતિ, ષડ્યંત્ર ને અન્યાયનાં પરિણામો તેણે ભોગવવાં જ પડે છે

ભરત પટેલ
feedback@bombay samachar.com

(ગતાંકથી ચાલુ)

નિદ્રાધીન વૃત્રાસુર નિદ્રાથી બહાર આવતાં જ તે સમજી જાય છે કે તેના ઉદરમાંથી દેવરાજ ઇન્દ્ર નીકળી ગયા છે. વૃત્રાસુર દેવરાજ ઇન્દ્ર અને દેવગણોને શોધવા પૃથ્વીલોક તરફ પ્રયાણ કરે છે. સામે પક્ષે દેવગણો છુપાતાં છુપાતાં કૈલાસ પહોંચે છે. નારાજ ભગવાન શિવ કહે છે, 'એ તમારાં દુઃષ્કર્મનું ફળ છે. તમારાં દુઃષ્કર્મનું ફળ તમને મળે એટલે તમે ત્રિદેવ પાસે મદદ મેળવવા પહોંચી જાઓ છો. દર વખતે તમારાં દુઃષ્કર્મનું ફળ દેવગણોએ શું કામ ભોગવવાનું? દેવી પાર્વતીએ તમને નવું જીવતદાન આપ્યું છે. હવે વધુ શું જોઈએ.' આટલું સમજાવતાં પણ ન સમજતાં દેવરાજ ઇન્દ્રને માતા પાર્વતી કહે છે કે, હવે તમારે યોગ્ય માર્ગદર્શન માટે શ્રીહરિ વિષ્ણુ પાસે જવું જોઈએ, તેઓ જ આનો માર્ગ કાઢી શકે છે. માતા પાર્વતીનો આદેશ મળતાં જ દેવગણો કૈલાસથી નીકળી વૈકુંઠલોક તરફ પ્રયાણ કરે છે. ભગવાન શ્રીહરિ વિષ્ણુ દેવગણોને કહે છે કે, 'હવે એક જ ઉપાય એ છે કે તમારે વૃત્રાસુર પાસે જવું જોઇએ અને તેની માફી માગી, તેની સમક્ષ ત્વષ્ટા ઋષિના ગુણગાન ગાવાં જોઈએ.'

ભગવાન શ્રીહરિ વિષ્ણુનો આદેશ મળતાં જ દેવરાજ ઇન્દ્ર દેવસેના સાથે સ્વર્ગલોક પહોંચે છે. દેવરાજ ઇન્દ્ર દ્વારા માફી માગી દોસ્તીનો હાથ લંબાવાતાં વૃત્રાસુર પીગળી જાય છે અને દેવરાજ ઇન્દ્ર સાથે બંને સ્વર્ગલોકના સિંહાસન પર બિરાજે છે. વાતની જાણ થતાં ઋષિ ત્વષ્ટા વૃત્રાસુરને સમજાવવાની કોશિશ કરે છે કે, 'વૃત્રાસુર.... આ દેવગણ આપણા શત્રુ છે તેમનો નાશ કરો તુરંત..., તમને ઇન્દ્ર સાથે મિત્રતા કરતાં લજ્જા નથી આવતી.' નાદાન વૃત્રાસુર કહે છે કે, 'પિતાજી આ સમગ્ર દેવતાઓ અને દેવરાજ ઇન્દ્ર મારા મિત્ર છે, તેમણે લજ્જિત થઈ માફી માગી મિત્રતાનો હાથ લંબાવ્યો છે, મિત્રતા કરવામાં લજ્જા શેની? ઈન્દ્રને સ્વર્ગથી વંચિત કરી મેં તમારો પ્રતિશોધ પૂર્ણ કર્યો છે અને સામે મિત્રતા ઇચ્છતા દેવરાજ સાથે મિત્રતા કરી એમાં કંઈ ખોટું નથી.' ક્રોધિત ઋષિ ત્વષ્ટા તેને સમજાવતાં કહે છે કે, 'પુત્ર વૃત્રાસુર એક વાત નક્કી છે કે દેવરાજ ઇન્દ્ર સાથેની તમારી મિત્રતા, તમારો અંત નિશ્ચિત લાવશે.'

* * *

વૃત્રાસુર અને દેવરાજ ઇન્દ્ર સંયુક્ત રીતે સ્વર્ગલોકના સિંહાસન પર આરુઢ હતા. જેમ જેમ સમય વિતતો ગયો તેમ તેમ દેવગણો વૃત્રાસુરની જયજયકાર કરીને થાકી ગયા હતા. દેવરાજ ઇન્દ્ર પણ મિત્રતાનો ઢોંગ કરતાં થાકી ગયા હતા. દેવગણોની વિનંતીને માન આપીને દેવરાજ ઇન્દ્ર દેવગુરુ બૃહસ્પતિને મળી કહે છે કે, 'હે ગુરુદેવ હવે અમે વૃત્રાસુરની મિત્રતા અને જયજયકારથી થાકી ગયા છીએ, હવે વૃત્રાસુરનો વધ કઈ રીતે થઈ શકે તે વિશે માર્ગદર્શન આપો.'

દેવગુરુ બૃહસ્પતિઃ 'દેવગણો તમને જ્ઞાત જ છે કે વૃત્રાસુરને વરદાન મળેલું છે કે તેનો વધ પૃથ્વી કે અન્ય કોઈ પણ લોકના પુરુષ કે શસ્ત્રથી નહીં થઈ શકે. વૃત્રાસુરનો વધ એવા કોઈ શસ્ત્રથી થવો જોઈએ જે સર્વશક્તિશાળી હોય.'

દેવરાજ ઇન્દ્રઃ 'એવું તે કયું શસ્ત્ર સૌથી સર્વશક્તિશાળી હોય.'

દેવગુરુ બૃહસ્પતિઃ 'વજ્ર જ એવું શસ્ત્ર છે જે સર્વશક્તિશાળી હોય છે, તમારી પાસે સર્વશક્તિમાન અસ્થિનું વજ્ર હોવું જોઈએ.'

દેવરાજ ઇન્દ્રઃ 'સૌથી સર્વશક્તિશાળી અસ્થિ ક્યાંથી અને કોની મળી શકે?'



દેવગુરુ બૃહસ્પતિઃ 'સંસારમાં જો સર્વશક્તિમાન અસ્થિ હોય તો એ ફક્ત દેવાધિદેવના મહાન ભક્ત મહર્ષિ દધીચિની હોઈ શકે, તેઓ પોતે યોગશક્તિથી પોતાનું બલિદાન આપે તો જ શક્ય છે.'

દેવરાજ ઇન્દ્ર, દેવગણ અને દેવગુરુ બૃહસ્પતિ મહર્ષિ દધીચિ પાસે પહોંચે છે, સંકોચ સાથે તેમની અસ્થિનું દાન કરવાની વિનંતી કરે છે. મહર્ષિ દધીચિ વૃત્રાસુરના વધ જેવા મહાન કાર્ય માટે તૈયાર થાય છે અને કહે છે.

મહર્ષિ દધીચિઃ 'હે દેવગણો, સંકોચ ન અનુભવો, મહાન કાર્ય માટે હું મારા ૧૦૦ જન્મ ન્યોછાવર કરવા તૈયાર છું.'

આટલું કહી મહર્ષિ દધીચિ યોગશક્તિથી દેહત્યાગ કરે છે. દેવગુરુ બૃહસ્પતિ માતા કામધેનુનું આહ્‌વાન કરે છે. માતા કામધેનુ ત્યાં આવી તેમની જીભ દ્વારા મહર્ષિ દધીચિને સ્પર્શ કરતાં મહર્ષિ દધિચીની અસ્થિ નવા વ્રજનો આકાર ધારણ કરે છે.

નવા વજ્રને મેળવી દેવરાજ ઇન્દ્ર પ્રસન્ન થઈ અટ્ટહાસ્ય કરવા લાગે છે. દેવરાજ ઇન્દ્રના અટ્ટહાસ્યને જોઈ મહર્ષિ દધીચિનાં પત્ની માતા સુયશા ક્રોધિત થાય છે અને દેવરાજ ઇન્દ્રને શ્રાપ આપતાં કહે છે, 'હે મૂર્ખ દેવરાજ ઇન્દ્ર મારા પતિના ત્યાગને તમે અટ્ટહાસ્યથી વધાવતાં હોય તો હું તમને શ્રાપ આપું છું કે નવા વજ્રથી વૃત્રાસુરના વધ બાદ પણ તમે સ્વર્ગલોકના સિંહાસન પર બેસી નહીં શકશો. તમે કુષ્ઠરોગ નામના એક ભયંકર રોગથી પીડાશો અને કુરૂપ બની જશો.

* * *

દેવર્ષિ દધીચિની અસ્થિઓ જોઈ પત્ની માતા સુયશા સતી થવાની તૈયારી કરે છે. કૈલાસ ખાતેથી પ્રસંગ નિહાળી રહેલા ભગવાન શિવ ત્યાં પધારે છે.

ભગવાન શિવઃ 'પુત્રી સુયશા આક્રંદ ના કરો તમારે સતી થવાની જરૂર નથી. તમારા પતિ મહર્ષિ દધીચિ શિવલોકના વાસી થયા છે, હું તમને વરદાન આપું છું કે તમે થોડા જ સમયમાં એક મારા જ રુદ્ર અવતારની માતા બનશો અને યોગ્ય સમયે તમે પણ શિવલોકના વાસી થશો અને ત્યાં ફરી આપનું આપના પતિ સાથે મિલન થશે.

ભગવાન શિવના મળેલા વરદાનને વધાવતાં માતા સુયશા આવનારા પુત્રના લાલન-પાલન બાબતે તૈયારીઓ કરે છે.

* * *

મળેલા નવા વજ્રથી ઉત્સાહિત દેવરાજ ઇન્દ્ર અને દેવગણો સ્વર્ગલોક પર આક્રમણ કરે છે. આમ અચાનક સ્વર્ગલોક પર થયેલા આક્રમણથી વૃત્રાસુર ભયભીત અને ક્રોધિત થઈ દેવરાજ ઇન્દ્ર સામે ઊભો રહી જાય છે.

વૃત્રાસુરઃ 'દેવરાજ ઇન્દ્ર તમારા વિશે મારા યજ્ઞ પિતા સાચું જ કહેતા હતા. તમે ખરેખર તકવાદી છો, તક મળતાં જ રંગ બદલી નાખ્યો, પણ સાવધાન હું તમને નહીં છોડું, ત્યારે મેં ભૂલ કરી હતી, હવે હું તમને આખે આખા ચાવી જઈશ. બચશો જ નહીં તો કંઈ કરી નહીં શકો.'

આટલું કહી વૃત્રાસુર પોતાને મહાકાય બનાવે છે અને દેવરાજ ઇન્દ્રને ઊંચકી લઈ પોતાના મોઢામાં મૂકવા જાય છે ત્યાં જ દેવરાજ ઇન્દ્ર પોતાના નવા વજ્રથી વૃત્રાસુરનું માથું ધડથી અલગ કરી દે છે. વૃત્રાસુરનું માથું જમીન પર પડેલું જોતાં અસુરો ગભરાઈ જાય છે અને સ્વર્ગથી પલાયન કરે છે.

* * *

વૃત્રાસુરના વધ બાદ દેવરાજ ઇન્દ્રનું મુકુટ અને વજ્ર કૈલાસ ખાતે જતાં રહે છે અને માતા સુયશાના શ્રાપથી દેવરાજ ઇન્દ્રને કુષ્ઠરોગ થતાં તેઓ કુરૂપ થઈ જાય છે. દેવગણો તેમને ઓળખી શકતા નથી અને તેમને સ્વર્ગલોકથી પ્રતાડિત કરે છે. સ્વર્ગલોકથી પ્રતાડિત થયેલા દેવરાજ ઇન્દ્રને દેખાય એટલે પૃથ્વીવાસીઓ પણ પથ્થર મારવા માંડે છે. છેવટે પોતાના પાપનું પ્રાયશ્ચિત કરવા દેવરાજ ઇન્દ્ર કૈલાસ પહોંચે છે.

દેવરાજ ઇન્દ્રઃ 'હે દેવાધિદેવ, મેં ભોગવિલાસથી અગણિત પાપોનું સર્જન કર્યું છે, મને હવે માર્ગદર્શન કરો અથવા શિવલોકમાં સ્થાન આપો.'

ભગવાન શિવઃ 'દેવરાજ ઇન્દ્ર તમને શિવલોકમાં કઈ રીતે સ્થાન આપી શકાય, પ્રથમ તો તમે શ્રાપિત છો અને તમારી પાસે શેષ કોઈ પુણ્ય બચ્યાં નથી.'

દેવરાજ ઇન્દ્રઃ 'હું પુણ્યનું ઉપાર્જન કઈ રીતે કરી શકું.'

ભગવાન શિવઃ 'દેવરાજ ઇન્દ્ર તમારે પ્રથમ એ સમજવું જોઈએ કે સૃષ્ટિમાં કોઈ પણ પ્રાણી દ્વારા કરાયેલા છલ, કપટ, અનીતિ, ષડ્યંત્ર અને અન્યાયનાં પરિણામો તેણે ભોગવવાં જ પડે છે. પ્રાણી ગમે તેટલા પ્રયાસ કરે પણ તે બચી શકતો નથી. આ નિયમ દેવ, દાનવ અને માનવ દરેક પર લાગુ પડે છે. તમે જે શારિરીક અને માનસિક કષ્ટ ભોગવી રહ્યા છો એ નિયમબદ્ધતાને કારણે જ મળ્યા છે. હું આમાં કંઈ પણ નહીં કરું.'

દેવરાજ ઇન્દ્રઃ 'હું મારી ભૂલોનો સ્વીકાર કરું છું, શું મારા કષ્ટો દૂર નહીં થાય.'

ભગવાન શિવઃ 'કરેલા અપરાધો ત્યારે જ માફ થાય છે જ્યારે પોતાનાં કર્મોનું પ્રાયશ્ચિત કરી આરાધના કરવામાં આવે.'

દેવરાજ ઇન્દ્રઃ 'મારે આરાધના કઈ રીતે કરવી.'

ભગવાન શિવઃ 'નીચે આવેલા માનસરોવરમાં એક મોટા કમળની નાળમાં સમાઈ શકો તેટલું શરીર કૃષ કરી નાળમાં બેસી આરાધના કરો, તમારી મનોકામના પૂર્ણ થશે.' (ક્રમશઃ)■

ગીતા મહિમા

# હૃદયને તપાસો તો ખરા!

સારંગપ્રીત
bhandev@bombay samachar.com

ભગવાન કૃષ્ણ સમજાવે છે કે તે પરબ્રહ્મ ભગવાન દરેકના હૃદયમાં વિરાજમાન છે.

અવિશ્વસનીય શક્તિઓ અને ઊંડી લાગણીઓનો જાણે પોતામાં સમાવેશ કરીને ભગવાન સામાન્ય માનવ સાથે સંવાદ સાધે છે. તે સંવાદ માટે શ્રીહરિએ જે સ્થાન પસંદ કર્યું છે તે છે આપણું હૃદય ! શ્રી કૃષ્ણ ભગવાન કહે છે - સર્વસ્ય ચાહં હૃદિ સંનિવિષ્ટઃ (ગીતા ૧૫/૧૫), બધાના હૃદયમાં હું રહું છું.'

હા, ''ભગવાન આપણા હૃદયમાં વસે છે'' આ ફક્ત એક માન્યતા નથી પરંતુ દાર્શનિક રીતે પણ તે તથ્ય એક વિશેષ મહત્વ ધરાવે છે. આ ઉચ્ચ દર્શનને આધારે, વિવિધ સંસ્કૃતિઓ અને ધર્મોએ ભગવાનની આ વિશિષ્ટ લીલાની નોંધ પણ લીધી છે.

હિંદુ ધર્મમાં, ભક્ત અને ભગવાનનો સંબંધ ભૌતિક સીમાઓથી પર છે. ભગવાન તે સીમાને પાર કરીને ભક્તના હૃદય અને આત્મામાં નિવાસ કરે છે. તેઓ ત્યાં સદા વસે છે. પરિપક્વ ભક્ત આ નિવાસની સુવાસને સારી રીતે અનુભવે છે. ભગવાનના કૃપામય વાસથી ભક્તનું જીવન સુખમય સુવાસિત બને છે.

ભગવાનનું દિલમાં રહેવું એક આંતરિક અનુભવ છે. જ્યારે આપણે પોતાની આંતરિક શાંતિ અને સ્થિતિને અનુભવીએ છીએ, ત્યારે આ ભક્તિનું સીમાચિહ્ન સમજાય છે. ભગવાન સાથેના આ આંતરિક સંવાદનો અનુભવ ભક્તિ અને આધ્યાત્મિકતામાં ઊંડાઈ લાવે છે.

ભારતના પ્રાચીન વિદ્વાનોએ જણાવ્યું છે કે, ભગવાનનું અસ્તિત્વ માત્ર સૃષ્ટિનું સર્જન પૂરતું નથી, પરંતુ જીવનના ભીતરની લાગણીઓ સાથે તેઓ ઓતપ્રોત છે. મહંત સ્વામી મહારાજ જેવા સંતોએ સમજાવ્યું છે કે, જીવંતરૂપે ચારેય તરફના વાતાવરણની સાથે ભગવાનની લાવણ્યમય મૂર્તિ આપણાં હૃદયમાં સદા છે. જયારે ભક્તિની સીમા પર ભકત પહોંચે ત્યારે તેને આ બાબત અનુભવાય છે, તેમાં કોઈ સંશય નથી. આ જ રીતે ભક્તને ભગવાનના શાશ્વત અસ્તિત્વની પ્રતીતિ અને તેમની લીલાઓની જીવંત અનુભૂતિ મળે છે.



જે ભગવાન આપણા હૃદયમાં વસે છે તે જ ભગવાન યોગક્રિયાના ધ્યેય છે. આધ્યાત્મિક જીવન માટે યોગ અને ધ્યાન પણ મહત્વપૂર્ણ છે. કેમ કે યોગ દ્વારા હૃદયની અંદર શાંતિનો અહેસાસ કરી શકાય છે. પરંતુ આ શાંતિને પરમ શાંતિ સુધી ભક્તની લાગણીઓ પહોંચાડે છે. આ લાગણીઓ ભક્તિના બંધનથી બંધાયેલી છે. જે આ પવિત્ર અનુભવને વધુ ઊંડો કરે છે તે યોગ અને ધ્યાન દ્વારા, પોતાના આંતરિક જગતમાં જઈને, ભગવાનની હાજરીને અનુભવી શકે છે.

ભગવાન આપણા હૃદયમાં વસે છે, આ માન્યતા માત્ર ધાર્મિક નથી, પરંતુ આ સમજણ કોઈ પણ ક્ષેત્રના જીવનને વધુ અર્થપૂર્ણ બનાવે છે. તે વ્યક્તિગત પોષણ અને શાંતિ માટે માર્ગદર્શક પણ છે. આ મર્મને સમજ્યા વગર કેવળ ભૌતિક સંપત્તિ અને સાધન વ્યર્થ સિદ્ધ થાય છે. કેમકે ભગવાન સર્વ શક્તિમાન છે. ભગવાન સૃષ્ટિના સર્જક, પાલક અને સંહારક છે. તે આપણી પાસે આપણા હૃદયમાં છે, આ મર્મની વાત જ સાચું બળ પ્રદાન કરે છે.

શિક્ષણ, સત્તા અને સંપત્તિની ટોચ ઉપર બેઠેલા આ પ્રભાવશાળી વ્યક્તિઓનાં જીવન પણ વ્યર્થ ગયા છે એવા અનેક દાખલાઓ છે. તેઓમાં શું ખૂટતું હતું ? કેમ અસીમિત સાધનોનો સરવાળો શૂન્ય જ બની રહ્યો ? આ પ્રશ્નના જવાબમાં ઉત્તર મધ્યકાલીન ભક્તકવિ નિષ્કુળાનંદ કહે છે-

એક ભૂંસાડીને એકડો રે, વાળ્યાં મીંડા વીસ;
જોતાં સરવાળો ન જડ્યો રે, ત્યારે કરે છે રીસ.

હા, જેમ એકડા વગરનાં મીંડાઓનું કોઈ મૂલ્ય નથી તેમ જ ભગવાન વગર અન્ય સાધનો પણ વ્યર્થ જ સિદ્ધ થાય છે. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિશ્રી ડો. રાધાક્રિશ્નન કહે છે- ઝવય તજ્ઞીહ જ્ઞર જ્ઞીિ ાજ્ઞિલયિતત શત વિંય ાજ્ઞિલયિતત જ્ઞર જ્ઞીિ તજ્ઞીહ. આત્મિક કે આધ્યાત્મિક વિકાસ જ સાચો વિકાસ છે. તે ભગવાન વગર શક્ય નથી.

અહીં એક બાબત ધ્યાન ખેંચે એવી છે. આ મહાપુરુષો, ચિંતકો કે કવિઓને પ્રગતિનાં સાધનો કે સોપાનો સિદ્ધ કરવા સાથે કશો જ વિરોધ નથી. હા, તેમનો અભિપ્રાય એટલો જ છે કે આ સાધનો પણ મૂલ્યવાન બની જાય જો તેને ભાગવાની કૃપા અને પ્રેમ સાથે જોડવામાં આવે.

જ્યારે આપણે આ સિદ્ધાંતને સમજીએ અને સ્વીકારીએ છે, ત્યારે જીવનમાં અનંત આનંદ અને સંતોષ લાવવો સરળ બની શકે છે.

ભગવાન આપણા હૃદયમાં છે આ વિચાર આપણે જીવનમાં રોજબરોજની પ્રવૃત્તિઓને નવી દૃષ્ટિથી જોવામાં મદદ કરે છે, અને આપણને ભૌતિક સીમાઓથી પર એક આધ્યાત્મિક અનુભવ તરફ દોરી જાય છે. બસ, ક્યારેક હૃદયને તપાસો તો ખરા! ■

આચમન

# ભક્તિરસનું અનોખું ઉદાહરણઃ મીરાં ને બૈજુ બાવરા

અનવર વલિયાણી
feedback@bombay samachar.com

ઈન્સાન માત્રના જીવન સાથે વણાયેલ સુખ અને દુઃખ એ મહત્ત્વની લાગણીઓ છે. આ લાગણીતંત્ર બંને માણસને વિચલિત કરે છે.

* આંસુ એ દુઃખની નજરે દેખાય તેવી અભિવ્યક્તિ છે અને દુઃખ કોઈ વેદનામાંથી નીપજેલા અનુભવ છે, આટલું તો સૌ કોઈ જાણે છે.

-પરંતુ બહુ ઓછા લોકો એ જાણે છે કે

* સુખ અને દુઃખ,

* હર્ષ અને શોક,

* આનંદ અને અવસાદ એ એક જ સિક્કાની બે બાજુઓ જેવાં હોય છે. બલકે એક જ લાગણીનાં બે જૂજવાં રૂપ હોય છે.

- આથી જ તો જેમ ખૂબ વેદનાના કારણે આંખોમાં આંસુ આવી જાય તેમ ખૂબ આનંદના કારણે પણ આંખોમાં અશ્રુ જ આવે છે.

- સુખ અને દુઃખને એકબીજાનાં કારણ પણ કહી શકાય.

- એટલે દુઃખને કે ઉદાસીને ડરામણાં દુશ્મન ન ગણતાં આવી જ ચડે તો સ્વીકારી લેવાં અને પછી તેને કંઈક ઉપયોગી કામે લગાડી દેવાં તે સાચી રીત છે.

દુઃખમાંથી નીતરતો ભક્તિરસ અને એનું ઉત્તમ ઉદાહરણ છે મીરાં, અને બૈજુ બાવરા.

* મીરાંને મન તેની વેદના ક્યાં નાની સૂની હતી



* તેને સતત રીતે તાવી ગયેલાં દુઃખો કેટલાં વસમાં હતાં?

* પ્રેમની પીડા (કૃષ્ણપ્રેમની) પળેપળ હૃદયને કેવી ચીરતી રહે તેની બધાને ક્યાંથી ખબર હોય?

* પણ પોતાનાં એ દુઃખ અને વેદનાનો મીરાંએ કેવો મધુર ઉપયોગ કર્યો!

* નર્યાં હૃદયનીતરતાં ગીતો અને હૈયા સોસરવું ઊતરી જાય તેવું સંગીત તેથી જ નીપજી શક્યું ને!

* કહેવાય છે કે વાંસળીએ વાગતાં પહેલાં વીંધાવું પડે છે.

* મોતીએ પણ રૂપાળા આભૂષણનું અંગ બનતાં પહેલાં વીંધાવું પડે છે ને વેદના ખમવી પડે છે

* પણ એ વેદનાનો જો ઉચિત ઉપયોગ કરી લેવાય તો કેવાં સ્તબ્ધ કરી દે તેવાં આશ્ચર્યો સર્જી શકે છે

* હરિદર્શનની તાલાવેલી અને તડપન ન હોત તો બૈજુ બાવરાના કંઠેથી અવિસ્મરણીય સંગીત રેલાયું ન હોત

- વ્હાલા જિજ્ઞાસુ વાચક મિત્રો! જગતના અનેક મહાપુરુષો અને મહાન નારીઓનાં જીવનચરિત્રો ગવાહી (સાક્ષી) પૂરે છે કે ઊંડી ગમગીની ઉદાસી અને વેદના, તે બધાએ જે મહાન કાર્યો કર્યાં તે કરવા પ્રેરનાર બળ હતા અને પછી જે અસીમ આનંદ તેમને સાંપડ્યો તે અક્ષય અને અવિચલ આનંદ હતો.

- જીવનના ચિરંજીવ અને અવિચલ આનંદો, કદાચ ઊંડી ઉદાસી અને વેદનાના દોહનથી પ્રાપ્ત થાય છે.

- જીવનની ટ્રેજેડીને ને સારી પેઠે સમજે છે તે જીવનની કોમેડીની સાચી કદર કરી શકે છે. ■

**બોધઃ** ***ભક્તિરસનું અનોખું ઉદાહરણ મીરાં અને બૈજુ બાવરા છે.***

# ટીમ ઈન્ડિયાએ ટ્રોફી ગુમાવી, ડબ્લ્યૂટીસીની ફાઈનલનો દાવો પણ ગુમાવ્યો

## બુમરાહ મૅન ઑફ ધ સિરીઝ: રોહિત-વિરાટ ઉપરાંત હેડ-કોચ ગૌતમ પર પણ બીસીસીઆઈમાં ગંભીર ચર્ચા થઈ શકે

સિડની: ભારતે અહીં સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ (એસસીજી) પર ઑસ્ટ્રેલિયાને છેલ્લી ટેસ્ટમાં લડત આપ્યા વગર ત્રીજા જ દિવસે પરાજય સ્વીકારી લીધો હતો. ઑસ્ટ્રેલિયાએ સિરીઝમાં ૩-૧થી વિજય મેળવ્યો તેમ જ વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની જૂન મહિનાની લૉર્ડ્સ ખાતેની ફાઇનલમાં પ્રવેશ મેળવી લીધો હતો જેમાં એનો મુકાબલો સાઉથ આફ્રિકા સામે થશે. ડબ્લ્યૂટીસીમાંથી ભારત આઉટ થઈ ગયું છે. ભારતીય ટીમે ૧૦ વર્ષે બોર્ડર-ગાવસકર ટ્રોફી ગુમાવી છે. રોહિત શર્મા અને વિરાટ કોહલીના ફ્લૉપ-શોને કારણે ટેસ્ટ ટીમમાં હવે તેમને ફરી સ્થાન આપવા પર ખૂબ ચર્ચા તો થશે જ, હેડ-કોચ ગૌતમ ગંભીરનો હોદ્દો પણ નિશાન બની શકે. ગંભીરના કોચિંગમાં ભારતે દસમાંથી છ ટેસ્ટમાં પરાજય જોયો તેમ જ શ્રીલંકા સામેની વન-ડે શ્રેણીમાં પણ ભારતની હાર થઈ હતી.

પીટીઆઇના અહેવાલ મુજબ જો રોહિત-વિરાટને ઑસ્ટ્રેલિયા સામેની સિરીઝની હાર માટે સૌથી વધુ જવાબદાર ગણાવવામાં આવી રહ્યા હોય તો ભારતીય ટીમ પરિવર્તનકાળમાંથી પસાર થઈ રહી છે એવું કહીને ગંભીરના હોદ્દાને નજરઅંદાજ ન જ કરી શકાય. છેલ્લા એક પખવાડિયામાં રવિચન્દ્રન અશ્વિનની ઓચિંતી નિવૃત્તિ અને સિડનીની છેલ્લી ટેસ્ટમાંથી પોતાને ‘ડ્રૉપ’ કરવાની કૅપ્ટન રોહિત શર્માની જે ઘટના બની એ ટીમ ઇન્ડિયા માટે વિચિત્ર અને ચર્ચાસ્પદ કહેવાય. અગાઉ ભારતીય ક્રિકેટમાં આવું ક્યારેય નહોતું બન્યું.

ગૌતમ ગંભીરના કોચિંગના હોદ્દા પર ક્રિકેટ બોર્ડમાં ગંભીર ચર્ચા થવાની સંભાવના છે. ભારત પહેલી જ વાર ડબ્લ્યૂટીસીની ફાઇનલથી વંચિત રહી ગયું છે. ૨૦૨૧ની પ્રથમ ફાઇનલમાં ભારતનો ન્યૂ ઝીલૅન્ડ સામે અને ૨૦૨૩ની ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા સામે પરાજય થયો હતો.

જસપ્રીત બુમરાહના સુકાનમાં ભારતે પર્થમાં પ્રથમ ટેસ્ટ જીતીને સિરીઝમાં સકારાત્મક શરૂઆત કરી હતી, પણ ટૉપ-ઑર્ડર બૅટર્સના ફ્લૉપ-શોને કારણે ભારતે સિરીઝના સારા આરંભ પછી પણ ટ્રોફીથી હાથ ધોઈ નાખવા પડ્યા. ૨૦૧૪થી ૨૦૨૪ દરમ્યાન ભારતે ચાર વખત ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ-સિરીઝ ૨-૧, ૨-૧, ૨-૧, ૨-૧થી જીતી હતી, પરંતુ આ વખતે ૧-૩થી કારમો પરાજય જોવો પડ્યો છે.

ભારત વતી આ સિરીઝમાં બોલિંગ પર્ફોર્મન્સ એકંદરે સારો હતો, પરંતુ બૅટિંગમાં સાવ ફ્લૉપ સાબિત થયા. નવમાંથી છ ઇનિંગ્સમાં ભારતનો સ્કોર ૨૦૦ રનથી નીચે હતો.

ભારતીય ટીમ રવિવારે બીજા દાવમાં ૧૫૭ રનમાં ઑલઆઉટ થઈ અને ઑસ્ટ્રેલિયાએ ૧૬૨ રનનો લક્ષ્યાંક ચાર વિકેટના ભોગે ૨૭ ઓવરમાં મેળવી લીધો હતો. એમાં ઉસમાન ખ્વાજાના ૪૧ રન, બો વેબસ્ટરના અણનમ ૩૯ રન અને ટ્રેવિસ હેડના અણનમ ૩૪ રન સામેલ હતા. ચારમાંથી ત્રણ વિકેટ પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાએ અને એક વિકેટ મોહમ્મદ સિરાજે લીધી હતી. કાર્યવાહક કૅપ્ટન અને વર્લ્ડ નંબર-વન બોલર જસપ્રીત બુમરાહ રવિવારે મૅચના છેલ્લા દિવસે પીઠની ઈજાને લીધે નહોતો રમ્યો. જો તે રવિવારે રમી શક્યો હોત તો ઑસ્ટ્રેલિયા ૧૬૨ રનનો ટાર્ગેટ કદાચ ન મેળવી શક્યું હોત.

જોકે સિરીઝમાં સૌથી વધુ ૩૨ વિકેટ લઈને બુમરાહે ઑલમોસ્ટ એકલા હાથે ભારતીય ટીમનો બોજ ઊંચક્યો એ શાનદાર પર્ફોર્મન્સ બદલ તેને મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર અપાયો હતો.

ભારતની આગામી ટેસ્ટ શ્રેણી હવે છેક છ મહિના પછી રમાશે એટલે ત્યાં સુધીમાં ભારતીય ક્રિકેટના સત્તાધીશોએ તેમ જ સિલેક્ટરોએ ટેસ્ટ ટીમને પરિવર્તન સાથે નવો ઓપ આપવો પડશે. ચેતેશ્વર પુજારા તથા અજિંક્ય રહાણે અને મયંક અગરવાલનું ટેસ્ટ ટીમમાં પુનરાગમન થશે કે કેમ એના પર પણ ચર્ચાઓ થશે.

ઑક્ટોબર-નવેમ્બર, ૨૦૨૪માં ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતીય ટીમનો ૦-૩થી વાઇટ-વૉશ થયો ત્યારે જ લાગતું હતું કે ઘરઆંગણે આવું ખરાબ રમ્યા તો ઑસ્ટ્રેલિયામાં કેવી હાલત થશે? બન્યું પણ એવું જ. પર્થમાં જસપ્રીત બુમરાહના સુંદર નેતૃત્વમાં તેમ જ કાબિલેદાદ બોલિંગ પર્ફોર્મન્સથી ન જીત્યા હોત તો ઑસ્ટ્રેલિયામાં ૦-૪ની હાર પાકી જ હતી. પર્થમાં ભારતે ૨૯૫ રનથી વિજય હાંસલ કર્યો હતો.




ટ્રોફી સાથે ઑસ્ટ્રેલિયાની વિજેતા ટીમ (ડાબે). એ પહેલાં, ત્રણ વિકેટ લેનાર પ્રસિદ્ધ ક્રિષ્નાએ સ્ટીવ સ્મિથને આઉટ કરીને તેની સામે જ સેલિબ્રેશન કર્યું હતું. (જમણે)

### ટેસ્ટ સિરીઝના પાંચ-પાંચ ટૉપર્સ

**બૅટિંગ:**
ટ્રેવિસ હેડ...નવ ઇનિંગ્સમાં ૪૪૮ રન
યશસ્વી જયસ્વાલ...દસ ઇનિંગ્સમાં ૩૯૧ રન
સ્ટીવ સ્મિથ...નવ ઇનિંગ્સમાં ૩૪૧ રન
નીતીશ કુમાર રેડ્ડી...નવ ઇનિંગ્સમાં ૨૯૮ રન
કેએલ રાહુલ...દસ ઇનિંગ્સમાં ૨૭૬ રન

**બોલિંગ:**
જસપ્રીત બુમરાહ...નવ ઇનિંગ્સમાં ૩૨ વિકેટ
પૅટ કમિન્સ...દસ ઇનિંગ્સમાં ૨૫ વિકેટ
સ્કૉટ બૉલેન્ડ...છ ઇનિંગ્સમાં ૨૧ વિકેટ
મોહમ્મદ સિરાજ...દસ ઇનિંગ્સમાં ૨૦ વિકેટ
મિચલ સ્ટાર્ક...દસ ઇનિંગ્સમાં ૧૮ વિકેટ

**વિકેટકીપિંગ:** રિષભ પંતના દસ ઇનિંગ્સમાં પચીસ શિકાર, ઍલેક્સ કૅરી દસ ઇનિંગ્સમાં બાવીસ શિકાર
**સૌથી વધુ કૅચ:** (૧) સ્ટીવ સ્મિથ, ૧૨ કૅચ (૨) ઉસ્માન ખ્વાજા, આઠ કૅચ (૩) કેએલ રાહુલ, આઠ કૅચ ■

# કોહલી હવે ટેસ્ટ ટીમને લાયક નથી : ઈરફાન પઠાણ

## ગૌતમ ગંભીર કહે છે કે રોહિત-વિરાટે ડોમેસ્ટિક ક્રિકેટની મૅચો રમવી જોઈએ

સિડની: ભારતના ભૂતપૂર્વ ઑલરાઉન્ડર ઇરફાન પઠાણે જણાવ્યું હતું કે ‘વિરાટ હવે ટેસ્ટ ટીમમાં સ્થાન મેળવવાને લાયક નથી. નથી તે ડોમેસ્ટિક ક્રિકેટ રમતો અને નથી પોતાની બૅટિંગ ટેક્નિકને લગતી ખામીઓ દૂર કરવા મહેનત કરતો. ભારતીય ટીમમાં હવે સુપરસ્ટાર કલ્ચર બંધ થઈ જવું જોઈએ.’

ઇરફાને જણાવ્યું હતું કે ‘સુપરસ્ટાર કલ્ચરને બાય-બાય કરીને ટીમ કલ્ચર લાવવાની જરૂર છે. ખેલાડીએ પોતાનો પર્ફોર્મન્સ સુધારવો પડશે અને એ સાથે ટીમના દેખાવમાં પણ સુધારો લાવવાનો રહેશે. આ સિરીઝ પહેલાં ડોમેસ્ટિક મૅચો રમવાની તેમને તક હતી છતાં નહોતા રમ્યા. મહાન ખેલાડી સચિન તેન્ડુલકરને જ્યારે રણજી ટ્રોફી મૅચો રમવાની જરૂર નહોતી છતાં તે રમ્યો હતો. કારણ એ હતું કે તે મેદાન પર ત્રણ-ચાર દિવસ વીતાવવા માગતો હતો. કોઈ કહેશે કે વિરાટ છેલ્લે ડોમેસ્ટિક ક્રિકેટ ક્યારે રમ્યો હતો? (ચૅનલના રેકૉર્ડ મુજબ વિરાટ છેલ્લે ૨૦૧૨માં દિલ્હી વતી રમ્યો હતો)

હેડ-કોચ ગૌતમ ગંભીરે જણાવ્યું હતું કે ‘રોહિત શર્મા અને વિરાટ કોહલીમાં હજી પણ ટેસ્ટમાં ઝળકવાની ઝંખના છે. આ બન્ને સહિત તમામ સિનિયર ખેલાડીઓને મારી વિનંતી છે કે ડોમેસ્ટિક ક્રિકેટ રમો અને રેડ-બૉલ ક્રિકેટ (ટેસ્ટ-ક્રિકેટ) પ્રત્યે તમારી જે પ્રતિબદ્ધતા છે એ વ્યક્ત કરો.’ ■

# રોહિત-વિરાટે કરોડો રૂપિયાના કૉન્ટ્રૅક્ટ કર્યા છે, હમણાં ઓચિંતી નિવૃત્તિ શાની લે!




સિડનીમાં મુખ્ય કૅપ્ટન રોહિત સાથે બુમરાહ (ડાબે) અને અંતિમ દિવસના કાર્યવાહક સુકાની વિરાટ સાથે બુમરાહ. (એપી/પીટીઆઇ)

**અજય મોતીવાલા**

મુંબઈ: વિરાટ કોહલી અને રોહિત શર્માએ ગયા વર્ષે જૂનમાં ટી-૨૦ વર્લ્ડ કપની ઐતિહાસિક જીત બાદ તરત જ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી અને હવે ભારતના આ બન્ને બૅટિંગ-લેજન્ડના ટેસ્ટ-રિટાયરમેન્ટનો સમય નજીક આવી ગયો છે અને બૅટિંગ-ફૉર્મની દૃષ્ટિએ કરીઅરના સૌથી ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા હોવાથી ગમેએ ઘડીએ તેઓ ટેસ્ટમાંથી નિવૃત્તિ લઈ લેશે એવું ઘણા વિચારતા હશે. જોકે કોઈ દિગ્ગજ અને ધરખમ ખેલાડીએ રિટાયર થવાનું હોય ત્યારે તેણે ઘણી રીતે વિચાર કરવો પડતો હોય. ખાસ કરીને, આજના જમાનામાં ધીકતી કમાણી સૌથી મહત્ત્વની છે એ જોતાં આવા પ્લેયરે નિવૃત્તિનો નિર્ણય લેતાં પહેલાં કે એની સત્તાવાર રીતે જાહેરાત કરતા પહેલાં જે કંપનીઓએ પોતાના પર કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હોય એને (કંપનીઓની બ્રૅન્ડ માટે થયેલા કરારને) પણ ધ્યાનમાં લેવા પડે.

છેલ્લા ત્રણ મહિનાથી ટેસ્ટમાં બૅટિંગ તેમ જ કૅપ્ટન્સી બાબતમાં રોહિત શર્માના વળતાં પાણી છે. તેના સુકાનમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ૦-૩થી હાર થયા બાદ હવે ઑસ્ટ્રેલિયા સામે ૧-૩થી જે પરાજય થયો એને લીધે ભારતીય ટીમે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલની રેસમાંથી બહાર થઈ જવું પડ્યું છે.

રોહિતના સપ્ટેમ્બરથી ડિસેમ્બર, ૨૦૨૪ સુધીના ૧૬ ટેસ્ટ ઇનિંગ્સના પર્ફોર્મન્સ પર એક નજર કરીએ: ૬, ૫, ૨૩, ૮, ૨, ૫૨, ૦, ૮, ૧૮, ૧૧, ૩, ૩, ૬, ૧૦, ૩ અને ૯ રન.

વન-ડે ક્રિકેટના કિંગ અને ટી-૨૦ના વર્લ્ડ ચૅમ્પિયન કૅપ્ટન રોહિત શર્મા જો છેલ્લા ચાર મહિનામાં ભારતનો ટેસ્ટ-કૅપ્ટન ન હોત તો ઑસ્ટ્રેલિયા ખાતેની ટેસ્ટ ટીમમાં તે કદાચ જોવા પણ ન મળ્યો હોત. તેણે બે દિવસ પહેલાં જાણીતી સ્પોર્ટ્સ ચૅનલને મુલાકાત દરમ્યાન તેની નિવૃત્તિ વિશેની અટકળો બાબતમાં ભલે એવું કહ્યું કે ‘અરે ભાઈ, મૈં કહીં નહીં જા રહા હૂં. મૈં સેન્સીબલ આદમી હૂં, દો બચ્ચોં કા બાપ હૂં...’

રોહિતે એવું પણ કહ્યું કે ‘મારી પાસે થોડું તો દિમાગ છે કે મારે શું જોઈએ...અમારે ક્યારે રમવાનું, ક્યારે નહીં રમવાનું, ક્યારે કૅપ્ટન્સી સંભાળવાની એવું બધુ બીજા લોકોએ નક્કી ન કરવાનું હોય...’

રોહિત શર્મા મહાન ખેલાડી છે એમાં બેમત નથી, પણ જેમ મૅચ દરમ્યાન ટીમની સ્થિતિ પ્રમાણે ખેલાડીએ રમવાનું હોય એમ પ્લેયરે ટીમની સમગ્ર સ્થિતિને ધ્યાનમાં લઈને પોતે પ્લેઇંગ-ઇલેવનમાં પોતાને જાળવી રાખવો જોઈએ કે નહીં એ પણ વિચારવું જોઈએ. રોહિતે પોતાને ‘આરામ’ આપવાનો જે નિર્ણય સિડનીની આખરી ટેસ્ટની શરૂઆત પહેલાં લીધો એ જ નિર્ણય જો બ્રિસ્બેનમાં ગૅબા ખાતેની ત્રીજી ટેસ્ટ પહેલાં કે મેલબર્નની ચોથી ટેસ્ટ પહેલાં લીધો હોત તો ઑસ્ટ્રેલિયાના પ્રવાસ દરમ્યાન સ્ક્વૉડમાં સામેલ યુવાન બૅટર્સ અભિમન્યૂ ઈશ્વરન, ધ્રુવ જુરેલ, સરફરાઝ ખાન કે દેવદત્ત પડિક્કલમાંથી કોઈને રમવા મળ્યું હોત. જો એવું થયું હોત તો ભારતના ટૉપ-ઑર્ડર કે મિડલ-ઑર્ડરમાં બે-ચાર સારી ઇનિંગ્સ જોવા મળી હોત અને સિરીઝનું પરિણામ ૧-૩ની હારને બદલે કદાચ જુદું જ હોત.

જોકે રોહિત સિરીઝના છેલ્લા દિવસોમાં પોતાને ‘ડ્રૉપ’ કરવાને બદલે થોડી મૅચ પહેલાં જ એ નિર્ણય નહીં લઈ શક્યો હોય એનું કારણ એ લાગે છે કે અમુક જાણીતી બ્રૅન્ડ્સના પ્રચાર માટે તેણે કંપનીઓ સાથે અમુક ચોક્કસ સમય સુધીના (૨૦૨૫ સુધીના કે ૨૦૨૬ સુધીના) એન્ડોર્સમેન્ટ કૉન્ટ્રૅક્ટ કર્યા હશે એટલે તેના હાથ બંધાયેલા હશે. સોશિયલ મીડિયામાં લોકોના અને ટીકાકારોના ઊહાપોહને કારણે જો તે હમણાં અચાનક નિવૃત્તિ જાહેર કરી દે તો તેની શાખને અસર થાય એટલે તેની સાથે કરાર કરનાર કંપનીઓના મન પણ ખાટાં થઈ જાય. આ સ્થિતિમાં રોહિત માટે મોટી મૂંઝવણ ઊભી થાય એટલે તેણે ટેસ્ટ-નિવૃત્તિની બાબતમાં હમણાં કોઈ નિર્ણય લેવાનું ટાળ્યું હશે.

આવું જ વિરાટ કોહલીની બાબતમાં પણ કહી શકાય. તેના પણ કરોડો રૂપિયાના કૉન્ટ્રૅક્ટ છે એટલે તે પણ જો અચાનક રિટાયરમેન્ટ જાહેર કરી દે તો તેની બ્રૅન્ડ્સ સાથે સંકળાયેલી કંપનીઓ પણ કદાચ કાનૂની રીતે વાંધો લે એટલે તેણે પણ ખરાબ ફૉર્મ હોવા છતાં હમણાં રિટાયરમેન્ટ ટાળ્યું હશે. તેની છેલ્લી ૧૫ ટેસ્ટ ઇનિંગ્સના સ્કોર્સ આ મુજબ છે: ૦, ૭૦, ૧, ૧૭, ૪, ૧, ૫, ૧૦૦ નૉટઆઉટ, ૭, ૧૧, ૩, ૩૬, ૫, ૧૭ અને ૬ રન. હવે ભારતની આગામી ટેસ્ટ-સિરીઝ છેક છ મહિના પછી રમાશે એટલે ત્યાં સુધી કદાચ બન્ને દિગ્ગજની ટેસ્ટ-નિવૃત્તિનો મામલો ઠંડો પડી જશે. રોહિત-વિરાટ હવે સીધા ફેબ્રુઆરીમાં ઇંગ્લૅન્ડ સામેની વન-ડેમાં અને પછી વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં જોવા મળશે. ■



# ટ્રોફી મારા નામની, હું મેદાન પર જ હતો અને મને જ સમારોહમાં આમંત્રણ નહીં?: ગાવસકર

## ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે ગરબડ થઈ ગઈ એવું સમારોહ પછી સ્વીકાર્યું

સિડની: ભારતના ક્રિકેટ-લેજન્ડ સુનીલ ગાવસકરે અહીં રવિવારે સવારે ઑસ્ટ્રેલિયાએ ટેસ્ટ શ્રેણી ૩-૧થી જીતી લીધી ત્યાર બાદ પોતાના અને ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન કૅપ્ટન ઍલન બોર્ડરના નામવાળી ટ્રોફીના વિતરણ સમારોહમાં આવવાનું પોતાને જ આમંત્રણ ન મળતાં નારાજગી વ્યક્ત કરી હતી. પીટીઆઇના અહેવાલ મુજબ એક ચૅનલે ગાવસકરને એવું કહેતા ટાંક્યા હતા કે ‘ટ્રોફી વિતરણ સમારોહમાં આવવાનું મને આમંત્રણ મળ્યું હોત તો ખૂબ ગમ્યું હોત. આ સિરીઝ બોર્ડર-ગાવસકર ટ્રોફીના બૅનર હેઠળ રમાઈ હતી અને એ ટ્રોફી સાથે ફક્ત ઑસ્ટ્રેલિયા તથા ભારત જ સંકળાયેલા છે.’

ગાવસકરે ચૅનલને એવું પણ જણાવ્યું હતું કે ‘મારો કહેવાનો મતલબ એ છે કે હું મેદાન પર જ હતો તો પણ ટ્રોફી વિતરણ સમારોહમાં મને ન બોલાવ્યો. ઑસ્ટ્રેલિયા સિરીઝ જીતી ગયું તો શું થયું. એ મારા માટે કોઈ મુદ્દો હતો જ નહીં. તેઓ ભારત કરતાં ચડિયાતું રમ્યા એટલે જીતી ગયા. બહુ સરસ. શું હું ભારતીય છું એટલે? (મને ન બોલાવ્યો?) મને મારા મિત્ર ઍલન બોર્ડર સાથેની જોડીમાં ટ્રોફી આપવા દીધી હોત તો મને ખૂબ ગમ્યું હોત.’

જો ભારત આ સિરીઝ જીતી ગયું હોત તો વિજેતા ભારતીય ટીમને ટ્રોફી એનાયત કરવા માટે ગાવસકરને વિતરણ સમારોહમાં આવવાનું આમંત્રણ અપાયું જ હોત.ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે રવિવારે સાંજે ખુલાસામાં પોતાનાથી ગરબડ થઈ ગઈ હોવાનું સ્વીકાર્યું હતું. બોર્ડના એક પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ‘ગાવસકર એ જાણતા હતા કે જો ભારતીય ટીમ સિડનીની ટેસ્ટ જીતી હોત અને ટ્રોફી જાળવી રાખી હોત તો એ એનાયત કરવા માટે પોતાને (ગાવસકરને) બોલાવવામાં આવ્યા જ હોત. અમે કબૂલ કરીએ છીએ કે ઑસ્ટ્રેલિયન ટીમને ટ્રોફી એનાયત કરવા માટેના સમારોહમાં સ્ટેજ પર ઍલન બોર્ડરની સાથે સુનીલ ગાવસકરને બોલાવવા જોઈતા હતા.’



કમિન્સને ટ્રોફી એનાયત કરતા ઍલન બોર્ડર.

બન્ને દેશ વચ્ચે ૧૯૯૬ની સાલથી બોર્ડર-ગાવસકર ટ્રોફી રમાય છે અને એમાં જે રસાકસી થાય છે એની સરખામણી ભારત-પાકિસ્તાન રસાકસી તેમ જ ઑસ્ટ્રેલિયા-ઇંગ્લૅન્ડ વચ્ચેની ઍશિઝની રસાકસી સાથે થાય છે.

### અરે ભાઈ! ક્રિકેટ વિશે અમને ક્યાં કંઈ આવડે છે?: સની

સિડની: રોહિત શર્માએ ટેસ્ટમાંથી પોતાના સંભવિત રિટાયરમેન્ટ વિશે તાજેતરની કમેન્ટમાં ‘ટીવી પર કેટલાક લોકો શું કહે છે કે કોણ શું લખે છે એને આધારે કંઈ હું નિવૃત્તિ નથી લેવાનો, હું સમજદાર છું અને ઘણું રમ્યો છું’ એવી જે કમેન્ટ કરી એને સુનીલ ગાવસકરે અંગત રીતે લઈ લીધી. ‘શું ભારતીય ખેલાડીઓએ કોઈ પણ ટૂર પહેલાં ઘરઆંગણે મૅચો રમીને તૈયારીઓ કરવી જોઈએ? એવા જાણીતી ચૅનલ પર સવાલના જવાબમાં (રોહિતને જવાબ આપવાના ઇશારામાં) સનીએ કહ્યું, ‘અમે કોણ? ક્રિકેટ શું છે એ અમે શું જાણીએ? અમને તો કંઈ જ્ઞાન જ નથીને! અમે તો માત્ર ટીવી-પ્રસારણ માટે અને પૈસા ખાતર બોલતા હોઈએ છીએ. અમને સાંભળતા જ નહીં. અમે તો કંઈ જ નથી. એક કાને સાંભળીને બીજા કાનમાંથી કાઢી નાખજો, બસ?’

ભારત ૧૦ વર્ષથી ટેસ્ટની બોર્ડર-ગાવસકર ટ્રોફી જીતી રહ્યું હતું. આ વખતની ૧-૩ની હાર અગાઉ ભારતે ચારેય સિરીઝ (બે ભારતમાં અને બે ઑસ્ટ્રેલિયામાં) ૨-૧, ૨-૧, ૨-૧, ૨-૧થી જીતી લીધી હતી. ■

## દેશ-વિદેશ

### જમ્મુકાશ્મીરના કિશ્તવાડમાં મોટો અકસ્માત, વાહન નદીમાં ખાબકતા ચારનાં મોત

જમ્મુ: જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં રવિવારે એક વાહન નદીમાં પડી જતાં ચાર લોકોનાં મોત થયાં હતાં. પોલીસે આ માહિતી આપી હતી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે પદ્દાર વિસ્તારમાં થયેલા અકસ્માત બાદ ડ્રાઈવર સહિત બે લોકો ગુમ છે. તેમણે કહ્યું કે બચાવ કાર્ય ચાલી રહ્યું છે.

ઉધમપુરના સાંસદ અને કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર સિંહે દુર્ઘટનામાં લોકોનાં મોત પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે ‘એક્સ’ પર પોસ્ટ કરીને લખ્યું હતું કે આ જાણીને દુઃખ થયું કે વાહનમાં સવાર ચાર મુસાફરો મૃત મળી આવ્યા છે. ડ્રાઈવર અને અન્ય બે વ્યક્તિઓનો હજુ સુધી કોઈ પત્તો લાગ્યો નથી. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદના. પ્રધાને કહ્યું કે તેમણે દુર્ઘટનાની જાણ થતાં જ કિશ્તવાડના ડેપ્યુટી કમિશનર રાજેશ કુમાર શવનનો સંપર્ક કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, બચાવ ટીમ કામ કરી રહી છે. હું બધી માહિતી લઈ રહ્યો છું. ■

### પાકિસ્તાન માટે ૨૦ અબજ ડોલરના લોન પેકેજને મંજૂરી આપશે વર્લ્ડ બેન્ક: રિપોર્ટ

ઈસ્લામાબાદ: વર્લ્ડ બેન્ક પાકિસ્તાન માટે ૨૦ અબજ અમેરિકન ડોલરના લોન પેકેજને મંજૂરી આપવાની પ્રક્રિયામાં છે. મીડિયાના એક રિપોર્ટમાં આ જાણકારી આપતા કહ્યું હતું કે આ એક ૧૦ વર્ષની યોજના છે જે વર્લ્ડ બેન્ક દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ પ્રોજેક્ટ્સને રાજકીય ફેરફારોથી સુરક્ષિત કરશે અને છ લક્ષ્યાંકિત ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે. ‘ધ એક્સપ્રેસ ટ્રિબ્યુન’એ એક સત્તાવાર દસ્તાવેજોને ટાંકીને લખ્યું હતું કે ‘પાકિસ્તાન કન્ટ્રી પાર્ટનરશિપ ફ્રેમવર્ક ૨૦૨૫-૩૫’ નામના કાર્યક્રમનો ઉદ્દેશ્ય સૌથી ઉપેક્ષિત પરંતુ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં સામાજિક સૂચકાંકોને સુધારવાનો છે.

આ ‘કંટ્રી પાર્ટનરશિપ ફ્રેમવર્ક’ને ૧૪ જાન્યુઆરીએ વર્લ્ડ બેન્કના બોર્ડ દ્વારા મંજૂરી મળવાની છે. ત્યારબાદ વર્લ્ડ બેન્કના દક્ષિણ એશિયાના ઉપપ્રમુખ માર્ટિન રીઝર પણ ઈસ્લામાબાદની મુલાકાત લે તેવી અપેક્ષા છે.

પાકિસ્તાનના એક અધિકારીએ કહ્યું હતું કે વર્લ્ડ બૅન્કે પાકિસ્તાનને પ્રથમ દેશ તરીકે પસંદ કર્યો છે. ૨૦ વર્લ્ડ બૅન્કે એક નિવેદનમાં કહ્યું હતું કે ૨૦ બિલિયન અમેરિકન ડૉલરમાંથી ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ એસોસિએશન (આઇડીએ)૧૪ બિલિયન ડૉલરની લોન આપશે અને બાકીના છ બિલિયન અમેરિકન ડોલર ખર્ચાળ વિન્ડોના માધ્યમથી આપવામાં આવશે.

વર્લ્ડ બૅન્ક તરફથી ૨૦ બિલિયન અમેરિકન ડોલર સિવાય તેની અન્ય બે શાખાઓ ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન અને મલ્ટિલેટરલ ઇન્વેસ્ટમેન્ટ ગેરન્ટી એજન્સી પાસેથી પણ ૨૦ બિલિયન અમેરિકન ડોલર મળવાની સંભાવના છે. આ સાથે હવે પેકેજ ૪૦ મિલિયન અમેરિકન ડોલરનું થઇ જશે.

આર્થિક રીતે પછાત પાકિસ્તાનમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા અને સામાજિક સેવાઓ સુધારવા માટે આ રકમ ફાળવવામાં આવશે. અન્ય એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સરકારે આર્થિક સુધારા માટે રાષ્ટ્રીય પરિવર્તન યોજના શરૂ કરી છે જેના ઉદ્દેશ્યોમાં પાંચ વર્ષ દરમિયાન જીડીપી વૃદ્ધિને બમણી કરવી અને ગરીબીને અડધી કરવાનું સામેલ છે. ■

### ઝારખંડમાં શીતલહેરના કારણે ધો. ૮ સુધીના વર્ગો બંધ

રાંચી: ઝારખંડમાં શીતલહેરના કારણે કિન્ડરગાર્ટનથી ધોરણ ૮ સુધીના વિદ્યાર્થીઓ માટે શાળા તા. ૭ થી ૧૩ જાન્યુઆરી સુધી બંધ રાખવાની રાજ્ય સરકારે જાહેરાત કરી છે.

શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગે શનિવારે સાંજે જારી કરેલા એક જાહેરનામામાં જણાવ્યું કે રાજ્યમાં શીતલહેરની સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારી, અનુદાનિત, લઘુમતી અને ખાનગી સહિત તમામ કેટેગરીની શાળાઓમાં ધોરણ ૮ સુધીના વિદ્યાર્થીઓ માટેના વર્ગો સ્થગિત રહેશે.

ઝારખંડમાં કોલ્ડ વેવની સ્થિતિ યથાવત છે અને કેટલાક ભાગોમાં ઠંડીનો પારો ૬ ડિગ્રી સેલ્સિયસ કરતાં નીચે ગગડ્યો છે. નોટિફિકેશનમાં વિભાગે વધુમાં જણાવ્યું છે કે ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે વર્ગો રાબેતા મુજબ ચાલુ રહેશે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન શુષ્ક હવામાન જોવા મળ્યું હતું. ખુંટીમાં સૌથી ઓછું લઘુતમ તાપમાન ૫.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.■

### નક્સલવાદ કેસ: એનઆઈએના ઝારખંડમાં નવ ઠેકાણે દરોડા

નવી દિલ્હી : નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ નક્સલવાદના કેસ સંબંધમાં પશ્ચિમ ઝારખંડના સિંહભૂમમાં નવ ઠેકાણે દરોડા પાડ્યા હતા. શનિવારે શકમંદો અને પ્રતિબંધિત સીપીઆઈ(માઓવાદી)ના ઓવર ગ્રાઉન્ડ વર્કરના નવ ઠેકાણા પર પાડવામાં આવેલા દરોડામાં મોબાઈલ ફોન, મેમરી કાર્ડ, સિમ કાર્ડ અને મહત્ત્વના દસ્તાવેજો મળી આવ્યા હતા.

સીપીઆઈ (માઓવાદી)ના સભ્ય મિસિર બેસરાનું ૨૦ લિટરનું પ્લાસ્ટિક કેન પકડાયું હતું જેમાંથી ૧૦,૫૦,૦૦૦ રોકડા, વોકીટોકી, સેમસંગ ટેબ્લેટ, પાવર બૅંક, રેડિયો સેટ, જિલેટિન સ્ટીક્સ, નેક બેન્ડ, ટાઈટન ગ્લાસ અને દોષિતદ્વદ્ધ સાબિત કરી શકાય એવા દસ્તાવેજો મળી આવ્યા હતા.

એનઆઈએએ બહાર પાડેલા નિવેદન પ્રમાણે આ વસ્તુ ગામ હુસિપિ અને રાજભાસા ગામોની વચ્ચેના વન વિસ્તારમાં મળી આવ્યા હતા. આરોપી નામે રાજેશ દેવગામ નામના આરોપીની જુબાનીથી આ કેન પકડાયું હતું.

કેસ શરૂઆતમાં પાંચ ઈસમ સામે માર્ચ ૨૦૨૪માં ચૈબાસાના ટોન્ટો પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો. એનઆઈએએ જુલાઈમાં આ કેસ પોતાના હાથમાં લીધો હતો. (એજન્સી) ■

સરપંચની હત્યાનો વિરોધ

# રાજ્યની ગ્રામપંચાયતોની નવ જાન્યુઆરીએ હડતાલ

પુણે: બીડ જિલ્લાના ગામ મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખની પાશવી હત્યા પછી મહારાષ્ટ્રની જનતા હલબલી ગઈ છે. આ ભયાનક હત્યાને કારણે રાજ્યમાં સરપંચો, ઉપસરપંચો અને ગ્રામ પંચાયતના સભ્યો ડરી ગયા છે. અનેક ગામોમાં ગ્રામ પંચાયત ચલાવતી વખતે ગ્રામ પ્રશાસન દબાણ અનુભવતા હોય છે. સરપંચ અને ગ્રામ પંચાયતના કર્મચારીઓની સલામતી સુનિશ્ચિત કરવા સરકાર કાયદો બનાવી નક્કર પગલાં ભરે તેમજ સંતોષ દેશમુખની હત્યાના નિષેધમાં રાજ્યભરની ગ્રામ પંચાયતો ૯ જાન્યુઆરીએ હડતાળ પાડશે (કામ બંધ આંદોલન કરશે)

એવી જાહેરાત પંચાયત રાજ મંચ દ્વારા સંચાલિત અખિલ ભારતીય સરપંચ પરિષદે કરી છે.

અખિલ ભારતીય સરપંચ પરિષદ

(જુઓ પાનું ૪)

### સરપંચ પરિષદની માગણી

- સરપંચ અને ગ્રામ પંચાયત કર્મચારી સુરક્ષા કાયદો હોવો જોઈએ.
- દરેક ગ્રામસભામાં પોલીસ સુરક્ષા અનિવાર્ય કરવી જોઈએ.
- દિવંગત સંતોષ દેશમુખના હત્યારાઓને ફાંસી આપવી.
- દિવંગત સંતોષ દેશમુખ પરિવારમાંથી એકને સરકારી નોકરી આપવી
- સ્વ. સંતોષ દેશમુખનું સ્મારક તેમના ગામમાં બનાવવું જોઈએ-
- વીમા કવચ સરપંચોને પેન્શન લાગુ પડવું જોઈએ.
- ગ્રામસભાઓ તમામ ગ્રામજનો માટે હોવાથી ગ્રામ પંચાયતોની દર મહિને યોજાતી બેઠકોમાં અન્યો પર કાયદા દ્વારા પ્રતિબંધ મૂકવો જોઈએ.

## મરાઠા સંગઠનની પુણેમાં કૂચ

પુણે: બીડના સરપંચ સંતોષ દેશમુખની હત્યા અને પરભણીમાં પોલીસ કસ્ટડીમાં સોમનાથ સૂર્યવંશીના મૃત્યુની નિંદા કરવા માટે એક મરાઠા સંગઠને રવિવારે પુણેમાં કૂચ કાઢી હતી. અખંડ મરાઠા સમાજના સ્થાનિક એકમે બપોરના સમયે લાલ મહેલથી કૂચ શરૂ કરી જિલ્લા કલેક્ટરની ઓફિસ પાસે સમાપ્ત કરી હતી.

આ કૂચ દરમિયાન હત્યા કરાયેલા સરપંચના પરિવારના સભ્યો, પૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણ, સંસદ સભ્ય બજરંગ

(જુઓ પાનું ૪)

## સરકાર કોઈને નહીં છોડે: ફડણવીસ

નાગપુર: બીડ સરપંચની હત્યા કેસની તપાસ રાજ્ય સરકાર દૃઢ નિર્ધાર સાથે કરી રહી છે અને આ ગુનામાં સંડોવાયેલા લોકોને છોડવામાં નહીં આવે એમ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે જણાવ્યું હતું. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ફડણવીસે કહ્યું હતું કે મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની હત્યાના મુદ્દે રાજકારણ ન કરવું જોઈએ.

દેશમુખનું ૯ ડિસેમ્બરે અપહરણ કરી હત્યા કરવામાં આવી હતી. મહારાષ્ટ્રના પ્રધાન અને એનસીપી નેતા ધનંજય મુંડેના સહયોગી

(જુઓ પાનું ૪)

## તપાસ 'અર્થહીન' : અંજલિ દમણિયાનો આક્ષેપ

મુંબઈ: ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકર્તા અંજલિ દમણિયાએ રવિવારે કહ્યું હતું કે બીડના સરપંચ સંતોષ દેશમુખની હત્યાની ચાલી રહેલી તપાસ 'અર્થહીન' છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે સત્ય બહાર આવે તે માટે તે જિલ્લાની બહારની પોલીસે તપાસનો દોર હાથમાં લેવો જોઈએ.

પવનચક્કીના પ્રોજેક્ટનું સંચાલન કરતી ઉર્જા કંપની પાસેથી ખંડણી ઉઘરાવવાની રોકવાના પ્રયાસ બદલ ૯ ડિસેમ્બરે મસ્સાજોગના સરપંચ દેશમુખની હત્યા કરવામાં આવી હતી.

રાજ્યની સીઆઈડીની વિશેષ તપાસ ટીમ દેશમુખની હત્યા તેમજ તેમના મૃત્યુ સાથે સંકળાયેલા ખંડણીના (જુઓ પાનું ૪)

## ભાજપના વિધાનસભ્યને સીએમ પર ભરોસો નથી?: એનસીપી

મુંબઈ: બીડ જિલ્લામાં થયેલી સરપંચની હત્યાની તપાસ અંગે ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસેએ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પર નિશાન સાધતાં એનસીપીના પ્રવક્તા સૂરજ ચવ્હાણે રવિવારે વાંધો ઉઠાવ્યો હતો. સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં ચવ્હાણે સવાલ કર્યો હતો કે રાજ્યનો ગૃહ વિભાગ હત્યાની નિષ્પક્ષ તપાસ કરશે એનો ધસને ભરોસો નથી? મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસ ગૃહ વિભાગનો હવાલો સંભાળે છે. ચવ્હાણે કહ્યું હતું કે જો એનસીપીમાંથી કોઈ પણ હત્યા કેસમાં સંડોવાયેલું (જુઓ પાનું ૪)

# ઉત્તર ભારતમાં ધુમ્મસ મુંબઈ સુધી અસર

## એક્સપ્રેસ ટ્રેન, ફ્લાઈટ સહિત મુંબઈની લોકલ ટ્રેનો મોડી પડતા પ્રવાસીઓ પરેશાન

મુંબઈ: દેશમાં સતત વધી રહેલી ઠંડીની અસર જાહેર પરિવહનની સેવા પણ પડી રહી છે, જેમાં દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતમાં સતત બીજા દિવસે સવારના ગાઢ ધુમ્મસને કારણે મુંબઈથી આવતી ટ્રેનો અને ફ્લાઈટ્સને અસર થઈ રહી છે તેમ જ અનેક દિવસોથી ઘણી પ્રીમિયમ ટ્રેનો મોડી ચાલી રહી છે. તેની અસર લોકલ ટ્રેનોના સંચાલન પર પણ પડી રહી છે.

રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે છેલ્લા એક સપ્તાહથી રાજધાની એક્સપ્રેસ, ઓગસ્ટ ક્રાંતિ તેજસ રાજધાની, અમૃતસર એક્સપ્રેસ અને સ્વરાજ એક્સપ્રેસ સતત ૬ કલાક મોડી ચાલી રહી છે. આ ટ્રેનો મોડી દોડવાને કારણે છેલ્લા બે-ત્રણ દિવસથી મુંબઈની લોકલ ટ્રેનસેવા પર અસર થઈ છે, જે અડધો કલાકથી મોડી દોડતા પ્રવાસીઓને હાલાકી પડી છે. રવિવારના બ્લોકને કારણે મુંબઈની ટ્રેનસેવા સવારથી મોડી રાત સુધી મોડી દોડતી રહી હતી.

ઉત્તર ભારતમાં ખરાબ હવામાનને કારણે કુલ ૮૧ ટ્રેનો સમય કરતાં મોડી ચાલી રહી છે, જ્યારે ૧૫ ફ્લાઈટ ડાયવર્ટ કરવામાં આવી છે. અત્યંત ગાઢ ધુમ્મસને કારણે શનિવારે સવારે ૭ વાગ્યે દિલ્હી ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર શૂન્ય વિઝિબિલિટી હતી. એરસ્ટ્રીપ્સ પર 'રનવે વિઝ્યુઅલ રેન્જ ૧૦૦-૨૫૦ મીટરની વચ્ચે હતી.

આ ઉપરાંત ગાઝિયાબાદ, નોઈડા, ગ્રેટર નોઈડા, ફરીદાબાદ અને ગુરુગ્રામમાં પણ શીત લહેર ચાલુ છે. તાપમાન સતત ઘટી રહ્યું છે. હવામાનની આગાહીમાં લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી સેલ્સિયસ રહેવાની આગાહી કરવામાં આવી છે. જ્યારે શનિવારે સવારે બહાદુરગઢનું લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

ઉત્તર ભારતમાં ધુમ્મસના કારણે ૧૯ ફ્લાઈટ ડાયવર્ટ કરવામાં આવી અને ૨૪ રદ કરવામાં આવી છે. જ્યારે

(જુઓ પાનું ૪)

# 'લાડકી બહેન'ને કારણે ખેડૂતોના પૈસા અટવાયા

મુંબઈ: 'લાડકી બહીન' યોજનાને કારણે રાજ્યના ખેડૂતોને રડવાનો વખત આવ્યો છે. વિધાનસભાની ચૂંટણી વખતે 'લાડકી બહેન' યોજના પાંચ વર્ષ ચાલુ રહેશે એવું આશ્વાસન આપવામાં આવ્યું હતું ડિસેમ્બરનો હપ્તો જમા પણ થઈ ગયો છે પણ તેને કારણે રાજ્યની તિજોરીને મોટો ફટકો પડ્યો હોવાનું જણાઈ આવ્યું છે. કૅગ દ્વારા પણ રાજ્ય સરકારની આર્થિક નીતિની ટીકા કરવામાં આવી છે. તિજોરી પરનો આર્થિક ભાર વધી ગયો છે. રાજ્યની મહેસૂલ ખાધ બે લાખ કરોડ પર પહોંચી ગઈ હોવાનું સામે આવ્યું છે ત્યારે હવે ખેડૂતોની લોન માફી હવે લંબાઈ જવાની ભારોભાર શક્યતા છે.

રાજ્યની મહેસૂલ ખાદ્ય બે લાખ કરોડ પર ગઈ છે. વિધાનસભાની ચૂંટણી પહેલા રાજ્યના નાણા વિભાગે રાજ્યની આર્થિક સ્થિતિ વિશે સરકારને વાકેફ કરી હતી. 'લાડકી બહેન' યોજનાને કારણે તે વખતે આર્થિક ભાર લેવો નહીં એવો મત પણ નાણા વિભાગે આપ્યો હતો. હવે કૅગના અહેવાલમાં રાજ્ય સરકારના જમા અને ખર્ચમાં તાલમેલ બેસતો ન હોવાનું કહેવાય છે.

વિધાનસભા ચૂંટણીના પ્રચારમાં ખેડૂતોની લોન માફ કરશું એવું આશ્વાસન મહાયુતીએ આપ્યું હતું.'લાડકી બહેન'ને યોજનાને કારણે રાજ્યની તિજોરી પર ભાર આવતો હોવાની કબૂલાત ખુદ નાણાપ્રધાન માણિકરાવ કોકાટે કરી છે. રાજ્યની આર્થિખ સ્થિતિ સુધર્યા બાદ ચારથી છ મહિનામાં રાજ્ય સરકાર ખેડૂતોની લોનમાફી વિશે નિર્ણય લેશે એવું કોકાટેએ કહ્યું હતું. તેથી હાલ પૂરતો ખેડૂતોની લોનમાફીનો નિર્ણય અધ્ધરતાલ રહ્યો છે.

ચૂંટણીમાં 'લાડકી બહેન' દ્વારા મહાયુતીને મોટા પ્રમાણમાં મત આપવામાં આવ્યા હતા. હવે આ યોજનાના અમુક નિયમો બદલવાની

(જુઓ પાનું ૪)

## મુંબઈ એરપોર્ટ પર લાખોનું ફાર્મા ડ્રગ્સ, ૨.૪૪ લાખ સિગારેટ્સ જપ્ત

મુંબઈ: નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરો (એનસીબી)એ મુંબઈ એરપોર્ટના ઍર કાર્ગો ટર્મિનલ ખાતે લાખો રૂપિયાનું ફાર્મા ડ્રગ્સ અને નકલી બ્રાન્ડની ૨.૪૪ લાખ સિગારેટ્સ જપ્ત કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

એનસીબીના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે ૩ જાન્યુઆરીએ મધરાતે ઍર કાર્ગો ટર્મિનલ ખાતે તલાશી લઇને ગેરકાયદે વાળવામાં આવેલું ૨૯.૬ કિલો ફાર્માસ્યુટિકલ ડ્રગ્સ ભરેલી ૭૪,૦૦૦ કૅપ્સ્યૂલ્સ અને સિગારેટ્સ પકડી પાડી હતી, જે દાણચોરીથી લંડન, યુકે મોકલવાનો આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટનો ઇરાદો હતો.

ભારતમાંથી અનધિકૃત રીતે ફાર્માસ્યુટિકલ ડ્રગ્સ મેળવીને તે વિદેશ મોકલવામાં આવતું હોવાની માહિતી મળ્યા બાદ તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં એવું સામે આવ્યું હતું કે પરિવહનના હેતુથી બલ્ક ઍર કાર્ગોનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. તપાસ દરમિયાન અધિકારીઓને એવી માહિતી મળી હતી કે વધુ એક કન્સાઇનમેન્ટ લંડન, યુકે મોકલવામાં આવવાનું છે.

તપાસ દરમિયાન લોજિસ્ટિક્સ

(જુઓ પાનું ૪)

# મુખ્ય પ્રધાન ફડણવીસની ચૂંટણીની જીતને કોર્ટમાં પડકારવામાં આવી, શું તેઓ ગુમાવશે ખુરશી?

મુંબઇ: તાજેતરમાં પૂર્ણ થયેલી મહારાષ્ટ્ર વિધાન સભાની ચૂંટણીમાં મહાયુતિનો ભવ્ય વિજય થયો હતો અને રાજ્યમાં મહાયુતિની સરકાર બની છે. મહાયુતિએ કુલ ૨૮૮ બેઠકોમાંથી ૨૩૦ બેઠકો પર ભવ્ય જીત મેળવી હતી. ભાજપે ૧૩૨ બેઠકો જીતી હતી, જ્યારે તેના સાથી પક્ષો તત્કાલિન મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાએ ૫૭ બેઠકો જીતી હતી, અને તત્કાલિન નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીએ ૪૧ બેઠકો જીતી હતી.

મહા વિકાસ આઘાડી (એમવીએ)ને મોટો ઝટકો લાગ્યો હતો. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી)એ ૨૦ બેઠકો જીતી, કોંગ્રેસને ૧૬ બેઠકો મળી હતી અને શરદ પવારની આગેવાની હેઠળની એનસીપી (એસપી) માત્ર ૧૦ બેઠકો પર જીતી હતી. વિધાન સભાની ચૂંટણીના પરિણામોને એક મહિનાથી પણ વધુ સમય થઇ ગયો છે, પણ વિપક્ષ પોતાની હારને પચાવી નથી શક્યો. તેણે મહાયુતિની જીતનો વિરોધ શરૂ કરી દીધો છે.

તેમણે ઇવીએમને બદનામ કરવાનો પ્રયત્ન કર્યો પણ તેમાં તેમને ઉંધા હાથની ખાવી પડી હતી. વિપક્ષે

(જુઓ પાનું ૪)

## મીરા રોડમાં વેપારીની ગોળી મારી હત્યા: બે પકડાયા

મુંબઈ: મીરા રોડમાં જૂની અદાવતને લઇ ૩૮ વર્ષના વેપારીની ગોળી મારીને હત્યા કરવાના કેસમાં ક્રાઇમ બ્રાન્ચે નાલાસોપારા અને બદલાપુરથી બે આરોપીની ધરપકડ કરી હતી.

ક્રાઇમ બ્રાન્ચે પકડી પાડેલા આરોપીઓની ઓળખ સૈફઅલી મન્સુરઅલી ખાન (૨૨) અને મોહંમદ યુસુફ મન્સુરઅલી આલમ (૩૪) તરીકે થઇ હતી. આરોપી સૈફઅલી ખાન પાસેથી પિસ્તોલ અને છ બુલેટ્સ જપ્ત કરવામાં આવી હતી.

મીરા રોડમાં સ્ટેશન પાસે આવેલા શાંતિ શોપિંગ સેન્ટરમાં દુકાન ધરાવતા શમ્સ તબરેઝ શહાબુદ્દીન અન્સારી ઉર્ફે સોનુની શુક્રવારે રાતના હત્યા કરવામાં આવી હતી.

અન્સારી શુક્રવારે રાતે મિત્ર ઉમર રમજાન સોલંકી સાથે શોપિંગ સેન્ટરમાં બંધ દુકાન સામે બેઠો હતો ત્યારે આરોપીએ તેના માથામાં ગોળી મારી હતી. બાદમાં આરોપી મીરા

(જુઓ પાનું ૪)



**ટ્રાફિક જાગૃતિ:** થાણે ટ્રાફિક પોલીસ દ્વારા આયોજિત જોય સાઈકલ રેલીમાં દરેક વય જૂથના લોકોએ સહભાગ લીધો હતો. (અમય ખરાડે)

## વર્સોવાથી વિરાર ફક્ત ૪૫ મિનિટમાં

મુંબઈ: એમએમઆરડીએએ ઉત્તન-વિરાર દરમિયાન ૫૫ કિલોમીટર લાંબો નવો લિંક રોડ બનાવવાનું માળખું તૈયાર કર્યું છે. આ કુલ અંતરમાંથી ૨૪ કિલોમીટરનો સી-લિંક હશે. ૧૯.૯ મીટર પહોળો અને પાંચ લેન ધરાવતા માર્ગનું માળખું ટૂંક સમયમાં સરકાર પાસે મંજૂરી માટે મોકલાવવામાં આવશે. પંચાવન કિ.મી.નો નવો માર્ગ બીએમસીએ બાંધેલા કોસ્ટલ રોડને જોડવામાં આવશે. કોસ્ટલ રોડ વર્સોવાથી ભાયંદર ઉત્તન દરમિયાન બનાવવામાં આવી રહ્યો છે.

એમએમઆરડીએના કમિશનર સંજય મુખરજીએ આપેલી માહિતી અનુસાર પંચાવન કિલોમીટર રોડનો સંપૂર્ણ ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર) તૈયાર કરવામાં આવ્યો છે. હાલમાં આ ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટનું કામ અંતિમ તબક્કામાં છે. તેનું કામ પૂર્ણ થયા બાદ પ્રોજેક્ટ રિપોર્ટ સરકાર પાસે મોકલવામાં આવશે. આ પ્રોજેક્ટને કોસ્ટલ રોડને કનેક્ટિવિટી આપવામાં આવશે. આ બન્ને પ્રકલ્પ એટલે કે કોસ્ટલ રોડ અને ઉત્તન-વિરાર સી-લિંકને કારણે વર્સોવથી વિરાર ફક્ત ૪૫ મિનિટમાં પ્રવાસ કરી શકાશે. ■

### ત્રણ જગ્યાએ હશે કનેક્ટર

પંચાવન કિલોમીટર લાંબા માર્ગ પર ત્રણ જગ્યાએ કનેક્ટર હશે. વસઇ, વિરાર અને ઉત્તનમાં આ કનેક્ટર તૈયાર કરવામાં આવશે. આ સિવાય પંચાવન કિલોમીટરના માર્ગનો આગળ વિસ્તાર કરવાની યોજના પણ એમએમઆરડીએ તૈયાર કરી રહી છે. સરકાર ઉત્તનતી વિરાર સુધી બનાવવામાં આવનાર માર્ગને પાલઘર સુધી વધારવા માગે છે.

## નાગપુરમાં ત્રણ વાઘ અને દીપડાના બર્ડ ફ્લૂથી મોત: મહારાષ્ટ્રમાં એલર્ટ

મુંબઈ: નાગપુરમાં ગોરેવાડા પ્રાણી સંગ્રહાલયમાં ત્રણ વાઘ અને એક દીપડાનું એચફાઈવએનવન વાઈરસથી મૃત્યુ થતા ખળભળાટ મચી ગયો છે. એક વાઘનું મૃત્યુ ૨૦ ડિસેમ્બરના થયું હતું. તો અન્ય બે વાઘના ૨૩ ડિસેમ્બરનાં મૃત્યુ થયાં હતાં. તેમના મૃત્યુ બાદ તેમના નમૂના લેબમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા.આયસીએઆર-નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાઈ સિક્યોરિટી એનિમલ ડિસિઝમાં નમૂના તપાસ માટે મોકલ્યા બાદ તેમને એચફાઈવએનવન પોઝિટિવ હોવાનું જણાતા સરકારી તંત્ર હરકતમાં આવી ગયું છે. મળેલ માહિતી મુજબ લેબોરેટરીનો અહેવાલ પહેલી જાન્યુઆરીના આવ્યો હતો. તેમાં આ પ્રાણીઓના મૃત્ય એચફાઈવએનવન વાઈરસને કારણે થયા હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. ત્યારબાદ રાજ્યના પ્રાણી સંગ્રહાલયમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હાલ અધિકારીઓ આ પ્રાણીઓમાં ચેપ કોનામાંથી લાગ્યો તેની તપાસ કરી રહ્યા છે. ■

## મુંબઈમાં મોડી સાંજે વરસાદના હળવા ઝાપટાં

મુંબઈ: ઉત્તર ભારતમાં થઈ રહેલા સ્નો ફ્લોની અસર હેઠળ હાલ એક તરફ રાજ્યમાં ફરી એક વખત ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે રવિવારે અચાનક મોડી સાંજે મુંબઈના અનેક વિસ્તારોમાં વરસાદના હળવા ઝાપટાં પડ્યા હતા.

રવિવાર સવારથી મુંબઈમાં વાદળિયું વાતાવરણ રહ્યું હતું. તેમ જ દિવસના ઠંડા પવનો પણ ફૂંકાઈ રહ્યા હતા, તેમાં સાંજે મુંબઈના ઘાટકોપર, દાદર સહિત પશ્ચિમ ઉપનગરના અમુક વિસ્તારમાં હળવા વરસાદના ઝાપટાં પડી ગયા હતા. નોંધનીય છે કે હાલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ ઉત્તર ભારતમાં બરફ વર્ષા થઈ રહી છે, તેની અસર મુંબઈ સહિત રાજ્યમાં પણ ઠંડીનું પ્રમાણ વધી ગયું છે ત્યારે ગઈ કાલે સાંજે અચાનક મુંબઈના અમુક વિસ્તારમાં વરસાદના હળવા ઝાપટાં પડી ગયા હતા. ■

## ભુજબળની નારાજગી દૂર થઈ અને હવે ધનંજય મુંડેના સમર્થનમાં આવ્યા

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં મંત્રીપદ નહીં મળવાને કારણે નારાજ રહેલા નેતાઓને કારણે રાજ્યમાં હાલ મોટી ઊથલપાથલ ચાલી રહી છે, જેમાં સૌથી મોખરે રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નેતા છગન ભુજબળનો સમાવેશ થાય છે.

છગન ભુજભલ મહાયુતિમાં ઓબીસી સમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે. છતાં મહારાષ્ટ્રના કેબિનેટમાં અને વિભાગની વહેંચણીમાં એનસીપીના છગન ભુજબળને સ્થાન આપવામાં આવ્યું નથી, તેની સામે તેમણે જાહેરમાં નારાજગી પણ વ્યક્ત કરી છે. છગન ભુજબળનો પ્રધાનમંડળમાં સમાવેશ નહીં કરવા પાછળ એનસીપીના પ્રમુખ અજિત પવારનો હાથ હોવાનું માનવામાં આવે છે.

પક્ષ સામે નારાજ રહેલા છગન ભુજબળ જોકે હવે જાહેરમાં ધનંજય મુંડેના સમર્થનમાં ઊતરી આવ્યા છે. ધનંજય મુંડેના રાજીનામાની માગણી સતત થઈ રહી છે ત્યારે તેમની પાસે રહેલું ખાતું છગન ભુજબળને મળશે કે કેમ એવા સવાલ કરવામાં આવતા મુંડેના પ્રધાન પદ સાથે તેમને કોઈ સંબંધ ન હોવાનો તેમણે દાવો કર્યો હતો. હાલ રાજ્યમાં બીડના સરપંચ સંતોષ દેશમુખના હત્યાકાંડના આરોપી વાલ્મિક કરાડ સાથે ધનંજય મુંડેનું નામ જોડાઈ રહ્યું છે, તેથી મુંડેના રાજીનામાની ચોતરફથી માગણી થઈ રહી છે ત્યારે કોઈનું પણ મંત્રીપદ છીનવી લેવું જોઈએ નહીં એવી સ્પષ્ટ શબ્દમાં તેમણે નારાજગી પણ પક્ષ સામે વ્યક્ત કરી હતી.

## ઉત્તન-વિરાર સી-લિંકને કારણે માછીમારીનો વ્યવસાય પડી ભાંગવાની સ્થાનિકોને ભીતી

મુંબઈ: એમએમઆરડીએ દ્વારા બાંધવામાં આવનાર ઉત્તન-વિરાર સી-લિંકને કારણે આ વિસ્તારના માછીમારોમાં ચિંતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. સી-લિંકના કામને કારણે પ્રદૂષણ ફેલાવાથી તેમના વ્યવસાય પર આડઅસર થવાની ભીજી વ્યક્ત કરવામાં આવી છે. ભાયંદરથી અંદાજે આઠ કિલોમીટરના અંતરે આવેલા ઉત્તનમાં રહેતા લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને માછીમારી છે. ઉત્તન, પાલી, ડોંગરી, ભટ્ટે બંદર અને ચોક સહિત વેલંકની ચૌપાટીને કારણે અહીં પર્યટકોની અવરજવર હોય છે. આ વિસ્તારમાં ૯૦૦થી વધુ માછીમારીની નૌકા છે. ઉત્તનથી વિરાર બાંધવામાં આવનાર સી-લિંકને કારણે સ્થાનિકોના જનજીવન પર અને સમુદ્રમાં માછલીઓની આવક પર અસર થઇ શકે છે. આ સિવાય સી-લિંકના બાંધકામને કારણે ધ્વનિ પ્રદૂષણ અને જળ પ્રદૂષણ થઇ શકે છે. તેથી માછીમારીના વ્યવસાય પર પરિણામ થવાની ચિંતા રહેવાસીઓમાં વધી રહી છે. બિનસરકારી સંસ્થા દ્વારા મુખ્ય પ્રધાનને આ વિશે લખવામાં આવેલા પત્રમાં પ્રસ્તાવિત પ્રકલ્પ માટે સ્થાનિક લોકોની મંજૂરી લેવી, માછીમારી પર કોઇ પરિણામ ન થાય તેની કાળજી લેવાનું કહ્યું છે. ■

## ટોઈંગ વાન - એસયુવી ટક્કર: ચારનાં મોત, ત્રણ ઈજાગ્રસ્ત

મુંબઈ: મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં શુક્રવારે મુંબઈ - ગોવા હાઈવે પર ટોઇંગ વાન એસયુવી સાથે અથડાતાં ચાર જણ મૃત્યુ પામ્યા હતા અને ત્રણને ઈજા થઈ હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. આ ઘટના વહેલી સવારે બની હતી અને ટોઇંગ વેનનો ડ્રાઈવર દારૂના નશામાં ડ્રાઈવિંગ કરતો હોવાની જાણ થતાં તેની ધરપકડ કરવામાં આવી હતી એમ અધિકારીએ ઉમેર્યું હતું. અધિકારીએ આપેલી માહિતી અનુસાર 'પેટ્રોલ ઓછું હોવાની જાણ થતાં ડ્રાઈવરે સ્કોર્પિયો મહાડમાં રોકી હતી. એ સમયે ઝડપથી આવતી ટોઇંગ વેન એસયુવીમાં ઘૂસી જતાં ચાર જણ ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. ત્રણને ઈજા થતાં તેમને સ્થાનિક ગ્રામીણ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોમાંથી એકની હાલત ગંભીર છે, જ્યારે અન્ય બે જણની હાલત સારી છે.' ભારતીય ન્યાય સંહિતા અને મોટર વાહન અધિનિયમની જોગવાઈઓ હેઠળ ટોઇંગ વેનના ડ્રાઈવર સામે બેદરકારી અને અન્ય ગુનાઓ દ્વારા બેદરકારીથી મૃત્યુ નિપજાવવાનો કેસ નોંધવામાં આવ્યો હતો.

## મુંબઈ-અમદાવાદ હાઈવે પર અકસ્માત: બે સિનિયર સિટિઝનનાં મૃત્યુ

મુંબઇ: મુંબઈ-અમદાવાદ હાઇવે પર ધાનીવરી ગામની હદમાં કારને અકસ્માત નડતાં બે સિનિયર સિટિઝનનાં મોત થયાં હતાં, જ્યારે બે જણને ગંભીર ઇજા પહોંચી હતી.

મુંબઈ-અમદાવાદ હાઇવે પર રવિવારે બપોરે દહાણુથી ગુજરાત તરફ જઇ રહેલી કાર ધાનીવરી ગામ નજીક પહોંચી ત્યારે ડ્રાઇવરે અચાનક કાબૂ ગુમાવતાં કાર બેથી ત્રણ વાર ઊંધી વળ્યા બાદ રસ્તાને કિનારે ખાડામાં પડી ગઇ હતી. આ અકસ્માતમાં ગંભીર ઇજાને કારણે રમલાબેન આરીવાલા અને અમૃતલાલ ઘીવાલાનાં મોત થયાં હતાં, જ્યારે ડ્રાઇવર અને તેની પત્નીને ઇજા પહોંચી

(જુઓ પાનું ૪)

## હૉસ્પિટલમાંથી નવજાત શિશુનું અપહરણ: મહિલા તાબામાં

*નાશિક:* નાશિકની સરકારી હૉસ્પિટલમાંથી પાંચ દિવસના નવજાત શિશુનું અપહરણ કરવા બદલ મહિલાને તાબામાં લેવાઇ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર હૉસ્પિટલમાં દાખલ શિશુની માતા સાથે મહિલાએ મિત્રતા કરી હતી. શનિવારે મહિલાનો પતિ બ્લડ રિપોર્ટ લેવા માટે ગયો હતો ત્યારે મહિલાને શિશુને ઊંચક્યું હતું અને તેને

(જુઓ પાનું ૪)

# રિયલ્ટી અને બેન્કેક્સ સિવાય બધા સેકટરલ ઈન્ડેક્સ વધ્યા, માર્કેટ કેપમાં ₹ ૭.૪૭ લાખ કરોડનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ભારે ઊથલપાથલ વચ્ચેથી પસાર થયેલા સપ્તાહ દરમિયાન શેરબજારે સરવાળે રોકાણકારોને લાભ જ કરાવ્યો છે. સપ્તાહ અંતે રિયલ્ટી અને બેન્કેક્સ સિવાય બધા સેકટરલ ઈન્ડેક્સ વધ્યા છે અને માર્કેટ કેપમાં રૂ. ૭.૪૭ લાખ કરોડનો વધારો થયો છે. બીએસઈ આઈપીઓ ૧.૫૬ ટકા અને એસએમઈ આઈપીઓ ૭.૫૧ ટકા વધ્યો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહે બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૮,૬૯૯.૦૭ના બંધથી ૫૨૪.૦૪ પોઈન્ટ્સ (૦.૬૭ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૩૦ ડિસેમ્બર અને સોમવારે ૭૮,૬૩૭.૫૮ ખૂલી મંગળવાર, ૩૧ ડિસેમ્બરે નીચામાં ૭૭,૫૬૦.૭૯ સુધી અને શુક્રવાર ૩ જાન્યુઆરીએ ઊંચામાં ૮૦,૦૭૨.૯૯ સુધી જઈ સપ્તાહ અંતે ૭૯,૨૨૩.૧૧ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ.૪૪૯.૭૮ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ.૪૪૨.૩૧ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૭.૪૭ લાખ કરોડનો વધારો થયો હતો. બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૧.૦૬ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૧.૧૦ ટકા, બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૧.૧૬ ટકા, બીએસઈ મિડકેપ ૧.૩૨ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૯૪ ટકા વધ્યો હતો.

સેકટરલ ઈન્ડાયસીસમાં ઓટો ૩.૭૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૩.૬૯ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૩.૩૮ ટકા, એફએમસીજી ૨.૩૬ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૧.૮૩ ટકા, પીએસયુ ૧.૬૯ ટકા, હેલ્થકેર ૧.૫૬ ટકા, પાવર ૦.૬૭ ટકા, ટેક ૦.૪૮ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૧૬ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૦૭ ટકા અને મેટલ ૦.૦૫ ટકા વધ્યા હતા, જ્યારે રિયલ્ટી ૨.૦૫ ટકા અને બેન્કેક્સ ૦.૫ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦ શેરોમાંથી ૨૨ વધ્યા અને ૮ ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક વધેલા પાંચ શેરમાં મારુતિ ૮.૪૨ ટકા, બજાજ ફિનસર્વ ૭.૧૭ ટકા, બજાજ ફાઈનાન્સ ૬.૭૭ ટકા, તાતા મોટર્સ ૫.૦૪ ટકા અને ઈન્ડસઈન્ડ બેન્ક ૪.૪૬ ટકા વધ્યો હતો. જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ કંપનીઓમાંથી સૌથી અધિક ઘટેલી પાંચ કંપનીની સ્ક્રિપ્સમાં આઈસીઆઈસીઆઈ બેન્ક ૩.૨૯ ટકા, એચડીએફસી બેન્ક ૨.૭૮ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૬૩ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૧.૬૮ ટકા અને ટેક મહિન્દ્ર ૧.૩૦ ટકા ગબડ્યો હતો.

બજારનો અંડરટોન એકંદરે સારો રહ્યો હતો. નએથ ગ્રુપની ૭૨૪ કંપનીઓમાંથી ૪૯૬ કંપનીઓના ભાવ વધ્યા, ૨૨૭ કંપનીઓના ભાવ ઘટ્યા અને એકનો સ્થિર રહ્યો હતો. બી ગ્રુપની ૧,૨૧૫ કંપનીઓમાંથી ૮૬૪ વધી હતી, ૩૪૬ ઘટી હતી અને પાંચ સ્થિર રહી હતી.

બીએસઈ ૧૦૦માં ૭૭ કંપનીઓ વધી, ૨૩ કંપનીઓ ઘટી હતી. બીએસઈ ૨૦૦માં ૧૪૪ કંપનીઓ વધી, ૫૬ કંપનીઓ ઘટી હતી. બીએસઈ ૩૦માં ૧૯ કંપનીઓ વધી, ૧૧ કંપનીઓ ઘટી હતી.

# માર્કેટનો અંડરટોન પોઝિટિવ, પરંતુ ઉછાળે વેચવાલી ખેલ બગાડી શકે

## ફોરકાસ્ટ

**નિલેશ વાઘેલા**

શેરબજારમાં ભારે ઉથલપાથલ છતાં પોઝિટિવ ટોન જણવાયો છે અને સાપ્તાહિક ધોરણે સુધારો નોંધાવ્યો છે. ખાસ કરીને ગુરુવારના સત્રમાં જોવા મળેલા ૧૫૦૦ પોઇન્ટના ઉછાળાએ બજારને એક પોઝિટિવ ગતિ આપી છે, અલબત્ત તે પછીના સત્રમાં ૭૦૦ પોઇન્ટથી મોટું ધોવાણ પણ જોવા મળ્યું હતું. બજારના નિરીક્ષકો કહે છે કે ઐતિહાસિક રીતે જાન્યુઆરી મહિનામાં વિદેશી ફંડો મોટેભાગે મોટેપાયે વેચવાલી કરતા હોવાથી બજારમાં રોકાણકારો માટે સારો માહોલ રહેતો નથી. હાલ વિદેશી ફંડો એકધારી વેચવાલી પણ કરી રહ્યા છે.

આ મહિનાના પ્રથમ ત્રણ જ સત્રમા જ એફઆઇઆઇએ રૂ. ૪૨૮૫ કરોડના શેર બજારમાં ઠાલવ્યા છે. આ ઉપરાંત અમેરિકાનો મજબૂત થતો જતો ડોલર અને સામે નબળો પડતો જઇ રહેલો રૂપિયો પણ ચિંતાનો વિષય છે. આ બધા કારણોસર બજારમાં રોકાણકારો ઉછાલે વેચવાલીનો અભિગમ અપનાવી રહ્યાં છે. ખાસ કરીને ફંડો આ નીતિ વધુ અમલી બનાવી રહ્યાં હોય એવું જણાય છે. આ સપ્તાહની વાત કરીએ તો, છઠી જાન્યુઆરીથી શરૂ થતા આ સપ્તાહમાં, ડિસેમ્બર ક્વાર્ટરની કમાણીની સિઝન, યુએસ અને એફઓએમસી મીટિંગ મિનિટ્સના કેટલાક ડેટા પોઇન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરીને સંભવિત અસ્થિરતા વચ્ચે બજારનું સેન્ટિમેન્ટ હકારાત્મક રહી શકે છે.

વધુમાં, રોકાણકારો માટે હવે કોર્પોરેટ પરિણામા શેરલક્ષી કામકાજ માટે મુખ્ય ટ્રીગર બનશે. એ જ સાથે, ફોરેક્સ માર્કેટની વધઘટ, ક્રૂડ ઓઇલના ભાવ અને અમેરિકાના આર્થિક ડેટા બજારના સેન્ટિમેન્ટને અસર કરશે. ત્રીજી જાન્યુઆરીએ પૂરા થયેલા સતત બીજા સપ્તાહમાં બજારે ઉર્ધ્વગામી સફર જાળવી રાખવામાં સફળતા મેળવી હતી, જોકે તે મજબૂત યુએસ ડોલર, ઊંચા મૂલ્યાંકન, એફઆઇઆઇનો એકધારો આઉટફ્લો, નબળો પડતો ભારતીય રૂપિયો અને વધતા ક્રૂડ ઓઇલના ભાવ ટ્રેક કરતા શેરબજારીયાઓ દ્વારા અપનાવવામાં આવેલી ઉછાળે વેચવાલીની વ્યૂહરચનાને કારણે બજાર તમામ ઉછાળો જાળવી રાખવામાં નિષ્ફળ રહ્યું હતું. ઓટો, એફએમસીજી, ફાર્મા અને ઓઈલ એન્ડ ગેસ શેરોમાં ખરીદી સાથે ડીઆઈઆઈના પ્રવાહમાં ખરીદીએ બજારને ટેકો આપ્યો હતો.

નિફ્ટી ઇન્ડેક્સ સપ્તાહ દરમિયાન ૦.૮૦ ટકા વધીને ૨૪,૦૦૫ના સ્તરે પહોંચ્યો હતો અને સેન્સેક્સ ૦.૬૭ ટકા વધીને ૭૯,૨૨૩ની સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે નિફ્ટી મિડકેપ અને સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સોએ બેન્ચમાર્ક શેરઆંકો સામે અનુક્રમે ૧.૬૪ ટકા અને ૧.૬૪ ટકા વધીને આઉટપરફોર્મન્સ બતાવ્યું હતું. બજારના સાધનો અનુસાર રોકાણકારો કોર્પોરેટ પરિણામોને અધારે તેમ જ અંદાજપત્રને લગતી અટકળોને આધારે ખેલા ગોટવશે. આ ઉપરાંત એફઓએમસી મિનિટ્સ, યુએસ નોન-ફાર્મ પેરોલ અને બેરોજગારી દર જેવા મુખ્ય ડેટા પોઈન્ટ્સ બજારના સેન્ટિમેન્ટને પ્રભાવિત કરશે. બધાની નજર ડિસેમ્બર ક્વાર્ટરની કમાણી પર હશે જે આ સપ્તાહે ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (૯ જાન્યુઆરી) સાથે શરૂ થશે. એકંદરે, સપ્ટેમ્બર ૨૦૨૪ ક્વાર્ટરના ડેટા નબળા પડી ગયા હતા, જે બજારમાં વેચાણના દબાણનું એક મુખ્ય કારણ હતું, તેથી બજારના સહભાગીઓ ક્રમિક નંબરો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

અન્ય કંપનીઓમાં, ટાટા એલેક્સી, ઇન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી, વન મોબિક્વિક સિસ્ટમ, સીઇએસસી, જીએમ બ્રુવરિઝ, ટ્રાન્સફોમર્સ એન્ડ રેક્ટિફાયર્સ (ઇન્ડિયા), ટીપીએલ હેથવે, યશ હાઇવોલ્ટેજ, જીએનએ એક્સલ્સ, પીસીબીએલ અને વાલેચા ઇન્ડસ્ટ્રીઝ પણ આગામી સમયમાં ત્રિમાસિક કમાણી જાહેર કરશે.

વૈશ્વિક સ્તરે, ડિસેમ્બરમાં યોજાયેલી એફઓએમસી મીટિંગની મિનિટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, ટ્રમ્પની નીતિની ઘોષણાઓ અને ફુગાવાના ડેટા પર ધ્યાન કેન્દ્રિત કરીને આગળના વેપાર ગોઠવવામાં આવશે. તે સિવાય, બેરોજગારી દર, નોન-ફાર્મ પેરોલ્સ, જોલ્ટ્સ જોબ્સ ઓપનિંગ અને ક્વિટ્સ, એડીપી એમ્પ્લોયમેન્ટ ચેન્જ, ચેલેન્જર જોબ કટ, વાહનોનું વેચાણ અને યુનાઇટેડ સ્ટેટ્સમાંથી ફેક્ટરી ઓર્ડર જેવા ઘણા આર્થિક ડેટા પોઇન્ટ્સ પણ જોવામાં આવશે, કારણ કે તે બજારને દિશા આપવામાં મદદ કરશે.

# ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ વોલ્યુમમાં ૩૭ ટકા ઘટાડો, જૂન ૨૦૨૩ પછીનું સૌથી નીચું સ્તર

## માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા અમલી બનાવાયેલાં આકરાં પગલાંના અમલીકરણ પછીનો પહેલા મહિનામાં વર્તાયેલી અસર

મુંબઇ: વર્ષ ૨૦૨૪ના અંતિમ મહિનામાં ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સરેરાશ દૈનિક ટર્નઓવર રૂ. ૨૮૦ લાખ કરોડ રહ્યું , જે જૂન ૨૦૨૩ પછીનું સૌથી નીચું સ્તર નોંધાયું છે. બજારના અભ્યાસુઓ માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા અમલી બનાવાયેલા આકરા પગલાંની અસર હોવાનું જણાવે છે. નોંધવું રહ્યું કે, નવા નિયમોના અમલીકરણ પછીનો આ પહેલો મહિનો હતો.

સેબીના નિયમોની અસર બજારના વોલ્યુમ પર પડી છે. ડેરિવેટિવ્ઝ માર્કેટના જોખમો અને ફાયદા અને ગેરફાયદા વિશે રોકાણકારો અને સટોડિયાઓને સંવેદનશીલ બનાવવા માટે પાછલા કેટલાક મહિનાઓથી ચાલી રહેલી ઝુંબેશએ પણ નવા ટ્રેડરોએ પોઝિશન લેતી વખતે સાવચેતીભર્યો અભિગમ અપનાવવાની પ્રેરણા આપી છે.

એફએન્ડઓ મોરચે સેબીનું પગલું તેના અગાઉના અભ્યાસને આધારે લેવામાં આવ્યુ હતું. તે વેળાએ સેબીએ જણાવ્યું હતું કે ૯૦ ટકાથી વધુ વ્યક્તિગત ટ્રેડર્સને ડેરિવેટિવ્ઝમાં નુકસાન સહન કરી રહ્યા છે. જો કે, તેમાંથી કેટલાકે સતત વર્ષોની ખોટ પછી પણ શેરબજારમાં ખેલો ચાલુ રાખ્યો હતો.

ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ટ્રેડર્સના જુસ્સાને અંકુશમાં લેવા માર્કેટ રેગ્યુલેટરના તાજેતરના પગલાંને કારણે ડિસેમ્બરમાં ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ વોલ્યુમ નવેમ્બરની સરખામણીમાં ૩૭ ટકા ઘટ્યું છે. ડિસેમ્બરમાં ૨૯ તારીખ સુધીમાં, ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સરેરાશ દૈનિક ટર્નઓવર રૂ. ૨૮૦ લાખ કરોડ રહ્યું છે, જે જૂન ૨૦૨૩ પછીનું સૌથી નીચું સ્તર છે.

નવેમ્બરમાં તે ૪૪૨ લાખ કરોડ રૂપિયા હતું. નવા નિયમોના અમલીકરણ પછીનો આ પહેલો મહિનો છે. સાપ્તાહિક ડેરિવેટિવ્ઝ માટેના ઊંચા કોન્ટ્રાક્ટના કદનો અમલ પહેલી જાન્યુઆરીથી અમલમાં આવવાના હોવાથી ઉદ્યોગના સહભાગીઓ વધુ નુકસાનની શક્યતાને નકારી રહ્યાં નથી. અન્ય ત્રણ નિર્ણયો પણ આવતા વર્ષે જુદા જુદા સમયગાળામાં અમલમાં આવશે. નિફ્ટી-૫૦ સાપ્તાહિક કોન્ટ્રાક્ટ માટે સુધારેલા કોન્ટ્રાક્ટ લોટ સાઇઝ સાથે પ્રથમ સાપ્તાહિક એક્સપાયરી બીજી જાન્યુઆરીએ થશે. સેબીના સુત્રોએ જણાવ્યું હતું કે તાજેતરના ફેરફારો પછી, ડેરિવેટિવ્ઝના અંદાજિત વોલ્યુમમાં ૩૫-૪૦ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે પ્રીમિયમ વોલ્યુમમાં આઠ ટકાનો ઘટાડો થયો છે. કોન્ટ્રાક્ટ દીઠ ભાવમાં પચાસ ટકાનો વધારો થયો છે. એક્સ્ચેન્જોએ નિફ્ટી બેન્ક અને બેન્કેક્સના સાપ્તાહિક કોન્ટ્રાક્ટ્સ બંધ કર્યા છે, જ્યારે હવે વધતી અસ્થિરતાને કારણે સંભવિત જોખમને ઘટાડવા માટે એક્સપાયરી ડે પર શોર્ટ પોઝિશન પર બે ટકા ઇએલએમ લાગુ કરી રહ્યા છે. ડેરિવેટિવ્ઝ રેગ્યુલેશન હવે એક સતત ચાલુ રહેતી પ્રક્રિયા બનશે જેનો ઉદ્દેશ્ય રોકાણકારોના રક્ષણને પ્રાથમિકતા આપવા અને ઇન્ડેક્સ ડેરિવેટિવ્ઝમાં સમાપ્તિ દરમિયાન આક્રમક અટકળોને કાબૂમાં રાખવાનો છે.

ડેરિવેટિવ્ઝ સેગમેન્ટનું ટર્નઓવર હવે સપ્ટેમ્બરમાં હતું તેના કરતાં અડધું છે. તે સમયે, બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી વિક્રમી ઊંચાઈએ પહોંચવાની સાથે સરેરાશ દૈનિક ટર્નઓવર રૂ. ૫૩૭ લાખ કરોડના રેકોર્ડ સ્તરે નોંધાયું હતું.

બેન્ચમાર્ક શેરઆંકો ત્રણ અઠવાડિયા કરતાં ઓછા સમયમાં તેમના ઉચ્ચતમ સ્તરોથી ૧૦ ટકા ઘટયા હતા. બજારમાં તીવ્ર ઘટાડાથી ટ્રેડિંગ વોલ્યુમ પર પણ અસર પડી છે, જે સાવચેતીભર્યા વલણને દર્શાવે છે.

# સરકારને પ્લાસ્ટિક ઉદ્યોગની બજેટમાં જીએસટી ઘટાડવા અપીલ

નવી દિલ્હી: કેન્દ્રના નાણાં પ્રધાન નિર્મલા સીતારામન સાથેની બજેટ પૂર્વેની ચર્ચામાં ઑલ ઈન્ડિયા પ્લાસ્ટિક મેન્યુફેક્ચરર્સ એસોસિએશને (એઆઈપીએમએ)એ ભારતના પ્લાસ્ટિક ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે પ્લાસ્ટિકના કચરા તથા રિસાઈકલિંગ મશીનરી પરનો જીએસટી દૂર કરવાની તેમ જ રિસાઈકલ્ડ પ્લાસ્ટિકના દાણાના રૂપાંતર ખર્ચ પરનો જીએસટી ૧૮ ટકાથી ઘટાડી પાંચ ટકા કરવાની તથા રિસાઈકલિંગ માટે કેપિટલ ઈક્વિપમેન્ટની ખરીદી માટે ૨૦ ટકા સબસિડી પૂરી પાડવાની અપીલ કરી છે.

રિસાઈકલિંગ માટે પ્રોત્સાહન ઉપરાંત એસોસિએશને પ્લાસ્ટિક પ્રોસેસિંગ ક્ષેત્ર માટે ટેક્નિકલ અપગ્રેડેશન ફંડ ઊભું કરવા માટે પાંચ વર્ષ માટે રૂ. ૨૫૦૦ કરોડની ફાળવણી કરી ટેક્સ્ટાઈલ યુટીએફ જેવું માળખું પૂરૂં પાડી પ્લગ ઍન્ડ પ્લે સુવિધાઓનું સર્જન કરવાનો પ્રસ્તાવ પણ મૂક્યો છે, જેથી એમએસએમઈ કામગીરી આસાનીથી શરૂ કરી શકે અને નાના ઉદ્યોગો પર આર્થિક બોજ ઘટવાને કારણે તેઓ ઝડથી વૃદ્ધિ કરી શકે.

# મંદ માગને પગલે ડિસેમ્બરમાં જાહેર થયેલા નવા પ્રોજેકટસમાં ૨૨ ટકા ઘટાડો

મુંબઈ : ૨૦૨૪ના સપ્ટેમ્બર ત્રિમાસિકમાં નવા પ્રોજેકટસ જાહેર થવાની માત્રા વાર્ષિક ધોરણે જે ૬૪ ટકા ઊંચી રહી હતી તે ડિસેમ્બર ત્રિમાસિકમાં ૨૨.૧૦ ટકા જેટલી નીચી જોવા મળી હતી. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (સીએમઆઈઈ)ના ડેટા પ્રમાણે, ડિસેમ્બર ત્રિમાસિકમાં કુલ રૂપિયા ૬ લાખ કરોડના પ્રોજેકટસ શરૂ થયા હતા જે ડિસેમ્બર, ૨૦૨૩માં જાહેર થયેલા રૂપિયા ૭.૭૦ લાખ કરોડના પ્રોજેકટસની સરખામણીએ ઘણાં નીચા છે.

સપ્ટેમ્બર, ૨૦૨૪ના ત્રિમાસિકમાં જાહેર થયેલા પ્રોજેકટસનો આંક રૂપિયા ૭.૨૦ લાખ કરોડ રહ્યો હતો.

નબળી ઉપભોગ માગ તથા દેશના શહેરી વિસ્તારોમાં માગમાં રિકવરીના અભાવ ખાનગી ક્ષેત્ર તરફથી નવા ઈન્વેસ્ટમેન્ટસમાં ઉદાસીનતાના કારણ રહ્યાનું માનવામાં આવે છે.

જો કે કેટલાક રાજ્યોમાં ચૂંટણીને કારણે પ્રોજેકટસ જાહેર થવાની માત્રા ધીમી પડી હોવાનું માનવામાં આવે છે. સરકાર તથા જાહેર ક્ષેત્રની કંપનીઓ તરફથી પ્રોજેકટસ હાથ ધરવાની જાહેરાતો મંદ પડી છે જે મૂડીખર્ચમાં વધારો થવાની અપેક્ષાને નબળી પાડે છે.

રિન્યુએબલ ઊર્જા તથા કેપિટલ ગુડસ ક્ષેત્રમાં અનેક કંપનીઓ રોકાણ કરી રહી છે ત્યારે ઈન્વેસ્ટમેન્ટસ ઊંચુ રહેવાની અપેક્ષા રખાતી હતી. સરકાર તથા ખાનગી ક્ષેત્ર દ્વારા પૂરા કરાયેલા પ્રોજેકટસનું મૂલ્ય પણ અનુક્રમે ૫૭.૧૦ ટકા અને ૪૦ ટકા નીચુ રહ્યું હતું. વર્તમાન નાણાં વર્ષના ત્રીજા ત્રિમાસિકમાં પૂરા થયેલા પ્રોજેકટસની સંખ્યા પણ ૫૨.૬૦ ટકા નીચી રહી છે. એપ્રિલથી નવેમ્બર, ૨૦૨૪ના ગાળામાં કેન્દ્રના મૂડીખર્ચમાં વાર્ષિક ધોરણે ૧૨.૩૦ ટકા ઘટાડો થઈ રૂપિયા ૫.૧૩ લાખ કરોડ રહ્યો છે.

વર્તમાન નાણાં વર્ષના બજેટમાં નિશ્ચિત કરાયેલા રૂપિયા ૧૧.૧૧ લાખ કરોડના ટાર્ગેટને પહોંચી વળવા ખર્ચમાં ઝડપી વધારો થવો જરૂરી છે. નાણાં મંત્રાલયના આર્થિક સ્થિતિ પરના માસિક રિવ્યૂ રિપોર્ટમાં જણાવાયું હતું કે, નાણાં વર્ષ ૨૦૨૫ના પાછલા છ મહિનાના પ્રારંભમાં કેપિટલ ફોરમેશનની વૃદ્ધિ ગતિ પકડી રહી છે.

કેન્દ્ર સરકારના મૂડી ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. માળખાકીય તથા કેપિટલ ગુડસ ક્ષેત્રની કંપનીની ઓર્ડર બુકમાં વધારો થઈ રહ્યો છે.જો કે માર્ચ ત્રિમાસિકમાં પ્રોજેકટસની જાહેરાત તથા તે પેટેના કરાર કરવામાં ઝડપ જોવા મળવાની એક વિશ્લેષકે અપેક્ષા વ્યકત કરી હતી.

# ઈરાન ભારતને ક્રૂડ ઑઈલનું વેચાણ ફરી શરૂ કરવા ઉત્સુક હોવાના સંકેત

નવી દિલ્હી: અમેરિકાએ પ્રતિબંધો મૂક્યા પછી ભારતે ૨૦૧૯ના મધ્યમાં ઇરાન પાસેથી ક્રૂડ ઓઇલની ખરીદી બંધ કરી હતી, પરંતુ હવે ઇરાન ભારતને ક્રૂડ ઓઇલનું વેચાણ ફરી શરૂ કરવા ઉત્સુક હોવાના સંકેત સાંપડી રહ્યાં છે ત્યારે ભારત કેવો અભિગમ અપનાવે છે તેના પર અમેરિકા અને ઓપેક દેસોની નજર છે.

નવી દિલ્હી : ઇરાન ભારતને ક્રૂડ ઓઇલનો પુરવઠો ફરી શરૂ કરવાના પ્રકારો પર વિચાર કરી રહ્યું છે. તે ચાબહાર પોર્ટ દ્વારા પેટ્રો રસાયણ સહિત સમગ્ર બિઝનેસનો વિસ્તાર કરવા ઇચ્છુક છે તેમ ઇરાનના એક વરિષ્ઠ અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું છે.

ઇરાનના અધિકારીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આગામી ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટી તંત્રમાં ઇરાન પ્રત્યે વ્યવહાર પહેલા કાર્યકાળ જેવો રહેવાની સંભાવના નથી કારણકે ચીનની વ્યૂહાત્મક શકિત વધવાની સાથે ભૌગોલિક રાજકારણમા કેટલાક મહત્ત્વપૂર્ણ ફેરફારો થયા છે.

અમેરિકાના પ્રમુખ તરીકેના પોતાના પ્રથમ કાર્યકાળમાં ટ્રમ્પે ઇરાન પર અનેક પ્રતિબંધો મૂક્યા હતાં. ઇરાનના અર્થતંત્ર પર અંકુશ વધારવાની સાથે ૨૦૧૫ની પરમાણુ સમજૂતીથી અમેરિકાએ પોતાને અલગ કરી લીધો હતો. ઇરાનના ક્રૂડ ઓઇલનો પુરવઠો ભારતમાં ફરી શરૂ કરવાને સમર્થન આપતા આ અધિકારીએ જણાવ્યું હતું કે બંને પક્ષોએ એક માર્ગ શોધવાની જરૂર છે.

અમેરિકાએ પ્રતિબંધો મૂક્યા પછી ભારતે ૨૦૧૯ના મધ્યમાં ઇરાન પાસેથી ક્રૂડ ઓઇલની ખરીદી બંધ કરી દીધી હતી. પોતાનું નામ ન આપવાની શરતે ઇરાનના અધિકારીએ જણાવ્યું હતું કે આ મુદ્દે ધ્યાન આપવું જરૂરી છે.

તેમણે પશ્ચિમી પ્રતિબંધ છતાં ભારતે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવાનું ચાલુ રાખવા અંગે જણાવ્યું હતું કે રશિયા અને ઇરાનની વિરુદ્ધ પ્રતિબંધની પરિસ્થિતિઓ અલગ અલગ છે.

આપણે જોવું પડશે કે આ મુદ્દાનો ઉકેલ કેવી રીતે મેળવવો. અમે ભારત માટે કોઇ મુશ્કેલી ઇચ્છતા નથી.

# ઊભરી રહેલી વિદેશ બજારોમાં હાજરી વધારવા ભારત પ્રયત્નશીલ

મુંબઈ : વૈશ્વિક બજારના બદલાઈ રહેલા ગણિતોને ધ્યાનમાં રાખી છ વર્ષ જૂની કૃષિ નિકાસ નીતિની સમીક્ષા કરવા સરકાર વિચારી રહી છે. ભારતની કૃષિ નિકાસ વધારવાના પ્રયાસો જરૂરી હોવાનું સરકાર માની રહી છે.કૃષિ નિકાસ નીતિની સમીક્ષા કરવા પાછળનો હેતુ દેશની કૃષિ જણશોની સ્પર્ધાત્મકતા વધારવા, વૈશ્વિક ધોરણોનું પાલન કરવા તથા વેલ્યુ એડેડ પ્રોડકટસને પ્રોત્સાહન આપવાનો રહેલો છે.

પરંપરાગત ભાગીદારો સાથે નિકાસ સંબંધો જાળવી રાખી સરકાર નવી ઊભરતી બજારોમાં દેશની કૃષિ પેદાશોને સ્થાન અપાવવા માગે છે, એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

બદલાઈ રહેલી બજાર માગને ધ્યાનમાં રાખી કૃષિ નિકાસ નીતિની સમીક્ષા કરવી રહી જેથી નિકાસ ટાર્ગેટસ સિદ્ધ કરી શકાય. નાણાં વર્ષ ૨૦૨૩માં ભારતની કૃષિ નિકાસનો આંક જે ૫૧.૧૨ અબજ ડોલર હતો તે નાણાં વર્ષ ૨૦૨૪માં ઘટી ૪૮.૭૭ અબજ ડોલર જોવા મળ્યો હતો.

વૈશ્વિક માગમાં ફેરબદલ, વેપાર ભાગીદારીમાં વિસ્તરણ તથા કૃષિ ક્ષેત્રમાં ટેકનોલોજીના વિકાસે કૃષિ નિકાસ પદ્ધતિ તથા મથકો પર પ્રભાવ પાડયો હોવાનું સરકાર માની રહી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

# આયાતી કાચા માલ પર નિર્ભર કંપનીઓના માર્જિન પર પણ દબાણ

મુંબઈ : મંદ માગ વચ્ચે ડોલર સામે રૂપિયામાં જોરદાર ઘસારાને પરિણામે વર્તમાન નાણાં વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળાના કંપનીના પરિણામો પણ નબળા જોવા મળવાની ધારણાં મૂકવામાં આવી રહી છે. એટલું જ નહીં ડોલરના સ્વરૂપમાં વિદેશમાંથી ભંડોળ ઊભુ કરી ચૂકેલી કંપનીઓએ વધારાની જોગવાઈ કરવાની આવશે.

ડોલર સામે રૂપિયો હાલમાં ગબડી ૮૫ને પાર જતો રહ્યો છે. સામાન્ય રીતે મોટાભાગની કંપનીઓ પોતાના વિદેશી એકસપોઝરનું હેજિંગ કરી રાખતી હોય છે, પરંતુ લોનની સંપૂર્ણ રકમનું હેજિંગ કરાતું નથી હોતુ અન્યથા કંપનીઓને ઊંચો ખર્ચ ભોગવવાનો આવી શકે છે, એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું. છેલ્લા બે વર્ષમાં ડોલર સામે રૂપિયો લગભગ સ્થિર રહ્યો હતો પરંતુ ૨૦૨૪માં રાજકીયભૌગોલિક ઘટનાક્રમોને કારણે ડોલર સામે રૂપિયામાં અચાનક મોટો ઘટાડો જોવા મળ્યો છે.

રૂપિયામાં ઘસારાને કારણે રિઝર્વ બેન્ક પણ વ્યાજ દર ઘટાડવામાં સાવચેતી ધરાવી રહી છે અને કરન્સી બજારમાં અવારનવાર દરમિયાનગીરી કરે છે.

રૂપિયાના ઘસારાના કિસ્સામાં નિકાસકારોને લાભ થાય છે પરંતુ આયાતકારોને ફટકો પડે છે. ભારત તેની ક્રુડ તેલની ૮૫ ટકા આવશ્યકતા આયાત દ્વારા પૂરી કરે છે.

અમેરિકન ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલે ગયા સપ્તાહની બેઠકમાં ૨૦૨૫ના વર્ષમાં વ્યાજ દરમાં માત્ર બે જ વખત ઘટાડો કરવાના કરેલા નિવેદનને જોતા આવતા વર્ષમાં ડોલર સામે રૂપિયામાં વધુ ઘસારો શકય બની શકે છે એમ પણ વિશ્લેષકે ઉમેર્યું હતું.

ડોલરના સ્વરૂપમાં વિદેશમાં લોન લઈ ચૂકેલા બોરોઅરો માટે રૂપિયાના સ્વરૂપની લાયાબિલિટીસ હાલમાં વધી ગઈ છે, જે તેમની બેલેન્સશીટસ પર દબાણ લાવી શકે છે અને નફાશક્તિ પર અસર જોવા મળવા સંભવ હોવાનું પણ જણાવાયું હતું.

વધુ હેજિંગ કરવાના કિસ્સામાં પણ કંપનીઓએ વધારાની નાણાંકીય જોગવાઈ કરવી પડશે. વર્તમાન નાણાં વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં કંપનીઓના નફામાં સ્થિરતા જોવા મળી હતી.

# અલ્ટ્રાટેકે સ્ટાર સિમેન્ટમાં વધુ ૮.૭ ટકા હિસ્સો મેળવ્યો: કુલ હિસ્સો ૨૧.૮૪ સુધી પહોંચ્યો

નવી દિલ્હી: આદિત્ય બિરલા ગ્રુપની કંપની અલ્ટ્રાટેકે સ્ટાર સિમેન્ટમાં વધારાનો ૮.૭% હિસ્સો લીધો છે. રૂ. ૮૫૧ કરોડની આ ડીલ સાથે, સિમેન્ટ ક્ષેત્રમાં અલ્ટ્રાટેકનો હિસ્સો વધીને ૨૧.૮૪% થયો છે અને તે વિશ્વની ત્રીજી સૌથી મોટી સિમેન્ટ કંપની છે.

જ્યારે અદાણી ગ્રુપ ૧૪.૧૨% હિસ્સા સાથે બીજા સ્થાને છે. આનો અર્થ એ થયો કે આ ઉદ્યોગમાં માત્ર બે કોર્પોરેટ જૂથો પાસે ૩૬% બજાર હિસ્સો છે. ૨૦૨૪ સુધીમાં, આ ક્ષેત્રમાં મર્જર-એક્વિઝિશનની ૧૧ ડીલ કરવામાં આવી છે, જે ૨૦૧૪ પછી સૌથી વધુ છે. તેનું કારણ બે ગ્રુપ વચ્ચે નંબર વન માટેની લડાઈ હોવાનું કહેવાય છે.

અલ્ટ્રાટેક વિશ્વનીની ત્રીજી સૌથી મોટી સિમેન્ટ કંપની છે. અલ્ટ્રાટેકે ૨૦૧૩થી અત્યાર સુધીમાં ૬ સિમેન્ટ કંપનીઓ હસ્તગત કરી છે. હાલમાં તેણે ઇન્ડિયા સિમેન્ટને હસ્તગત કરી છે, જે દેશાની ટોપ- ૧૦ સિમેન્ટ કંપનીઓમાં સ્થાન ધરાવે છે.

અદાણી સિમેન્ટ દેશની બીજી સૌથી મોટી સિમેન્ટ કંપની છે. અદાણી ગ્રૂપ અંબુજા સિમેન્ટ્સ, અઈઈ અને સાંઘી સિમેન્ટ જેવી સિમેન્ટ કંપનીઓ ધરાવે છે. ૨૦૨૨ થી, આ ગ્રુપે ૪ સિમેન્ટ કંપનીઓ હસ્તગત કરી છે.

અદાણી સિમેન્ટ્સનું લક્ષ્ય ૨૦૨૮ સુધીમાં તેની સિમેન્ટ ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૧૪૦ મિલિયન ટન સુધી વધારવાનું છે. હાલમાં તેની ઉત્પાદન ક્ષમતા ૯.૭૪ કરોડ ટન છે, અલ્ટ્રાટેકની ૧૫ કરોડ ટન છે.

આ વર્ષે, બંને દિગ્ગજોએ ૪૦ હજાર કરોડ રૂપિયા ખર્ચ્યા અને ૫ કરોડ ટનથી વધુની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ધરાવતી કંપનીઓને હસ્તગત કરી. વૈશ્વિક ઉત્પાદનમાં ૮% થી વધુ હિસ્સા સાથે, ભારત હવે ચીન પછી બીજા નંબરનો સૌથી મોટો સિમેન્ટ ઉત્પાદક દેશ છે.

# રોકાણકારોની ૧૮૩ ફરિયાદોનું નિરાકરણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બીએસઈએ ડિસેમ્બર ૨૦૨૪માં કંપનીઓ સામેની રોકાણકારોની ૧૮૩ ફરિયાદોનું નિરાકરણ કર્યું છે. ડિસેમ્બર મહિના દરમિયાન, બીએસઈને ૧૨૮ કંપનીઓ વિરુદ્ધ ૧૯૯ ફરિયાદો મળી હતી.

આ જ સમયગાળામાં ૧૨૫ કંપનીઓ સામેની ૧૮૩ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. આ ઉકેલાયેલી ફરિયાદોમાં પાછલા સમયગાળાથી આગળ ખેંચવામાં આવેલી ફરિયાદોનો સમાવેશ થાય છે. સ્મોલ કેપમાંની ૬૫૫ કંપનીઓ વધી, ૨૮૦ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી હતી. સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ. ૧૧,૭૯૮.૩૪ કરોડની ચોખ્ખી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ. ૧૨,૩૬૪.૮૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી.

# ચીનની હાઉસહોલ્ડ વેલ્થમાં ૧૮ ટ્રિલિયન ડૉલરનું ધોવાણ, ઔદ્યોગિક ક્ષમતા માગથી અનેકગણી વધારે

નવી દિલ્હી: ચીનના ઔદ્યોગિક ક્ષેત્રોમાં ઉત્પાદન ક્ષમતા વાસ્તવિક માંગ કરતાં અનેકગણી વધી ગઇ હોવાથી તેની આર્થિક સ્થિરતા પર નકારાત્મક અસર જોવા મળી છે. વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ચીનમાં કોરોના મહામારી સિવાય આંતરિક આર્થિક બાબતોને કારણે પાછલા કેટલાક વર્ષોમાં અનેક મોટા ફટકા પડયા છે.

મંદ સ્થાનિક અને નિકાસ માગ બાદ કોરોના વાયરસને કારણે લોકડાઉન અને એવરગ્રાન્ડેની કટોકટીએ અર્થવ્યવસ્થાને હલાવી નાંખી છે અને ઘરગથ્થુ સંપત્તિમાં ૧૮ ટ્રિલિયન ડોલરના નુકસાનનો અંદાજ મુકાયો છે. ઉપરાંત ત્યાં ફરી કોરોના ફેલાઇ રહ્યો હોવાના અહેવાલો પણ આવતા રહે છે. પાછલા બે દાયકાથી ઝડપી આર્થિક વિકાસનો આનંદ માણનાર ચીન હવે ગંભીર પડકારોનો સામનો કરી રહ્યું છે. વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા પાછલા ચારથી પાંચ વર્ષથી ઈતિહાસના સૌથી મોટા રિયલ એસ્ટેટ બબલના વિસ્ફોટ સાથે ઝઝૂમી રહી છે. ચીનના પ્રોપર્ટી માર્કેટમાં છેલ્લા ત્રણ વર્ષમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. ચીનની સૌથી મોટી રિયલ એસ્ટેટ કંપની એવરગ્રાન્ડેના ડિફોલ્ટ બાદ ૨૦૨૧થી અત્યાર સુધીમાં ચીનની ઘરગથ્થુ સંપત્તિમાં ૧૮ ટ્રિલિયન ડોલરનું નુકસાન થયું હોવાનો અંદાજ છે.

ચોંકાવનારી વાત એ છે કે છેલ્લા ત્રણ વર્ષમાં ચીનમાં ધોવાઈ ગયેલ આ સંપત્તિનો આંકડો ૨૦૦૮-૦૯ની વૈશ્વિક નાણાકીય કટોકટી દરમિયાન અમેરિકાને થયેલા નુકસાન કરતાં પણ વધુ છે. ચીનની અર્થવ્યવસ્થા છેલ્લા કેટલાક વર્ષોથી વધુ પડતા દેવા, વધુ પડતા બાંધકામ અને વધારાની ઉત્પાદન ક્ષમતાના બોજથી દબાયેલી છે. આ સમસ્યાઓ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગંભીર પરિણામો લાવી રહી છે. ચીનની સૌથી વધુ પડતી ટ્રમ્પના આગમન સાથે શરૂ થઈ હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ પદે ચૂંટાયા બાદ ચીને શરૂ કરેલ ટ્રેડ વોર ચીનને ભારે પડયું હતુ.

બાદમાં સ્થાનિક રિયલ એસ્ટેટ માગ મંદ પડતા ચીનની સૌથી મોટી રિયલ્ટી કંપની એવરગ્રાન્ડે ધ્વસ્ત થઈ. માત્ર આ એક જ નહિ અન્ય ઘણી રિયલ એસ્ટેટ કંપનીઓ ભારે દેવાદાર છે અને મિલકતોની માંગનો અભાવ કટોકટીમાં વધુ ઉમેરાયો છે.



રવિવારે વહેલી સવારે ૩૯મી ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા યોજાઈ હતી, ગિરનારના ભવનાથથી ૧૨૦૭ સ્પર્ધકોએ દોટ મૂકી હતી. આ ઈવેન્ટને જોવા મોટી સંખ્યામાં શહેરીજનો ઊમટ્યા હતા. (તસવીર- હરેશ સોની, જૂનાગઢ)

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ભાવનગર ખાતે વાઈબ્રન્ટ ભાવનગર વિઝન-૨૦30 ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઅલ એક્સ્પોની મુલાકાત લીધી

ભાવનગર: સૌરાષ્ટ્ર ચેમ્બર ઑફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ભાવનગરના જવાહર મેદાન ખાતે આયોજિત વાયબ્રન્ટ ભાવનગર વિઝન-૨૦૩૦ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ એક્સ્પોનાં ત્રીજા દિવસે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે એક્સ્પોની મુલાકાત લીધી હતી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ વાઈબ્રન્ટ ભાવનગર વિઝન- ૨૦૩૦ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઅલ એક્સ્પોના વિવિધ સ્ટોલની મુલાકાત લઇને જરૂરી વિગતો મેળવી હતી. આ પ્રસંગે તેમણે સંબોધન કરતાં જણાવ્યું હતું કે, એક સક્ષમ અને વિઝનરી નેતૃત્વના લીધે વિકાસની વાયબ્રન્સીનો કેટલી હદે અને કેટલા સ્કેલ પર વિસ્તાર કરી શકાય તેનું દૃષ્ટાંત આજનો આ વાયબ્રન્ટ ભાવનગર વિઝન-૨૦૩૦ એક્સ્પો છે. તેમણે કહ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઇન્ડસ્ટ્રીઝ, એગ્રીકલ્ચર અને સોશિયલ ત્રણેય સેક્ટર્સમાં વિકાસની વાઇબ્રન્સીનું સુશાસન સ્થાપ્યું છે. તેમના નેતૃત્વમાં ભારત વિશ્વની પાંચમી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે અને હવે મોદી ૩.૦માં ત્રીજી મોટી મહાસત્તા બનાવવાનું એમનું લક્ષ્ય છે.




મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, વડા પ્રધાને મેક ઇન ઇન્ડિયા, મેઇડ ફોર ધ વર્લ્ડના ધ્યેય સાથે આપણા ઉદ્યોગો, એમએસએમ બંનેને આત્મનિર્ભરતા સાથે ક્વોલિટી ઉત્પાદન માટે પ્રોત્સાહિત કર્યાં છે આ માટે પ્રો-પીપલ પોલિસીઝ અને પ્રોગ્રામ અમલી બનાવ્યા છે. ગુજરાતને તો વડા પ્રધાનના આ આગવા વિઝનનો લાભ અઢી દાયકાથી મળતો રહ્યો છે. ૨૦૦૩માં વાયબ્રન્ટ સમિટનું બીજ રોપ્યું હતું.

# ધોરડોનું સફેદ રણ અને 'રોડ ટુ હેવન' જેમ કચ્છના પ્રવાસન વિસ્તારોને ટૂંક સમયમાં 'પ્લાસ્ટિક ફ્રી ઝોન' જાહેર કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભુજ ખાતે ગુજરાતના પ્રવાસન સચિવ રાજેન્દ્રકુમારના અધ્યક્ષસ્થાને કચ્છનાં પ્રવાસન સ્થળોએ સ્વચ્છતા કામગીરીની સમીક્ષા અંગે બેઠક યોજાઈ હતી જેમાં ટુરિસ્ટ હોટસ્પોટ બની ચૂકેલા માંડવી શહેર અને રમણીય બીચ વિસ્તાર સહિત પ્રવાસન સ્થળોનું પ્રાકૃતિક સૌંદર્ય જળવાઇ રહે તે માટે ટૂંક સમયમાં જાહેરનામું બહાર પાડીને આ વિસ્તારોને 'પ્લાસ્ટિક ફ્રી ઝોન' તરીકે જાહેર કરવામાં આવશે. સંબંધિત પ્રાંત અધિકારીઓએ તેમના વિસ્તારમાં આવેલાં પ્રવાસન સ્થળોએ ખાનગી કૉન્ટ્રાક્ટ એજન્સી, નગરપાલિકા અને ખાનગી કંપનીઓના સહયોગથી ચાલી રહેલી સફાઈ કામગીરીની વિગતો પ્રવાસન સચિવને આ બેઠકમાં આપવામાં આવી હતી. ધોરડો, રોડ ટુ હેવન અને પુરાતન નગરી ધોળાવીરાની જેમાં માંડવી બીચ અને તેની આસપાસનો વિસ્તાર, માતાના મઢ, લખપત ફોર્ટ, નારાયણ સરોવર-કોટેશ્વર સહિતના પ્રવાસન સ્થળોમાં હાલમાં ચાલી રહેલી સફાઈ કામગીરીને વધુ આયોજનબદ્ધ કરીને આ પ્રવાસન સ્થળોને સ્વચ્છ બનાવાશે તેમ કચ્છના કલેક્ટર અમિત અરોરાએ જણાવ્યું હતું.

દેશ-વિદેશથી મોટી સંખ્યામાં આવનારા પ્રવાસીઓ દ્વારા પર્યાવરણીય દૃષ્ટિએ સંવેદનશીલ કચ્છના પ્રવાસન સ્થળોએ મહાલવા આવતા પ્રવાસીઓ દ્વારા પ્લાસ્ટિકની બોટલ, કોથળીઓ, તમાકુ-ગુટખાનાં અને નમકીનનાં પડીકાં સહિત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો કચરો ફેંકવામાં ન આવે અને સૌંદર્ય, સ્વચ્છતા અને પર્યાવરણીય પરિસ્થિતિ જાળવવા માટે ટૂંક સમયમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ જાહેરનામું બહાર પાડીને 'પ્લાસ્ટિક ફ્રી ઝોન' જાહેર કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં ધોરડો રણ ઉત્સવ વિસ્તારના સબરસ બસ સ્ટેન્ડથી વોચ ટાવર સુધીના રસ્તા અને તેની બંને તરફનો ૨(બે)-૨(બે)કિ.મી.નો વિસ્તાર, વોચ ટાવરની આસપાસનો સફેદ રણ વિસ્તાર અને 'રોડ ટુ હેવન' કાઢવાંઢથી ધોળાવીરા ગામના એન્ટ્રી પોઈન્ટ સુધીનો માર્ગ અને તેની બંને બાજુના રણ વિસ્તારમાં તથા તેને સંલગ્ન રણમાં ભરાયેલો કચરો ફેંકવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

# પાટીદાર આંદોલનથી સમાજને કશું જ ના મળ્યું માત્ર રાજકીય રોટલા શેકાયા: ઉદ્યોગપતિ કરસનભાઈ પટેલ

અમદાવાદ:ગુજરાતમાં થયેલા પાટીદાર આંદોલન મુદ્દે જાણીતા ઉદ્યોગપતિ કરસનભાઈ પટેલે કહ્યું હતું કે, આ આંદોલનથી સમાજને કશું જ મળ્યું નથી લોકોએ માત્ર રાજકીય રોટલા જ શેક્યા છે. આ આંદોલનમાં માત્ર સમાજના યુવાનો શહીદ થયા છે.

જાણીતા ઉદ્યોગપતિ કરસનભાઈ પટેલે પાટણમાં એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, અનામત આંદોલન કરનારા પાટીદારોના કારણે જ લેઉઆ પાટીદારોની દીકરીને મુખ્ય પ્રધાનનું પદ છોડવું પડ્યું હતું. તેમણે કહ્યું હતું કે, પટેલો જ પટેલોને કાઢે એ શક્ય નથી. આંદોલનકારીઓએ માત્ર રાજકીય રોટલા જ શેક્યા તેનાથી સમાજનો કોઈ ફાયદો થયો નથી. પાટણમાં આયોજિત પાટીદાર સમાજના આ સામાજિક કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા.

કરસનભાઈના નિવેદન બાદ કેટલાક પાટીદાર નેતાઓએ પણ પ્રતિક્રિયાઓ આપી હતી. પાટીદાર નેતા કિરીટ પટેલે કહ્યું હતું કે, કરસનભાઈએ ૧૦ વર્ષ પછી પાટીદાર અનામત આંદોલન વિશે નિવેદન કેમ આપ્યુ? આ આંદોલન બાદ અનેક યોજનાઓનો લાભ મળ્યો અને વિદ્યાર્થીઓને મોટો ફાયદો થયો છે.

મુખ્ય પ્રધાનના પદેથી આનંદીબેનને હટાવ્યાં એવું તે વખતે કેમ ના બોલ્યા. તે ઉપરાંત પાટીદાર નેતા વરૂણ પટેલે પણ કહ્યું હતું કે, કરસનભાઈ પટેલ પાસે આટલી મોટી ઈન્ડસ્ટ્રી છે તો શહીદ થયેલા લોકોના પરિવારને આર્થિક મદદ કેમ ના કરી. શાંત વાતાવરણમાં પલીતો ચાંપ્યો હોય તેવું નિવેદન છે.

આ આંદોલનથી ૧૦ ટકા આર્થિક અનામત મળી છે. આંદોલન વખતે એક નિવેદન આપતા તેમને ડર લાગતો હતો અને ૧૦ વર્ષ બાદ બોલવાની હિંમત આવી છે.

# વેરાવળની વાંદરી ગેંગ સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધાયો

## પોલીસે ૧૪ આરોપીઓની ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથ જિલ્લાના વેરાવળમાં આતંક મચાવનાર વાંદરી ગેંગ સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી હતી. આ ગેંગના લીડર સહિત ૧૪ આરોપીઓને એલસીબી પોલીસે દબોચી લીધા હતાં. આ ગેંગ સામે ૧૦ વર્ષમાં હત્યાનો પ્રયાસ, ગૌ તસ્કરી, રાયોટીંગ, મારામારી, લૂંટ અને મહિલા અત્યાચારના ૧૯૬ જેટલા ગુના નોંધાયા હતા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગીર સોમનાથના વેરાવળમાં આતંક મચાવનાર ગેંગ સામે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ગીર સોમનાથ જિલ્લામાં ખાસ કરીને વેરાવળ પંથકમાં વસીમ ઉર્ફે ભુરો અને શરીફ ઉર્ફે માયો પટણીએ સાગરીતો સાથે મળીને વાંદરી ગેંગ નામની ટોળકી બનાવી અનેક પ્રકારના ગુનાઓ આચરીને ભયનું વાતાવરણ ફેલાવ્યું હતું.આ ટોળકીના સાગરીતો વિરૂદ્ધ કડક કાર્યવાહી કરી અટકાવવાની પરિસ્થિતિ ઉદ્ભવી હતી. આ ગેંગના લીડર સહિત ૧૪ લોકોની ધરપકડ કરીને ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ વધુમાં કહ્યું હતું કે, વાંદરી ગેંગના સાગરીતોએ છેલ્લા દસ વર્ષમાં હથિયારો સાથે રાયોટીંગ, મારામારી, જાનમાલ મિલકત સબંધીમાં લૂંટ, પશુ તસ્કરી, ગૌવંશ હત્યા, પ્રોહીબીશન, હથિયાર ધારા, સરકારી અધિકારી અને કર્મચારીઓની ફરજ રૂકાવટ, ખંડણી, હદપારી ભંગ, સ્ત્રી અત્યાચારના, મોબાઇલ ફોન ઉપર ધાકધમકી આપવાના કુલ-૧૯૬ ગુના આચર્યા હતાં. જેના આધારે ગેંગ સામે ગુજસીટોકનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

# એશિયન પેરા ગેઇમ્સમાં ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ વિજેતા બે દિવ્યાંગ ખેલાડીઓને સરકારી સેવામાં નિમણૂક અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે એશિયન પેરા ગેઇમ્સમાં મેડલ મેળવીને દેશ અને રાજ્યનું નામ રોશન કરનારા બે દિવ્યાંગ ખેલાડીઓની વિશેષ સિદ્ધિને બિરદાવી તેના ગૌરવ સન્માન રૂપે રાજ્ય સરકારમાં વર્ગ ૧ અને વર્ગ-૨ તરીકે નિમણૂક આપવાનો અભિગમ અપનાવ્યો છે.

રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા અમલી ગુજરાત ખેલકૂદ નીતિ-૨૦૧૬ અન્વયે વિશેષ સિદ્ધિ પ્રાપ્ત રમતવીરોને પ્રોત્સાહન આપવામાં આવે છે.

ઓલીમ્પિક, કોમનવેલ્થ અને એશિયન ગેઇમ્સમાં મેડલ પ્રાપ્ત કરનાર ખેલાડીઓને પુરસ્કાર ઉપરાંત રાજ્ય સરકારની વર્ગ ૧ અને વર્ગ-૨ની જગ્યા ઉપર નિમણૂકની ઓફર પણ આપવામાં આવે છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ આ સંદર્ભમાં તાજેતરમાં ૨૦૨૩ની એશિયન પેરા ગેઇમ્સમાં ભારત અને ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને ચેસની રમતમા ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત બે દિવ્યાંગ પ્રજ્ઞા ચક્ષુ ખેલાડીઓને રાજ્ય સેવામાં નિમણૂક આપવાનો નિર્ણય કર્યો હતો.

આ બે દિવ્યાંગ ખેલાડીઓમાં ચોથી એશિયન પેરા ગેમ્સની પુરુષો માટેની ચેસની રમતમાં ગોલ્ડ મેડલ વિજેતા દર્પણ સતીશ ઇનાણી અને એ જ રમતોત્સવમાં મહિલાઓ માટેની ચેસમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરનાર હિમાંશી ભાવેશભાઈ રાઠીનો સમાવેશ થાય છે.

મુખ્ય પ્રધાને પ્રજ્ઞા ચક્ષુ યુવાન દર્પણ સતીશ ઇનાણીને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગરમાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર વર્ગ-૧ તરીકે નિમણૂક આપવાની અનુમતિ આપી હતી.

આ ઉપરાંત ચોથી એશિયન પેરા ગેઇમ્સમાં મહિલાઓ માટેની ચેસની રમતમાં બ્રોન્ઝ મેડલ મેળવનાર પ્રજ્ઞા ચક્ષુ હિમાંશી ભાવેશભાઈ રાઠીને તાલુકા વિકાસ અધિકારી વર્ગ ૨ તરીકે નિમણૂક આપવા મંજૂરી આપી હતી.

# રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ચોથો ઝોન ઊભો કરવા ટેન્ડર પ્રક્રિયા શરૂ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાનગરપાલિકાના બજેટમાં શહેરમાં ચોથો ઝોન ઊભો કરવા માટેની જોગવાઈ કરાઈ હતી. મહાનગર પાલિકાના વધી રહેલા વિસ્તારથી લોકોની સુવિધાઓમાં પણ વધારો થયો હોવાથી શહેરમાં ચોથો ઝોન ઊભો કરવા માટેની કામગીરી શરૂ કરી દેવાઈ છે. જેમાં કોઠારિયામાં સાઉથ ઝોન બનાવીને ત્યાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર અને સિટી ઈજનેરની પોસ્ટ મહાનગર પાલિકા દ્વારા આપવામાં આવશે.

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી આ કામગીરી પૂર્ણ થતાં શહેરમાં વોર્ડ નંબર ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ના પાંચ લાખ કરતા વધુ લોકોને તેનો લાભ મળશે. આ તમામ લોકોએ નાના-મોટા કામ માટે સેન્ટ્રલ ઝોન સુધી ધક્કો નહીં ખાવો પડે. અલગ ડેપ્યુટી કમિશ્નર ઉપરાંત અલગ સિટી ઈજનેર મળવાથી આ વિસ્તારમાં થતા વિકાસ કામો પણ ઝડપી થશે.

રાજકોટ મહાનગર પાલિકા વિસ્તારમાં હાલ સેન્ટ્રલ ઝોન, ઇસ્ટ ઝોન અને વેસ્ટ ઝોન એમ ત્રણ ઝોન આવેલા છે. આ ત્રણેય ઝોનમાં ૧૮ વોર્ડના લોકોને સુવિધાઓ આપવામાં આવે છે. તેમાંથી ચાર વોર્ડ અલગ કરીને કોઠારીયા ઝોન વિકસીત કરવામાં આવી રહ્યો છે. ધારાસભ્ય રમેશ ટિલાળાએ આ માટે સતત રજૂઆતો કરતા ગત બજેટમાં મહાનગરપાલિકા દ્વારા ચોથી ઝોન કચેરી બનાવવા માટે રૂ. ૬ કરોડની જોગવાઈ કરી હતી. હવે જોગવાઈ અનુસાર કામગીરી હાથ ધરી ટૂંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાશે.

સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે, અમે વેસ્ટ ઝોન કે ઈસ્ટ ઝોન જેવી જ સાઉથ ઝોન માટે આધુનિક કચેરી બનાવવા આયોજન કરી લીધું છે અને આ માટે કોઠારીયા ગામ તળ તેમજ ગોંડલ રોડ નજીક ૧૦ હજાર ચો.મી.ના પ્લોટની અધિકારીને સાથે રાખીને સ્થળ મુલાકાત કરવામાં આવશે. આ માટેની દરખાસ્ત બજેટમાં પણ કરવામાં આવી હતી. જે મુજબનું કામ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. સાઉથ ઝોન બનવાના કારણે વિકાસ પણ ઝડપી બનશે.

# જામનગરમાં ક્રેડિટ બુલ્સ ઈન્વેસ્ટમેન્ટના ૨૩ કરોડના કૌભાંડમાં ફરાર આરોપી નેપાળ બોર્ડર પરથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર શહેરમાં અતિ ચકચારી ક્રેડિટ બુલ્સ ઇન્વેસ્ટમેન્ટના ૨૩ કરોડનાં કૌભાંડમાં સંડોવાયલા નાસતા ફરતા એક આરોપીને નેપાળ બોર્ડર પરથી જામનગર પોલીસે ઝડપી પાડ્યો હતો. અગાઉ આ કેસમાં પકડાયેલા પંકજભાઈ વડગામા અને ફરઝાના શેખ હાલ જેલમાં છે.

જામનગર પોલીસમાં શહેરના અતિ ચકચારી ક્રેડિટ બુલ્સ ઇન્વેસ્ટમેન્ટના ૨૩ કરોડનાં કૌભાંડની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં ધવલ સોલાણી અને યશ સોલાણી પોલીસ પકડથી દૂર હતાં. પોલીસે તેમને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, બંને આરોપી વિદેશ ભાગવાની તૈયારીમાં છે. આરોપી યસ સોલાણી પ્રથમ દુબઈ અને ત્યાંથી થાઈલેન્ડ પહોંચી ગયો હતો અને થાઈલેન્ડથી નેપાળ આવ્યો છે. ત્યાંથી તે ભારતમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે.

પોલીસે આ બાતમીને આધારે માહિતી એકત્ર કરીને આરોપી યશને નેપાળની રક્ષોલ બોર્ડરથી પકડી લેવા માટે ટીમ તૈયાર કરી હતી. તપાસમાં ગયેલી ટીમ દ્વારા નેપાળથી ભારતમાં પ્રવેશ કરવાની ચેકપોસ્ટ પર વોચ ગોઠવવામાં આવી હતી. તે દરમિયાન આરોપી નેપાળથી જામનગર આવવા માટે નીકળ્યો હતો. તેને પકડીને પોલીસે તેનું નામ અને સરનામું પૂછતા તેણે પોતાનું નામ યશ સોલાણી છે અને જામનગરનો રહેવાસી છે એમ જણાવ્યું હતું. તપાસ ટીમે તેને તાત્કાલિક પકડી લીધો હતો.

પોલીસે તેની પૂછપરછ કરતાં તેણે ક્રેડિટ બુલ્સ કંપનીમાં એચઆર હેડ હોવાનું જણાવ્યું હતું અને ગુનાની કબૂલાત આપતા તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરીને ધરપકડ કરી હતી. ત્યાર બાદ જીપીઆઇડી સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરતા આરોપીના ચાર દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતાં. અગાઉ આ કેસમાં પકડાયેલા પંકજભાઈ વડગામા અને ફરઝાના શેખ હાલ જેલમાં છે.

# કચ્છના ગોધરાની યુવતીના હત્યારા સાગરને તત્કાળ ફાંસીના માંચડે લટકાવો: ભુજમાં વિશાળ મૌન રૅલી નીકળી

## ફાસ્ટટ્રેક કોર્ટમાં કેસ ચલાવવા સહિતની માગ સાથે કલેક્ટર અને પોલીસ વડાને આવેદનપત્ર અપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગત ૩૦મી ડિસેમ્બરના રોજ કચ્છના માંડવી તાલુકાના ગોધરા ખાતે વહેલી સવારે બસ સ્ટોપ પાસે ઊભીને પોતાની ફરજ પર જવા બસની રાહ જોઈ રહેલી ૨૮ વર્ષીય ગવરી તુલસીદાસ ગરવા નામની નર્સને મોટરસાઇકલ પર આવેલા બે હત્યારાઓ દ્વારા તલવાર અને ગુપ્તી વડે ઘાતકી હત્યા કરવાના રાષ્ટ્રીય સ્તરે ચકચારી બનેલા ગુનાને અંજામ આપનારા એકતરફી પ્રેમી સાગર રામજી સંઘારને તાત્કાલિક ફાંસીની સજાની માગ સાથે ભુજમાં શનિવારે સમાજના લોકોએ એકઠા થઈને મૌન રૅલી યોજીને જિલ્લા કલેક્ટર અને પોલીસવડાને આવેદનપત્ર આપ્યું હતું.



(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

તુંબડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં નર્સ તરીકે ફરજ બજાવતી યુવતીને જાહેરમાં બર્બરતાપૂર્વ રહેંસી નાખવાના ભયાનક હત્યાના બનાવમાં તટસ્થ તપાસ માટે સીટની રચના કરવામાં આવે, ફાસ્ટટ્રેક કોર્ટમાં કેસ ચલાવાય,ખાસ સરકારી વકીલની નિયુક્તી અને મુખ્ય મંત્રી રાહતકોષમાંથી પીડિત પરિવારને ત્વરિત આર્થિક મદદની પણ આ મૌન રેલીમાં એકઠા થયેલા સંત-મહાત્મા સહિતના લોકો દ્વારા માગ કરાઈ હતી. આ રજૂઆત વખતે કચ્છ-મોરબી વિધાનસભા બેઠકના સાંસદ વિનોદભાઈ ચાવડા, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

# લોજિસ્ટિક્સ અને કાર્ગો મુવમેન્ટની કાર્યક્ષમતા માટેના રેન્કિંગમાં ગુજરાત સતત છઠ્ઠા વર્ષે દેશમાં મોખરે

અમદાવાદ: કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪ના વિવિધ રાજ્યોમાં લોજિસ્ટિક્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની ઉપલબ્ધતા, સરકારી મંજૂરી મેળવવાની સુગમતા અને રાજ્યમાં લોજિસ્ટિક્સને પ્રોત્સાહન આપવાના રાજ્ય સ્તરીય પ્રયાસો જેવા વિષયો પર રેન્કીંગ જાહેર કરાયું હતું. લોજિસ્ટિક્સ અને કાર્ગો મુવમેન્ટ માટેની સુગમતા માટેની કાર્યક્ષમતા માટે લીડ્સ રેન્કિંગમાં ગુજરાતે સતત છઠ્ઠા વર્ષે સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જેમાં ગુજરાતે સતત ત્રણ વર્ષથી એચીવર્સ કેટેગરીમાં પણ મોખરાનું સ્થાન મેળવ્યું હતું.

નવી દિલ્હી ખાતે કેન્દ્રીય ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલ તથા કેન્દ્રીય ઉદ્યોગ રાજ્ય પ્રધાન જતીન પ્રસાદ દ્વારા લોજિસ્ટિક્સ ઈઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટ્સ ૨૦૨૪ રિપોર્ટ અને રેન્કિંગ જાહેર કરાયા હતાં. ગુજરાતે અગાઉ લીડ્સ સૂચકાંકમાં વર્ષ ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૧ના વર્ષોમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. છેલ્લા ત્રણ વર્ષથી રાજ્યોને વિવિધ શ્રેણીઓમાં વર્ગીકૃત કરે છે જેમાં એચીવર્સ, ફાસ્ટ મૂવર્સ અને એસ્પાયરર્સ છે, જેમાં એચીવર્સ એ ટોચની શ્રેણી છે. ગુજરાતે સતત ત્રણ વર્ષ ૨૦૨૨, ૨૦૨૩ અને ૨૦૨૪ માટે ટોચની શ્રેણીમાં આ સ્થાન મેળવ્યું હતું.

આ બધામાં મુખ્ય ભાગ સુવિધાઓની ઉપલબ્ધતા અને ગુણવત્તા, રાજ્ય સરકાર દ્વારા લોજિસ્ટિક્સ ક્ષેત્ર માટે આપેલી સહાય અને વ્યવસાય સુગમતાનો રહેલો છે. આ ઉપરાંત ઇનોવેટિવ અને ઉત્તમ પ્રદર્શન કરનારી કંપનીઓને વિવિધ કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવ્યા હતા. ગુજરાત હંમેશાં રોકાણ અને માળખાકીય વિકાસ માટે નીતિ આધારિત અભિગમ અપનાવતું આવ્યું છે જેના પરિણામે ગુજરાત ૨૦૨૧માં લોજિસ્ટિક્સ ક્ષેત્ર-વિશિષ્ટ પૉલિસી ધરાવતા પ્રથમ રાજ્યોમાં સામેલ થયું હતું. ૧૬૦૦ કિલોમીટર લાંબા દરિયાકિનારા સાથે ૪૮ નોન-મેજર પોર્ટ્સ અને કંડલા પોર્ટ સાથે ગુજરાત હંમેશા પોર્ટ અર્થવ્યવસ્થા રહી છે જે ભારતનો ૪૦ ટકા પોર્ટ કાર્ગો હેન્ડલ કરે છે. આ ઉપરાંત, ગુજરાતે એક વ્યાપક લોજિસ્ટિક્સ માળખાકીય મૂલ્ય શ્રેણી વિકસાવી છે જેમાં દૂરસ્થ વિસ્તારો સુધી પહોંચતા પહોળા માર્ગોની જાળવણી, ડીએમઆઈસી, ડીએફસી, એક્સપ્રેસ-વે, પોર્ટ વિકાસ, રેલવે જોડાણ પ્રોજેક્ટ્સ વગેરેનો સમાવેશ થાય છે. પોર્ટ ઓપરેશન્સ એન્ડ ફાઇનાન્સિયલ મેનેજમેન્ટ સિસ્ટમ, વાહન ૪.૦ જેમાં ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં ૨૦થી વધારે ફેસલેસ સેવાઓ, પીએમ ગતિ શક્તિ ગુજરાત, અને ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ જેવા ડિજિટલ ટુલ્સનો સમાવેશ થાય છે.

# અમદાવાદમાં શ્વાસની તકલીફની ઈમરજન્સીના કેસોમાં ૮૩ ટકાનો વધારો: રોજ ૮૯ કેસ નોંધાય છે

અમદાવાદ: ગુજરાતમાં હૃદય સંબંધિત તકલીફોની ફરિયાદો વધવા સાથે શ્વાસની તકલીફોમાં ઈમર્જન્સી કેસોની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે. ૧૦૮ ઈમર્જન્સીના ડેટા પ્રમાણે રાજ્યમાં પ્રથમ વખત શ્વાસની તકલીફના કેસો ૧ લાખથી ૧.૨૪ લાખ પર પહોંચી ગયાં છે. ૨૦૧૮માં નોંધાયેલાં ૬૨૦૩૬થી આ સંખ્યા ૬ વર્ષમાં બમણી થઈ ગઈ છે. અમદાવાદમાં છ વર્ષમાં આ ઈમરજન્સી કેસોની સંખ્યા ૧૭૭૭૮થી ૩૨૫૦૬ પર પહોંચી છે. જેમાં ૮૩ ટકાનો વધારો થયો છે. અમદાવાદમાં રોજ શ્વાસની તકલીફના ૮૯ કેસ નોંધાય છે, જ્યારે રાજ્યમાં દરરોજ શ્વાસની તકલીફના ૩૪૦ કેસ નોંધાય છે. આ પ્રકારના કેસોમાં વાર્ષિક ધોરણે વધારો અનુક્રમે ૩૦ ટકા અને ૩૩ ટકા જોવા મળ્યો હતો. પલ્મોનોલોજિસ્ટ અને ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડૉ. મનોજ સિંઘે જણાવ્યું હતું કે, અમદાવાદ જેવા શહેરમાં સામાન્ય રીતે લોકોમાં શ્વસન માર્ગના ચેપ અને ક્રોનિક અવરોધક પલ્મોનરી રોગ જોવા મળે છે. તેમણે કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૪માં મિશ્ર હવામાનના કારણે દર્દીઓમાં એલર્જીક પ્રતિક્રિયાઓ અને ફ્લૂના કેસોમાં વધારો થયો હતો. શ્વાસ લેવામાં તકલીફ પડવાથી ઘણા લોકોએ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સની મદદ લીધી હતી. લોકોની વધતી જતી શ્વાસની તકલીફ માટે અનેક પરિબળો જવાબદાર છે. હવામાનમાં ફેરફારના કારણે શહેરી વિસ્તારોમાં શ્વસન સંબંધી બીમારીઓ જોવા મળી હતી. જેમાં પ્રદૂષણ પણ એક મુખ્ય કારણ છે. ભારે ટ્રાફિકવાળા વિસ્તારો અથવા ઔદ્યોગિક વિસ્તારોની નજીકમાં રહેતા હોય તે લોકોને શ્વસન રોગો વધુ થાય છે.શ્વાસની તકલીફ ઈમરજન્સીના તમામ કેસો શ્વાસ સંબંધી બીમારીઓ સાથે સંબંધિત હોતાં નથી. અમુક લક્ષણો કાર્ડિયોવેસ્ક્યુલર સમસ્યાઓ સહિત અન્ય રોગોનાં પણ સૂચક હોય છે. સામાન્ય સંજોગોમાં તે યુવાનોને આટલી અસર ન કરી શકે પરંતુ પ્રદૂષણના કારણે ધુમ્મસના સમયગાળામાં લોકોનાં ફ્લૂના ચેપ એટલા સ્તરે વધી જાય છે કે તેને સ્થિર થવા માટે અસ્થાયી રૂપે ઓક્સિજન આપવાની જરૂર પડે છે.